Institute Of Equity and Development

Gujarat Vidyapith, Ahmedabad-09

# “ભરૂચ જિલ્લાના આદિવાસીઓનું આર્થિક વિકાસ દર્શન”

Researcher

Dr. Kanubhai Vasava

Assistant Professor

Department of Gujarati , Mahadev Desai Gramseva sankul,

Gujarat Vidyapith, Sadra

Email: kanuvasava@gujaratvidyapith.org Mo. 9427472876

# અનુક્રમમણિકા


| ક્રમ | પ્રકરણ | પાન નંબર |
|---|---|---|
| 1 | સારાંશ અને ભલામણો | 3 |
| 2 | આદિવાસી વિકાસના અભિગમ | 40 |
| 3 | આદિવાસી અને ભરૂચ જિલ્લાની ઓળખ | 47 |
| 4 | આદિવાસી વિકાસના ક્ષેત્રો | 77 |
| 5 | વિકાસની કાર્યયોજના | 89 |
| 6 | સંદર્ભગ્રંથોની યાદી | 96 |

# 1. સારાંશ અને ભલામણો

પ્રસ્તાવના

ભરૂચ જિલ્લામાં કુલ નવ તાલુકાનો સમાવેશ થાય છે. દરેક તાલુકાનું ભૌગોલિક વિસ્તાર અલગ અલગ છે. એક બે તાલુકાને બાદ કરતા દરેક તાલુકાના આદિવાસીઓની સમસ્યા અલગ અલગ છે. તાલુકા પ્રમાણે આદિવાસીઓની ક્ષમતા અલગ અલગ છે. આથી વિકાસની તરાહ પણ અલગ અલગ હોઈ શકે. તાલુકા પ્રમાણે વિકાસની તરાહો જોઈએ  એ પહેલા વર્તમાન કાયદાઓની અમલવારી અને જુદા-જુદા પ્રોજેટની અમલવારી વિશે ખ્યાલ મેળવી લેવાની જરૂર છે.

## 1.1. શ્રેત્રકાર્ય દરમિયાન સ્થાનિક લોકોના સૂચનો -

- આદિવાસી સંસ્કૃતિને પોષક શિક્ષણ હોવું જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં જિલ્લાપંચાયત સુધીની ચૂંટણી ન હોવી જોઈએ.
- જમીન છે, પરંતું પાણી નથી. પાણી આપી દો. કોઈ યોજનાની જરૂર નથી.
- વિકાસના કામો નક્કી કરવાની સત્તા ગ્રામસભાને આપો.
- ગ્રામસભાએ સૂચવેલા કામોના આધારે ગ્રાંટ ફાળવવી જોઈએ.
- ઉત્પાદનના સંદર્ભમાં બજાર ઉપલભ્ધ થવું જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં સસ્તા અનાજનું વિતરણ સ્થાનિક ખેડૂતો પાસેથી ખરીદીને સ્થાનિક વિસ્તારમાં ખવાતા અનાજ અને પાક થતો હોય તે જ અનાજનું વિતરણ થવું જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં સ્થાનિક આર્યુવેદિક ઓષધીઓને વૈજ્ઞાનિક અભિગમથી વિકસાવવી જોઈએ.
- વિકાસની યોજનાઓ નક્કી કરવામાં સરકારની ભૂમિકા નહિવત હોવી જોઈએ. યોજનાઓ નક્કી કરવાની સત્તા ગ્રામસભાને હોવી જોઈએ. સરકાર માર્ગદર્શક અને સહાયકની ભૂમિકામાં હોવી જોઈએ.
- સ્થાનિક સંસાધનોને અનુરૂપ ઉદ્યોગ નક્કી કરવા જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં સજીવખેતિને પ્રોત્સાહન આપી, તેને અનુરૂપ બજાર પુરૂ પાડવું જોઈએ.

- આદિવાસી વિસ્તારના જંગલોને પર્યાવરણ સંવર્ધનલક્ષી સાથે ઉત્પાદક બનાવવા જોઈએ. તેના ઉત્પાદનમાં આદિવાસીઓના સહિયારી ભાગીદારી હોવી જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં તુવેરદાળ, અડદની દાળ, નાગલીનો લોટ, ચોળી, વગેરે ઉત્પાદનને પ્રોત્સાહન આપી શકાય. અને તેને અનુરૂપ બજાર બનાવી શકાય.

- પર્યાવર્ણને નુકસાન કરનાર ઉદ્યોગો જેવા કે સ્ટોન ક્વોરી, કોલસાની ખાણો જેવી આદિવાસી વિસ્તારમાં ન શરૂ થાય તો સારૂ. આડકતરી રીતે તે આદિવાસીના જીવન વ્યવહાર ઉપર અસર કરે છે.

- જંગલ પેદાશોને લગતા ઉદ્યોગો આદિવાસી વિસ્તારમાં જે તે સ્થળે સ્થાપવા જોઈએ. એ ઉદ્યોગનું માળખું પર્યાવરણને નુકસાન કરનારૂં ન હોવું જોઈએ,

- શોષણમાંથી મુક્ત થાય તે માટે તેમના શિક્ષણ વધે તે માટે પ્રયાસ કરવા જોઈએ. તેમ જ કૌશ્લયવર્ધન શિક્ષણ આપવું જોઈએ.

- ઔધોગિક વિસ્તારની આસપાસ આદિવાસીઓની જમીનનો ભૂગર્ભજળ પ્રદુષિત થઈ રહ્યું છે. તેના નિવારણ અંગે નક્કર આયોજન જરૂરી. આની અસર તેમના આરોગ્ય અને જીવન પર પણ દેખાય છે.

- આદિવાસી વિસ્તારમાં મોટા ડેમ ન બનાવતા નાના નાના ડેમ બનાવી પાણીનું તળ ઊચું લાવી શકાય તેમ છે.

ટૂંકમાં આદિવાસી વિકાસ માટે આદિવાસી માટે બનાવવામાં આવેલ અનેક કાયદાઓ અને હાલમાં ચાલતી અનેક યોજનાઓની અમલવારી વચ્ચે જોડાણનો અભાવ દેખાય છે. આ ક્ષતિઓ દુર કરવાની જરૂર લાગે છે. બધી જ યોજનાઓ અને કાયદાઓ પેસાએક્ટની જોગવાઈ મુજબ કરવામાં આવે તો ટકાવ વિકાસની શક્યતા વધુ દેખાય છે.

વિકાસ એટલે શું ? - ક્ષમતાઓનું પ્રકુલ્લન ક્ષમતાઓને ગતિ આપવી, ક્ષમતાઓને સપોટ આપવો એટલે વિકાસ.

આદિવાસી વિકાસ કેવો હોવો જોઈએ ?

1. આદિવાસી વિકાસ સહભાગી હોવો જોઈએ.

2. એમનું ક્ષમતા વર્ધન એ જ વિકાસ છે.

3. કોઈપણ વિકાસ સ્થાનિક પર્યાવરણના આધારે થઈ શકે.

4. તાલીમ દ્વારા વિકાસ થઈ શકે. (મૂલ્યવર્ધન) દા.ત. સુથારને આધુનિક સાધનો.

5. માર્કેટીંગ માટે નેટવર્ક.

6. આદિવાસી વિકાસ આદિવાસી સંસ્કૃતિના આધારે હોવો જોઈએ.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી નીચે મુજબ વિકાસ કરવો જોઈએ.

- આ વિસ્તારના ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા હોવાથી આદિવાસીઓમાં પ્રતિભામાં પણ અનેક વિવિધતા છે. તેમના રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી જોઈએ.
- આ વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા વિશેષ હોવાથી, પ્રાકૃતિક સંપદાના આધારે તેમનામાં કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ.
- તાલીમ આપનાર કે તાલીમાર્થી સ્થાનિક હોય માત્ર ટેકનિક સપોટ આપવું જોઈએ.
- વિવિધક્ષેત્રોમાં તેમનામાં રહેલી હુન્નર, કલાને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી જોઈએ.
- તેમનામાં રહેલી કલા કે હુન્નરનો ઉપયોગ તેમના જ જીવનામાં વધુ થતો હોય તેવી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી વિકસાવવું જોઈએ. જેથી સ્થાનિક બજાર ઊભુ કરવામાં સરળતા રહે.
- ભરૂચ જિલ્લાના દરેક તાલુકાની સાંસ્કૃતિ વિશેષતા પણ અલગ અલગ છે. આથી આ વિસ્તારમાં વિકાસ કરવા માટે અલગ અલગ ઘટકો બનાવી વિકાસનું માળખું બનાવવું જોઈએ.
- ભરૂચ જિલ્લામાં બોલીભેદ પણ ઘણાં છે. આથી શિક્ષણ સંદર્ભે આ વિવિધતાને પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

## ➢ આદિવાસી વિકાસ અંગેના ભિન્ન ખ્યાલો

- આદિવાસી વિસ્તારમાં માળખાકીય સવલતો ઊભી કરવાથી તેમનો વિકાસ થાય છે.

- આદિવાસી વિસ્તારમાં શિક્ષકો અને શાળા પુરતા પ્રમાણમાં હોવાથી શિક્ષણનું પ્રમાણ વધે છે.

- આદિવાસી વિસ્તારમાં જુદીજુદી યોજનાઓ લાગુ કરવાથી વિકાસ થાય છે.

- સિંચાઈની વ્યવસ્થા કરવાથી વિકાસ થાય છે.

- શિક્ષણથી વિકાસ થાય, છે.

- આદિવાસી વિસ્તારમાં ગમે તેટલી યોજનાઓ દાખલ કરો એમનો વિકાસ થવાનો નથી.

- વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો.

ઉપોરોકત ખોટા ખ્યાલોને ધ્યાનમાં રાખી આદિવાસી વિસ્તારમાં વિકાસ માટે નવી દિશા અને નવા અભિગમો વિશે વિચારવું જોઈએ. નર્મદા જિલ્લામાં વસતા આદિવાસીઓની સાંસ્કૃતિ અને ભૌગોલિક પરિસ્થિતિ જુદી હોવાથી તેના વિકાસનો અભિગમ પણ જુદો હોવો જોઈએ.

- **આદિવાસી વિકાસનો નવો અભિગમ**

  - ભરૂચ જિલ્લામાં વસતા આદિવાસીઓમાં કઈ કઈ ક્ષમતાઓ છે. તેની શોધી તેમની ક્ષમતાઓમાં વૃદ્ધિ કઈ રીતે કરી શકાય તે અંગે વિચારવું જોઈએ.

  - આદિવાસીઓમાં રહેલી ક્ષમતાઓ અનુસાર તાલીમની વ્યવસ્થા કરી શકાય. ટ્રેનીંગ પણ સ્થાનિક વિસ્તારમાંથી જ વધુ ક્ષમતા ધરાવતા હોય તેવા ટ્રેનર દ્વારા અપાવી જોઈએ.

  - આદિવાસી વિકાસમાં માત્ર આર્થિક વિકાસને વધારે પ્રાધાન્ય અપાય છે. તેની જગ્યાએ માનવ વિકાસના સંદર્ભમાં તમામ પાસાઓને ધ્યાનમાં રાખી વિકાસના અભિગમો વિચારવા જોઈએ.

  - આદિવાસી વિસ્તારમાં વિકાસના કામો, યોજનાનું સ્વરૂપ, યોજનાનો સમયગાળો નક્કી કરવાની સત્તા ગ્રામસભાને આપવી જોઈએ.

  - યોજનાઓનુ નિર્માણની સાથે તેનું સંચાલન પણ એજન્સીને આપવા કરતા સ્થાનિક સમિતિ જ કરે તે જરૂરી છે. સુચારું સંચાલન માટે સ્થાનિક સમિતિને તાલીમ આપી તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય.

- આદિવાસી વિસ્તારમાં આર્થિક સહાય કરતા તકનિકી સહાય, કૌશલ્યવર્ધન માટે તાલીમની સહાય, બજારની સહાય આપી તેમનામાં આત્મવિશ્વાસ ઊભો કરવાની જરૂર છે. તે દ્વારા આત્મનિર્ભરની દિશામાં લઈ જવું જોઈએ.
- વ્યક્તિગત યોજનાઓ કરતા સામૂહિક યોજનાઓ પર વધારે ભાર મુકાવો જોઈએ.

➢ **સામાજિક- સાંસ્કૃતિક વિકાસ**

ભરૂચ જિલ્લામાં પરંપરાગત ખવાતા ખોરાકનનું પ્રોટીનની દૃષ્ટીએ તપાસ કરી. પ્રોટીનવાળા ખોરાકનું જતન કરવું જોઈએ. તે માટે પરંપરાગત અનાજ બેંકની સગવડ ઊભી કરવી જોઈએ. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવું જોઈએ. ખેતી આધારિત અને જંગલમાંથી મળી રહેતા કુદરતી ખોરાકના શ્રોતને સંવર્ધન કરવું જોઈએ. ખોરાક પકવવાની રીત, સાચવવાની રીતમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય. પરંપરાગત સામાજિક માળખાને ટકાવી રાખવા પ્રયાસો કરવા જોઈએ. સામાજિક માળખાને તોડનાર પરિબળોને શોધીને એવા પરિબળોને આદિવાસી વિસ્તારમાં ન પ્રવેશે તેની કાળજી રાખવી જોઈએ. સંયુકત કુટુંબ, સામૂહિક કાર્ય, સામૂહિક ઉત્સવો, પરંપરાગત ઉત્સવો, પરંપરાગ નૃત્યો, પારંપારિક પૂજા-અર્ચના, વગેરેને પ્રોત્સાહન આપી સંવર્ધન કરવું જોઈએ. એમાં રહેલા દુષણો સામે સ્વસમજ કેળવવાવી સ્વયં દુર કરે તેવા પ્રયાસ કરવા જોઈએ. આ દુષણો દુર કરવા તેમના જ સમુદાયના વડીલો નેતૃત્વ કરે તેવા પ્રયાસો કરવા જોઈએ.

➢ **શૈક્ષણિક વિકાસ**

આદિવાસી સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણ અપાવું જોઈએ. જેથી બાળક પોતાની સંસ્કૃતિથી દુર ન ભાગે. પોતાની સંસ્કૃતિને સન્માનથી જોતા શીખે. પરંપરાગત કલાઓનું જ્ઞાન બાળકને શાળામાં જ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. પ્રાથમિક શિક્ષણ સ્થાનિક ભાષામાં ત્યારબાદ ક્રમશ રાજ્યભાષા, રાષ્ટ્રભાષા અને આંતરરાષ્ટ્રીયભાષામાં જ્ઞાન પ્રાપ્ત થાય તેવું માળખું ગોઠવવું જોઈએ. આદિવાસી વિસ્તારમાં ઉપયોગી બને તેવા પ્રવાહ અને કૌશલ્યવાળું પણ શિક્ષણ મળે તેવી જોગવાઈ કરવી જોઈએ.

➢ **વ્યવસાયિક કળા – કૌશલ્યોનો વિકાસ**

ભરૂચ જિલ્લાના આદિવાસીઓ પાસે પ્રાપ્ત ચિત્રકલા, કાષ્ઠકલા, હસ્તકલા, લોકશિલ્પ, લોકનૃત્યકલા, વાંસકલા, રસોઈકલા, રમતકલા, માટીકલા, આદિવાસી ટેકલોલોજી - મકાન બનાવવાની ટેકનોજી, ખેતી કરવાની ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની ટેકનોજી, શિકાર કલા, દારૂબનાવવાની

કલા, મોતીકલા, લોકકસબ, ઉર્જા શક્તિની ટેકનોજી, ગીલોલ, ગોફણકલા, વગેરે કલાઓને વ્યવસાયિકરણ થાય તે માટે જરૂરી તકનિકી સહાય અને બજાર ઉપલબ્ધ કરાવવું જોઈએ.

- **પરંપરાગત ક્ષમતાઓનો વિકાસ**

ભરૂચ જિલ્લાના આદિવાસીઓ પાસે પ્રાપ્ત ચિત્રકલા, હસ્તકલા, લોકશિલ્પ, લોકનૃત્યકલા, વાંસકલા, રસોઈકલા, પરંપરાગત આદિવાસી રમતકલા, માટીકલા, વગેરે કલાને પ્રોત્સાહન આપી શકાય. તેમ જ વિવિધ તાલીમાંનું આયોજન કરી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકાય. આદિવાસીઓ પાસે પરંપરાગત ઘણી ટેકલોલોજી છે. જેમકે – પરંપરાગત મકાન બનાવવાની ટેકનોજી, ખેતી કરવાની ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની ટેકનોજી, વગેરે ટેકનોલોજીઓને વૈજ્ઞાનિક અભિગમ આપી વિકસાવી શકાય. આ બધી જ કલાઓના વિકાસમાં એ ધ્યાન રાખવું પડશે કે એમાં સંપોષિતતા સાચવવી જોઈએ. એ વિકાસમાં આદિવાસી સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખવું પડશે.

- **સામૂહિક જીવનશૈલીનો વિકાસ**

આદિવાસીઓની પરંપરાગત જીવનશૈલી વિકસે તે માટે પાંચમી અનુસૂચિને વધારે મજબુત રીતે અમલવારી કરી શકાય. સામાજિક સંગઠનો મજબુત થાય, રાજકીય નેતૃત્વ વધે તે માટે પ્રયાસ કરવા જોઈએ. પરંપરાગત રૂઢિપ્રથાને અમલી બનાવવા જોઈએ

- **સ્વાલંબન વિકાસ**

આદિવાસીઓ વ્યક્તિગત પણ સક્ષમ બને તે માટે તેને જાતે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરી શકે તેવા સક્ષમ બનાવવા જોઈએ. આદિવાસીઓમાં સાહસ, નેતૃત્વના ગુણો છે, તેને વધુ ખીલવવા જોઈએ. પ્રાથિક જરૂરિયાતોના સંદર્ભમાં સ્વલંબન બને તેવી જીવનશૈલીને પ્રોત્સાહન આપવું જોઈએ. તે માટે યોગ્ય માળખું એમની પરંપરામાંથી પસંદ કરી મુકી શકાય.

## 1.2.2. આદિવાસી અને ભરૂચ જિલ્લાની ઓળખ

- **ઐતિહાસિક - રાજકીય સંસ્કૃતિ**

પૌરાણિક અને એતિહાસિક કાળમાં ભરૂચ વિવિધ નામે ઓળખાતું રહ્યું. નર્મદા પુરાણના રેવાખંડમાં જણાવ્યા મુજબ ભૃગુ ઋષિએ 'કૂર્મ' અથવા 'કચ્છ' (કાચબો)ની પીઠ ઉપર એક નગરની સ્થાપના કરી અને તે નગર ભૃગુકચ્છ નામે ઓળખાયું. મત્સ્યપુરાણમાં "ભારુકચ્છ'નો ઉલ્લેખ મળે છે. એજ પ્રમાણે બ્રહ્માંડ, વાયુ, વામન અને માર્કંડેય પુરાણોમાં પણ ભારુકચ્છનો ઉલ્લેખ મળે છે.

૧૯૫૬માં રાજ્યોની પુનઃરચના થઈ અને વિદર્ભ, મરાઠવાડા, સૌરાષ્ટ્ર અનેકચ્છના વિસ્તારો સાથે બૃહદ દ્વિભાષી રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે ૧લી મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યનું વિભાજન થયું તથા ગુજરાત અને મહારાષ્ટ્રના અલગ રાજ્યો રચવામાં આવ્યા, તે તારીખથી ભરૂચ જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો. ભરૂચ જિલ્લામાં જંબુસર, આમોદ, વાગરા, ભરૂચ, ઝઘડિયા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા અને નેત્રંગ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે

- **જિલ્લાનું ભૌગોલિક પરિચય**

ભરૂચ જિલ્લાની ઉત્તરે વડોદરા જિલ્લો, દક્ષિણે સૂરત જિલ્લો, પૂર્વમાં નર્મદા જિલ્લો તથા પશ્ચિમમાં દરીયાકાંઠા(ખંભાતનો અખાત) નો વિસ્તાર આવેલો છે. જિલ્લાની નદીઓમાં નર્મદા, કીમ, કાવેરી અને ઢાઢર છે. ભરૂચ જિલ્લાનો પૂર્વ પટ્ટી વિસ્તાર અને તેમાં પણ ઝઘડિયા તાલુકાનો કેટલોક ભાગ ડુગરાળ છે. બાકીનો ભાગ સપાટ અને સમતળ વિસ્તાર છે.

- **જિલ્લાનું વહીવટી માળખુ**

ભરૂચ જિલ્લામાં કુલ 662 ગામો આવેલાં છે. જેમાં 545 ગ્રામપંચાયત છે. જેમાંથી 75 જૂથ ગ્રામપંચાયત અને 470 સ્વતંત્ર ગ્રામપંચાત છે. જેનું વિવરણ તાલુકા પ્રમાણે નીચે પ્રમાણે છે.

- **જિલ્લાની સામાન્ય અને વસ્તીવિષયક રૂપરેખા**

ભરૂચ જિલ્લામાં જ્યાં આદિવાસીની વસતિ વધારે છે ત્યાં વસતિ વૃદ્ધિ દર ઓછો છે.જે એક રીતે સારી બાબત છે. તેના પાછળનું કારણ જાગૃતિ જણાય આવે છે. અથવા તો તે પાછળના ચોક્કસ કારણો શોધવા રહ્યા. નેત્રંગ તાલુકાની સ્થિતિ અંગે માહિતિ પ્રાપ્ત ન હોવાથી તે અંગે ચોક્કસ તારણ બાંધી શકાય તેમ નથી.

- **તાલુકા પ્રમાણે વિસ્તાર અને જાતિવાર આદિવાસીની વસતિ**

ભરૂચ જિલ્લામાં આદિવાસીઓની સૌથી ઓછી વસતિ જંબુસર તાલુકામાં છે. જંબુસર તાલુકામાં તાલુકાની કુલ વસતિ સામે 10.35 ટકા વસતિ આદિવાસીઓની છે. ભરૂચ તાલુકામાં 17.99 ટકા, અંકલેશ્વર તાલુકામાં 23.56 ટકા, વાગરા તાલુકામાં 25.02 ટકા, આમોદ તાલુકામાં 27.68 ટકા, હાંસોટ તાલુકામાં 32.62 ટકા, ઝઘડિયા તાલુકામાં 61.89 ટકા, વાલિયા તાલુકામાં 77.31 ટકા અને નેત્રંગ તાલુકામાં 86.73 ટકા વસતિ છે. આદિવાસી વિસ્તારમાં પણ હવે ઝઘડિયા, વાલિયા, નેત્રંગ જેવા વિસ્તારો શહેર તરીકે વિકસી રહ્યા છે. જે આવનારા સમયમાં વધુ માઠી અસર પહોચાડી શકે તેમ છે. ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકાનમાં તાલુકામાં આદિવાસીની વસતિ વધારે છે. તેમ જ આજ

તાલુકમાં જંગલનું પ્રમાણ પણ વધારે છે. આથી આ વિસ્તારમાં જંગલ આધારિત વિકાસની તકો વિચારવી જોઈએ. આદિવાસી બહુલ વસતિ ધરાવતા તાલુકાઓમાં સામન્ય રીતે પણ વિકાસની ગતિ ધીમી જણાય છે. આથી વધુ વસતિ ધરાવતા આદિવાસી તાલુકામઓમાં વિશેષ ધ્યાન આપવાની જરૂર લાગે છે.

- **શિક્ષણ અને શિક્ષણની સુવિધા**

દશમાં અને બારમાં ધોરણનું પરિણામ જોતા શિક્ષણની ગુણવત્તા સંદર્ભે વિચારવાની જરૂર છે. ફિલ્ડવર્ક દરમિયાન ધો- 10 પછી ડ્રોપઆઉટનું પ્રમાણ વધુ જણાય છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આનું પ્રમાણ વધારે જણાય છે. તેનું કારણ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. કોમર્સ અને સાયન્સ પ્રવાહમાં આદિવાસી બાળકો દાખલ થાય તેના માટે ખાસ કાર્યક્રમો કરવાની જરૂર લાગે છે. આ પ્રકારનું શિક્ષણ તેમના કૌશલ્યમાં વૃદ્ધિ કરી શકે તેમ છે. આદિવાસી માતૃભાષામાં શિક્ષણ સંદર્ભે પણ વિચારવું રહ્યો. તેની અસર તેમના વિકાસ પર થઈ શકે તેમ જણાય છે. આદિવાસી વિસ્તારની અંદર જે શાળાઓ મર્જ કરવામાં આવી રહી છે. તેની અસર બાળકોની ડ્રોપઆઉટની સંખ્યામાં વધારો થવાની સંભાવના રહેલી છે. તથા ચોમાસા અને શિયાળા જેવી ઋતુમાં ઘરથી અંતર વધતા બાળકોની હાજરી પર પણ અસર થઈ શકે છે.

- **આરોગ્ય અને આરોગ્યની સુવિધા**

આરોગ્યની સુવિધામાં ઉણપ જણાય છે. આખા જિલ્લામાં સરકારી માત્ર એક હોસ્પિટલ છે. તાલુકા પ્રમાણે એક હોસ્પિટલ હોવી જરૂરી છે. હાલની સ્થિતિએ જોઈએ તો જિલ્લામાં 4892ની વસતિએ એક દવાખાનું છે. જે આપણને એક દૃષ્ટિએ બરાબર લાગે. પરંતુ સોળ લાખની વસતી સામે માત્ર સંપૂર્ણ સુવિધા વાળી એક જ હોસ્પિટલ એ યોગ્ય સુવિધા નથી. આદિવાસી વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની મુશ્કેલી છે. જેથી 108ની સુવિધાનો લાભ લઈ શકતા નથી. જ્યાં નેટવર્કની વ્યવસ્થા નથી ત્યાં મોબાઈલ ટાવર અંગે અથવા વૈકલ્પિક વ્યવસ્થા વિચારી શકાય. જેથી દરદીને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી શકે.

- **શ્રમશક્તિનું વર્ગીકરણ**

ભરૂચ જિલ્લાની કુલ વસતિના 526541 (33.95 ટકા) મુખ્ય કામદારો છે. તેમાં 423884 પુરુષ કામદારો છે. અને 102657 સ્ત્રી કામદારો છે. સિમાંત કામદારો 100583 છે. જેમાંથી 45035 પુરુષો અને 55548 સ્ત્રી કામદારો છે. કામ નહી કરનારાઓમાં આદિવાસીઓની પ્રમાણમાં વધારે વસતી છે, એવા ઝગડિયા તાલુકામાં 54.90 ટકા લોકો છે. કામ કરવાથી કે કામ મળવાથી વિકાસ થઈ જતો નથી. પરંતું

કામ કેવા પ્રકારનું છે ? મહેનતાણું કેટલું મળે છે ? ખર્ચ કેટલો થાય છે ? કામ કયું છે ? આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. કામ નહી કરનારની સંખ્યા ભરૂચ, અંકલેશ્વર અને વાગરામાં સૌથી વધુ છે. આજ તાલુકામોમાં ઔધોગિક એકમો પણ વધુ છે. આપણે કહી શકીએ કે જિલ્લાના હજું 59.57 ટકા લોકો કામથી વંચિત છે. એ માટે યોગ્ય માળખું ઊભું કરવાની જરૂર લાગે છે.

- **ટપાલ અને બેંક**

ટપાલ અને બેંકની સુવિધા આદિવાસી વિસ્તારમાં ખૂબ જ નબળી છે. આખા જિલ્લામાં 391 ટપાલ કચેરીઓ છે. જેમાં પણ મુખ્ય કચેરી માત્ર 1 છે. અને પેટા કચેરી 46 છે. ભરૂચ જિલ્લામાં કુલ વસતિ 1551019 છે. તેની સામે મુખ્ય પોસ્ટ ઓફિસ તો માત્ર 1 છે. અને પેટા કચેરી 46 છે. બાકીની 344 શાખાઓ છે. જે માત્ર ટપાલ વહેચવાનું કામ કરે છે. આજે આપણે જાણીએ છીએ તેમ આદિવાસીઓની દરેક પ્રકારની યોજનાઓના નાંણા અંગેનો વ્યવહાર બેંક અથવા પોસ્ટના ખાતા દ્વારા કરવામાં આવે છે. ટપાલ વહેંચવાની વાત કરીએ તો પણ 3967 વ્યક્તિએ એક શાખા છે. આ દરેક વ્યક્તિને ન્યાય આપવા માટે પુરતી વ્યવસ્થા નથી. જો નાણાં વ્યવહારની દૃષ્ટિએ વિચારીએ તો પોસ્ટની 47 કચેરીઓ અને બેંક 303 મળીને કુલ 350 કચેરીઓ નાંણાં વ્યવહાર માટે છે. પરંતુ તેમાંથી 175 બેંકો તો શહેરમાં છે. ગ્રામ્ય કક્ષાએ તો માત્ર 128 છે. વસતિ સંખ્યા પ્રમાણે જોઈએ તો પણ 5118 વ્યક્તિએ એક બેંક છે. આથી બેંકીંગ અને ટપાલ સેવા અંગે આદીવાસી વિસ્તારમાં વિશેષ ધ્યાન આપવાની જરૂર લાગે છે. નાણાં સરળતાથી નજીકમાંથી મેળવી શકે તેવું આયોજન કરવાની જરૂર લાગે છે. ટપાલ વ્યવસ્થામાં જે શાખાઓ છે. તેને દરેકને બેંકમાં પરિવર્તન કરી બેંક જેવી સુવિધાઓ ઊભી કરી શકાય. હજી વધુ શાખાઓ ઊભી કરી બેંકીંગ અને ટપાલ વ્યવસ્થા સરળ બનાવવાની જરૂર લાગે છે.

- **પશુપાલન**

પશુપાલનનો વ્યવસાય આદિવાસી વિસ્તારમાં વધુ ઉપકારક બને તેમ છે. કારણકે આદિવાસી વિસ્તારમાં જંગલ વિસ્તાર વધું હોવાના કારણે પુરતો ઘાસ ચારો મલી રહે છે. ભરૂચ જિલલ્માં પણ જંગલનો વિસ્તાર વધુ છે. આથી ત્યાં પશું પાલન વધુ શક્ય છે. પરંતુ એક મુશ્કેલી આ વિસ્તારમાં એ પણ છે કે આ આદિવાસી વિસ્તારમાં વિસ્થાપિતોની સંખ્યા પણ વધુ છે. આ વિસ્તારમાં ચારથી છ માસ રોજગારી માટે સ્થળાંતર પર વધુ થાય છે. શિક્ષણનો પ્રશ્ન અને પશુપાલનનો પ્રશ્ન આદિવાસી માટે સરખો બની રહે છે. પશુપાલન હોય બાળકને શિક્ષણ આપવાનું હોય એક વ્યક્તિએ તો બારેમાસ ઘરે રહેવું જ પડે. તો જ પશુપાલન કે શિક્ષણ શક્ય છે. પશુપાલનમાં કરવામાં કેટલીક મર્યાદાઓ આદિવાસી વિસ્તારમાં નડે છે. જેમ કે પશુપાલ જેની પાસે ખેતીની જમીન હોય એને પુરક વ્યવસાય તરીકે વધુ અનુકુળ આવે છે. બીજા માટે દૂધ આપે ત્યાં સુધી અનુકુળ વ્યવસાય બની રહે છે. બાકીના સમયમાં

બોજારૂપ બની રહે છે. ઘણાં બધા આદિવાસી કુટુંબો રોજગારી સહપરિવાર સ્થળાંતર કરે છે. અથવા કામ કરવા માટે દરરોજ જાય છે. આવા સંજોગોમાં ટંકે લાવીને ખાનારા કુંટુંબો માટે પશુપાલન પરવડે એમ નથી.

- **મત્સ્ય ઉદ્યોગ**

આદિવાસી વિસ્તારમાં જે નાના ડેમ છે. તેમા બારેમાસ પાણી રહે તેવું આયોજન કરી મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. આદિવાસી વિસ્તારમાં ઘણાં ઓછા લોકો એકથી વધારે યોજનાનો લાભ લઈ જાય છે. જેના કારણે ઘણી અસમાનતા જોવા મળે છે. આ અસમાનતા તરફ ધ્યાન આપવાની જરૂર લાગે છે. ભરૂચ જિલ્લામાં આવેલ દરીયા, વલી, ભાંગોરીયા, કોયલી માંડવી ધોલી ખામ જેવાનાના ડેમો કે જ્યાં પાણીની વ્યવસ્થા બારેમાસ રહી શકે તેમ છે. તેવા પાણીવાળા વિસ્તારોને બ્લોકમાં વહેચી આસપાસ ગામના લોકોની મંડળી બનાવી જુદી જુદી મંડળીને બ્લોકની વહેંચણી કરી મત્સ્ય ઉદ્યોગ માટે પ્રોત્સહન આપી શકાય. આખા જિલ્લામાં નર્મદા જેવી વિશાળ નદી હોય, વિશાળ દરિયા કિનારો છે. આ તમામ ક્ષેત્રોનો ઉપયોગ કરી મત્સ્ય ઉદ્યોગની સાથે આદિવાસીઓને જોડી શકાય.

- **ખનીજ**

ભરૂચ જિલ્લામાં બ્લેક સ્ટ્રેપ, સાદી રતી, સાદી માટી, ગ્રેવલ જેવા ખનીજ મળી આવે છે. એ ઉપરાંત લીગ્નાઈટ, સીલીકાસેન્ડ, બોલકલે તથા અગેટ મોટી માત્રામાં મળી આવે છે. નેત્રંગ, ઝઘડિયા અને વાલિયા તાલુમાં ચાલતી સ્ટોન કવૉરી આવનારા સમયમાં પર્યાવરણની રીતે મોટું નુકશાન પહોંચાડી શકે તેમ છે. રેતી ખનને કે માટી ખનનને પણ રોકવાની જરૂર છે. હાલમાં ભરૂચ જિલ્લામાં ખૂબ જ મોટી માત્રામાં ઔધોગિક એકમો છે. તેવા સંજોગોમાં હવે પછી પર્યાવરણ સંવર્ધન કરીને જે ઉદ્યોગો સ્થાપી શાકાય તેવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ. રોજગારીને ખ્યાલમાં રાખીને ભરૂચ, અંકલેશ્વર, વાલિયા, ઝઘડિયા, વાગરા શહેરની આસપાસ અને ખાસ કરીને આદિવાસી વસવાટની આસપાસ જે ઉદ્યોગો સ્થપાય રહ્યા છે. તે આવનાર સમયમાં ભરૂચ જિલ્લાની જળ, જમીન અને જંગલ – આ ત્રણે સંપત્તિને નુકસાન પહોંચાડી શકે છે. આ ઉપરાંત ખનીજ ખનનની જે પ્રક્રિયા ચાલે છે. તે પણ આદિવાસીના સર્વાંગી વિકાસ ઉપર અસર પાડી શકે છે. આદિવાસીઓની સાંસ્કૃતિક વારસાને પણ નુકસાન કરી શકે છે.

- **સહકાર – બજાર વ્યવસ્થા**

આદિવાસી સંસ્કૃતિ સહકારી પદ્ધતિ પર વિકસી છે. આથી સહકારી વિકાસ અને વધું અનુકુળ આવે તેમ છે. સહકારી પદ્ધતિએ વિકાસ કરવાથી સર્વાંગી વિકાસ કરી શકાશે. સહકારી વિકાસ કરવા માટે

આદિવાસી સંસ્કૃતિના મૂલ્યો અને આદર્શોને કેન્દ્રમમાં રાખવા પડશે. આદિવાસી વિસ્તારમાં આપ જોઈ શકો છો કે ખેતી અને બિનખેતી વિષયક 156 જેટલી  ધિરાણ મંડળીઓ ભરૂચ જિલ્લામાં છે. ધિરાણ મંડળીઓ વ્યક્તિ ધિરાણને પ્રાધાન્ય આપે છે. ધિરાણ એજ લઈ શકે જેની પાસે એવી ક્ષમતા હોય કે ધિરાણ પરત કરી શકે છે.  આથી અ પદ્ધતિ પણ અસમાનતાને પ્રોત્સાહન આપે છે. આથી આદિવાસી વિસ્તારમાં સહકારી સંસ્થાઓ હોવી એ સારી નિશાની છે. પરંતું એ સંસ્થાઓ ધિરાણ માટે નહી પણ સહાય માટે હોવી જોઈએ. આર્થિક લેવડ-દેવડની જગ્યાએ આ સંસ્થાઓ ખેતીના લગતા સાધનો વસાવી સાધનો ખેડુતોને પુરા પાડી, પડતર ભાડું વસુલી શકાય. બીજ બેંક, કૃષિ સાધન બેંક, કૃષિ ખાદ બેંક, આ પ્રકારની સુવિધાવાળી સહકારી સંસ્થાઓ હોવી જોઈએ. અહી કૃષિ માટે દર્શાવેલી સહકારી સંસ્થાઓ તો સરવાળે આદિવાસીઓને વધારે દેવા તરફ ધકેલવામાં મદદ કરે તેમ છે. આથી આવી સહકારી સંસ્થાઓ તાત્કાલીક બંધ થવી જોઈએ.

### 1.2.3. આદિવાસી વિકાસના ક્ષેત્રો

આદિવાસીઓને તેમની જીવજરૂરિયાતની તમામ સામગ્રી એમને કુદરત પાસેથી મળી રહેતી હતી. ધીરે ધીરે બાહ્ય લોકોના સંપર્કો વધતા ગયા તેમ તેમ તેમના જીવનમાં દખલગીરી પણ વધતી ગઈ. એમના જીવનનિર્વાહના શ્રોત પર બીજા સમુદાયોનું આક્રમણ વધતું ગયું. ધીરે ધીરે આદિવાસી સમુદાય પોતાના મૂળ જીવનનિર્વાહના પ્રદેશમાંથી વિસ્તાપિત થતો ગયો. અથવા તો જીવનનિર્વાહના કુદરતી શ્રોત મર્યાદિત થતા ગયા. આથી એમનું જીવન સંઘ્ષમય બનતું ગયું. આઝાદી પહેલા અંગ્રેજો અને આઝાદી પછી સરકારી નિતિઓનો ભોગ આદિવાસી બનતો આવ્યો છે. આદિવાસોઓના ઇતિહાસ, જીવનશૈલી અને સંસ્કૃતિને જોતા આદિવાસીઓનો વિકાસ જળ, જંગલ અને જમીનથી અલગ કરી અશક્ય છે. તેમની પાસે કુદરત પાસે, કુદરત સાથે અને કુદરતને સમજીને જીવવાની આવડત ટકી રહી છે. હજી બહું દુર નથી ગયા એ પહેલા વિકાસની નવી પરિભાષા ઊભી કરવાની જરૂર લાગે છે.

- **આદિવાસી અને જંગલ**

આદિવાસી અને જંગલ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. આદિવાસીઓનું નિવાસસ્થાન જંગલ રહ્યું છે. જંગલ આદિવાસીઓના જીવન જરૂરિયાતની વસ્તુઓના તમામશ્રોત પુરા પાડે છે. આદિવાસીની જીવનશૈલી પણ વનઆધારિત જોવા મળે છે. વન વિશેનું પરંપરાગત જ્ઞાન એમની પાસે છે.  આથી આ વિસ્તારના આદિવાસીઓનો વિકાસ જંગલ આધારિત શ્રોતને ધ્યાનમાં રાખી વિકાસની પરિકલ્પના કરવી જોઈએ. જંગલ વિસ્તારમાં વસતા આદિવાસીઓ પાસે જંગલ આધારિત પરંપરાગત કૌશ્લ્યો છે. તે કૌશલ્યોની ક્ષમતામાં વધારો કરી વિકાસ કરી શકાય તેમ છે. આથી નીચે મુજબના ઉદ્યોગો કરી શકાય.

- બીડી વાળવાનો ઉદ્યોગ
- મધ ઉછેરનો ધંધો
- ગુંદર આધારિત ઉદ્યોગ
- લાખ આધારિત ઉદ્યોગ
- સાબુ ઉદ્યોગ
- બાજ-પડિયાનો ઉદ્યોગ
- રતન જ્યોત આધારિત ઉદ્યોગ
- ફળાવ વૃક્ષોનું વન
- સફેદ મૂશળી
- કાથા ઉદ્યોગ
- વાંસ આધારિત ઉદ્યોગ
- આમળા આધારિત ઉદ્યોગ
- હરડે આધારિત ઉદ્યોગ
- વન ઔષધિઓ
- ફર્નિચર ઉદ્યોગ
- મહુડા આધારિત ઉદ્યોગ

➢ **આદિવાસીઓનું જમીન સાથેનું જોડાણ**

આદિવાસીઓ માટે ખેતી એટલે વર્ષ માટે પરિવારને પુરતું ભોજન મળી રહે એટલું અનાજનું ઉત્પાદન કરવું. કુદરત આધારિત ખેતી ઉપર નિર્ભર રહેવું. અનાજ વેચી શકાય એ ખ્યાલ આદિવાસીઓમાં બહું મોડો આવ્યો. આદિવાસીઓ માટે ખેતી એ જીવનનિર્વાહનો ભાગ માત્ર નથી. પરંતું જીવનપદ્ધતિનો એક ભાગ છે. અનાજ અને જમીનમાં પણ તેઓ માનવીય ભાવોને રીતે જુએ છે. એક ખેતરમાં એક જ પાક ન કરતા મીક્ષ પાક એક જ ખેતરમાં કરવામાં આવે છે. જેમ જંગલમાં એક જ

વિસ્તારમાં અનેક વૃક્ષો અને છોડ થાય છે. તે જ રીતે એક જ ખેતરમાં અનેક પાકો થઈ શકે છે. કહેવાય છે કે આ પ્રકારની ખેતી જમીન અને પાક બંન્નેને ઉપકારક બને છે. પાક તૈયાર થઈ રહ્યો હોય ત્યારે ક્યારે ખેતરમાં પ્રવેશવું, ક્યારે ન પ્રવેશવું તેનું પરંપરાગત એમની પાસે જ્ઞાન છે. પરંપરાગત રીતે આદિવાસીઓ એક ને એક જગ્યાએ ખેતી કરવામાં માનતા નથી. એક જ જગ્યાએ ખેતી કરવાથી જમીનને નુકશાન થાય છે. પાકના ઉત્પાદનમાં પણ નબળાઈ આવે છે. આથી આદિવાસીઓની પરંપરાગત ખેતી ફરતી ખેતી હતી. આ પ્રકારની ખેતી પ્રકૃતિના સંવર્ધનમાં ઉપયોગી બની શકે છે. આદિવાસીઓ ખેતિના દરેક અવસરને જીવનપ્રસંગો સાથે છે. આથી આદિવાસીઓ માટે ખેતી એ વ્યવસ્થાનો ભાગ બનવામાં લાબો સમય લાગ્યો છે.

ભરૂચ જિલ્લાના આદિવાસીઓ પાસે જે જમીન છે. તે મોટા ભાગે જંગલમાં અથવા જંગલની આસપાસ છે. મોટા ભાગની જમીન સમતલ કરતા ઢોળાવવાળી છે. ઘણાં ઓછા આદિવાસીઓ પાસે પિયતવાળી જમીન છે. પિયતની સગવડ હોય ત્યાં અને પિયતની જમીન ન હોય ત્યાં જુદી જુદી રીતે ખેતી કરવાનો વિકલ્પ વિચારી શકાય. જંગલની સાથે રહીને જે લોકો ખેતી કરે છે, તેમની જમીન હજી રસાયણોથી મૂક્ત છે. આવા જમીન ધારકોને સજીવખેતી તરફ વાળી શકાય. એમની પાસે પરંપરાગત જે ખેતીનો અનુભવ છે, તેને વૈજ્ઞાનિક અભિગમથી વિકસાવી શકાય. એમન પાસે પરંપરાગત ધાન્ય છે. તે ધાન્યને પ્રોત્સાહન મળે તે રીતે ખેતીનો વિકાસ કરવો જોઈએ.

- **આદિવાસી અને પશુપાલન**

આદિવાસી અને પશું વચ્ચે પારીવારિક સંબંધો હોય છે. ઘરના અન્ય સભ્યો જેટલું જ મહત્વ એમના પશુઓને પણ આપે છે. આથી પશુઓના માધ્યમ દ્વારા આર્થિક ઉપાર્જન કરી શકાય, એ ખ્યાલ એમનામાં ઘણો મોડો વિકસ્યો છે. ભરૂચ જિલ્લા પાસે જંગલ વિસ્તાર વધું છે. આથી ઘાસચારાના સંદર્ભમાં વધારે મુશ્કેલી પડે તેમ નથી. આથી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. ઘેટા, બકરા, મરઘા, ગાય અને ભેસ જેવા પશુઓનો ઉછેર અને તેમના માધ્યમ થકી આર્થિક વિકાસની તકોમાં વધારો કરી શકાય તેમ છે. જ્યાં સપાટ મેદાનો છે ત્યાં ભેંસ જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બતક કે સસલા ઉછેરનો વ્યવસાય બંન્ને પ્રદેશમાં વિકસાવી શકાય તેમ છે.

- **આદિવાસીઓ અને મત્સ્યઉદ્યોગ**

આદિવાસી વિસ્તારમાં જે નાના ડેમ છે. તેમા બારેમાસ પાણી રહે તેવું આયોજન કરી મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. આદિવાસી વિસ્તારમાં ઘણાં ઓછા લોકો એકથી વધારે યોજનાનો લાભ લઈ જાય છે. જેના કારણે ઘણી અસમાનતા જોવા મળે છે. આ અસમાનતા તરફ ધ્યાન

આપવાની જરૂર લાગે છે.  ભરૂચ જિલ્લામાં આવેલ  દરીયા, વલી, ભાંગોરીયા, કોયલી માંડવી ધોલી ખામ જેવાનાના ડેમો કે જ્યાં પાણીની વ્યવસ્થા બારેમાસ રહી શકે તેમ છે. તેવા પાણીવાળા વિસ્તારોને બ્લોકમાં વહેચી આસપાસ ગામના લોકોની મંડળી બનાવી જુદી જુદી મંડળીને બ્લોકની વહેંચણી કરી મત્સ્ય ઉદ્યોગ માટે પ્રોત્સહન આપી શકાય. આખા જિલ્લામાં નર્મદા જેવી વિશાળ નદી હોય, વિશાળ દરિયા કિનારો છે.  આ તમામ ક્ષેત્રોનો  ઉપયોગ કરી મત્સ્ય ઉદ્યોગની સાથે આદિવાસીઓને જોડી શકાય.

- **આદિવાસીઓ અને શિક્ષણ**

આદિવાસીઓ શિક્ષણનો આગ્રહ ઘણો ઓછો રાખે છે. કારણ કે એમના માટે તો બાળક પણ આર્થિક ઉપાર્જનું સાધન છે. મજૂરી કરીને કમાણી કરનાર બાળક એમના માટે અગત્યનું છે. શિક્ષણ એ લાંબાગાળાનું રોકાણ છે.  એ પણ ગેરેંટી વગરનું. આ પ્રકારનું રોકાણ એમને પોષાય તેમ નથી. રોજનું લાવીને ખાવું પડતું હોવાથી દરરોજ આવક થાય એ દૃષ્ટિકોણ એમનો હોય છે. આથી શિક્ષણ તરફ વિશેષ ધ્યાનમાં આપતા નથી. આવા સંજોગોમાં આદિવાસી સમુદાયમાં શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સરકાર ઉઠાવે તો જ લાંબાગાળે એના સારા પરિણામો મળી શકે તેમ છે. હાલની સરકારની પોલીસી પ્રમાણે પ્રાથમિક શિક્ષણ સુધી સરળતાથી શિક્ષણ મેળવવાની સુવિધા છે. પરંતું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એમના માટે કઠિન બની રહે છે. તેવા સંજોગોમાં ઉચ્ચશિક્ષણ તો તેમના માટે એક સપનું જ બની રહે છે. હાલમાં તો સરકારે આદિવાસી વિસ્તારમાં કોલેજ અને છાત્રાલય બંન્ને સુવિધા સાથે ઉચ્ચશિક્ષણની સુવિધા ઊભી કરી છે. આથી ઊચ્ચશિક્ષણ એમની નજીક સુધી પહોચ્યું છેં. છતાં. રહેવાનું અને શિક્ષણનો ખર્ચ ઓછો થયો છે. પરંતું એ સાથે વિદ્યાર્થી સાથે સંકળાયેલા ખર્ચને પહોચી ન વળે એવા કુટુંબો માટે તો આજે પણ ઉચ્ચશિક્ષણ સપના જેવું જ છે. આવા કુટુબો માટે ઉચ્ચશિક્ષણ વધુને વધુ કુટુબોને કેવી રીતે આપી શકાય તે વિચારવું રહ્યું આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધારવો હોય નિવાસી અને ફ્રી શિક્ષણ સિવાય બીજો કોઈ વિકલ્પ કારગત નિવડશે નહી.   આદિવાસી ભાષાના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે તો બાળકમાંથી ભયને દુર કરી શકાય. જેની સકારાત્મક અસર શિક્ષણમાં પણ દેખાશે.

- **આદિવાસીઓ અને આરોગ્ય**

આદિવાસીઓ આરોગ્યલક્ષી પ્રશ્નોમાં હંમેશા તેઓ દૂર્લક્ષ સેવે છે. કોઈપણ બિમારી વખતે તેઓ પહેલા ઘરેલું ઉપચારને પ્રાધાન્ય આપે છે. અથવા તો એમની પાસે પરંપરાગત ઔષધિઓનું જ્ઞાન છે, તેવી ઓષધિઓનો ઉપયોગ કરે છે. આદિવાસીઓનો રહેઠાણનું સ્થાન, મજૂરીનું ક્ષેત્ર, સુવિધાઓ ઉપરાંત તેમની પાસે ઉપલબ્ધ સંસાધનો જોતા તેઓ બિમારીના ભોગ બને  જલદી બની શકે છે. એક તો

નાનપણથી જ કુપોષણના ભોગ બન્યા હોય છે. આથી સ્વાભાવિક રીતે જ તેમની પાસે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. આથી તેઓ જલદી રોગના શિકાર બને છે. આથી આરોગ્યની જાગૃતિ માટે સતત પ્રયાશ કરવાની જરૂર છે. સ્ત્રીરોગ અંગે પણ ખાસ જાગૃતિ જોવા મળતી નથી. એ ક્ષેત્રે પણ વિશેષ વિચાર કરવાની જરૂર છે. આંખ અને દાંતના રોગોનું પ્રમાણ પણ હવે વધવા લાગ્યું છું. તે અંગે અગમચેતીના પગલા ભરવાની જરૂર છે. એક રીતે જો શિક્ષણનું પ્રમાણ વધે તો આરોગ્યના પ્રશ્નોમાં આપોઆપ ઘટાડો  કરી શકાય તેમ છે.

- **આદિવાસીઓની ક્ષમતા અને ક્ષમતા નિર્માણની શક્યતા**

આદિવાસીઓ ભલે શારીરિક રીતે કુપોષણના ભોગ બન્યા હોય. પરંતું માનસિક રીતે તે ઘણાં મજબુત હોય છે. આથી તે મહેનતવાળું કામ પણ લાંબા સમય સુધી કરી શકે છે. તેમની પાસે પરંપરાગ અનેક ક્ષમતાઓ છે. અને કેટલીય ક્ષણતાઓનું નિર્માણ કરવાની શક્યતા પણ રહેલી છે. માટીમાંથી વિવિધ ચીજ વસ્તુઓ બનાવવાની ક્ષમતા, ઘરના બનાવટમાં વિવિધ લાકડાના શિલ્પ બનાવવવાની ક્ષમતા, વાંસમાંથી વિવિધ જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવવાની ક્ષમતા, દોરીથી વણાટ કરી ખાટલો ભનાવવાની ક્ષમતા, સુથારી કામની ક્ષમતા, શિકારના સાધનો બનાવવાની ક્ષમતા,  વિવિધ વાદ્યો બનાવવાની ક્ષમતા, ભરત કામની ક્ષમતા, દોરી-દોરડા ગૂથવાની ક્ષમતા, ચિત્ર દોરવાની ક્ષમતા, નૃત્ય – નાટ્ય કરવાની ક્ષમતા, સંગીતના વાદ્યો વગાડવાની ક્ષમતા, ગીત ગાવાની ક્ષમતા, વિવિધ રમતો રમવાની ક્ષમતા, વિવિધ પ્રકારની રસોઈ કરવાની ક્ષમતા, વગેરે ક્ષમતાઓ એમની પાસે પરંપરાગત જોવા મળે છે. આ ક્ષમતાઓને તાલીમ આપી તેની ક્ષમતાઓમાં વધારો કરી શકાય એમ છે. અથવા તો એ ક્ષમતાઓ આધારીત અન્ય ક્ષમતાઓ તરફ તેને વાળી શકાય છે. આદિવાસીઓ પાસે કેટલી બધી ક્ષમતાઓ છે. એ ક્ષમતાઓને તાલીમ આપી જરૂરી સંશાધનો પુરા પાડી તેમની ક્ષમતામાં વધારો કરી શકાય છે. એમીની પરંપરાગત ક્ષમતાઓ જોતા એમનામાં ઓરોગ્ય સારવારલક્ષી ક્ષમતા, એન્જીનિયરને લગતી ક્ષમતા, આર્કિટેકને લગતી ક્ષમતા, કલાઓની ક્ષમતા, મેનેજમેન્ટની ક્ષમતા, શોધને લગતી ક્ષમતા, વગેરે ક્ષમતાઓ તેમનામાં નિર્માણ કરવાની પુરી ક્ષમતા રહેલી છે. એ માટે તેમને થોડુ શિક્ષણ અને તાલીમની આપવાની જરૂર છે. તેમની પાસે રહેલી પરંપરાગત ટેકનોલોજી અને કલાઓની ક્ષમતામાં વધારો કરી આદિવાસીઓના જીવનને વધું સુખમય બનાવી શકાય તેમ છે.

- **શ્રમ, મજૂરી અને રોજગારીની તકો**

આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તેમ છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે. આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે. ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે. આદિવાસી

વિસ્તારમાં અન્ય પ્રદેશમાંથી આવી જે કારીગરો કામ કરે છે. એ કારીગરીની તાલીમ આદિવાસીઓને જ આપવામાં આવે તો પુરતી રોજગારી મળી રહે તેમ છે. આદિવાસી વિસ્તારમાં થતા વિકાસના કામોમાં આદિવાસીઓને જોડવામાં આવે તો સ્થાનિક રોજગારીઓ મળી રહે તેમ છે. ટેકટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે. સ્થાનિક ઊર્જાશક્તિનો ઉપયોગ કરીને વિકાસકામો કરવાથી પણ શ્રમ અને રોજગારીને તકો વધારી શકાય છે.

### 1.2.4. વિકાસની કાર્યયોજના

આદિવાસી વિસ્તારમાં નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખી વિકાસ કાર્યયોજના કરવાની જરૂર છે.

- શૈક્ષણિક વિકાસની કાર્યયોજના
- આરોગ્ય વિકાસની કાર્યયોજના
- ખેતી વિકાસની કાર્યયોજના
- ગૃહ ઉદ્યોગ વિકાસની કાર્યયોજના
- જંગલ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના
- ખેતી આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના
- જળ વિકાસની કાર્યયોજના
- જળ સંવર્ધનની કાર્યયોજના
- જળ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના
- પશુપાલન આધારિત વિકાસની કાર્યયોજના
- વિસ્થાપન અને ખેતમજૂરો માટેની કાર્યયોજના

## 1.3 ભલામણો

### 1.3.1 આદિવાસી કાયદાઓની સ્થિતિ અને ભલામણો

#### 1.3.1.1. પાંચમી અનુસૂચિની અમલવારી

આદિવાસીઓની હિતની જોગવાઈ પાંચમી અનુસૂચિમાં કરવામાં આવી છે. તેને ધ્યાનમાં રાખી આદિવાસીઓ માટે કલ્યાણકારી યોજનાઓ અને કાયદાઓ ઘડવામાં આવે છે. ભારત સરકારે પાંચમી અનુસૂચિને ધ્યાનમાં રાખી પેસા એક્ટ અને વન અધિકાર કાયદો બનાવ્યો છે. ગુજરાતમાં તેની અમલવારી કરવામાં આવી છે. હાલાકી આ પાંચમી અનુસૂચિની અમલવારી ચુસ્ત રીતે થતી નથી. આથી પાંચમી અનુસૂચિની ચુસ્ત રીતે અમલવારી થાય તે જરૂરી છે. જો એની અમલવારી કરવામાં આવે તો આદિવાસીઓ માટે બનાવવામાં આવેલ બીજા કાયદોની અમલવારી પણ આપોઆપ થઈ જાય તેમ છે. આ કાયદાઓની અમલવારીથી આદિવાસી વિકાસને પણ ગતિ મળે એમ છે.

#### 1.3.1.2. પેસા એક્ટની અમલવારી

આદિવાસીઓ માટે પેસા એક્ટ ઘણો ઉપયોગી કાયદો છે. આ કાયદામાં આદિવાસીની પરંપરાગ જીવનશૈલીની કાર્યપદ્ધતિઓનો સમાવેશ કરવાનો પ્રયાસ કર્યો છે. હાલાકી આ કાયદાની અમલવારી અને આદિવાસીઓમાં તેના વિશેના જાગૃતિના અભાવના કારણે પેસા એક્ટ  કામ વગરનો બની રહ્યો છે. જેની અમલવારી થાય તે માટે સરકારે પ્રયાસ કરવાની જરૂર છે. પેસા એક્ટમાં આદિવાસી વિકાસ માટેની ઘણી બાબતોની જોગવાય છે. એક માત્ર પેસા એક્ટનો ચુસ્તપણે સરકાર અમલ કરે તો આદિવાસી વિકાસના ઘણાં પ્રશ્નો હલ થઈ શકે તેમ છે.

- **ગ્રામસભાની રચના અને તેના કાર્યો**

આદિવાસી વિસ્તારમાં ગ્રામસભા એટલે ગામમાં એક જગ્યાએ ભેગું થવું. એમાં સરકારી કેટલાક અધિકારીઓ હાજર હોય. તે લોક યોજનાઓની વાતો કરે. અને ભેગા થયેલાની સહી લઈ સહું છૂટા પડે. ટૂંકમાં આધિવાસીઓ પેસા એક્ટના કાર્યોથી અપરિચિત છે.

- તેઓ તેનાથી માહિતગાર થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. તે માટે જાહેરાતો, પોસ્ટરો કે સભા-મેળાવડા કરી જાગૃતિ કાર્યક્રમો કરવા જોઈએ.
- દરેક ગામમાં ગામસભા વ્યવસ્થિત રીતે થાય તે માટે ચકાસણી માટેનું આયોજન કરવું જોઈએ.

- ગ્રામસભાની રચના કરવામાં કોઈ એકવર્ગનું જ પ્રતિનિધિત્વ ન રહે તેની તકેદારી રાખવી જોઈએ.

- વધુમાં વધુ લોકોની ભાગીદારી એમાં વધે તેવા પ્રયાસ કરવા જોઈએ.

➢ **શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ**

આદિવાસી વિસ્તારમાં શાંતિ, સલામતી અને તકરારનો ઉકેલ ગ્રામસભા દ્વારા જ લાવવાનો છે. કોઈપણ ગામમાં આની અમલવારી થતી નથી. આદિવાસી વિસ્તારના પોલીસ સ્ટેશનોમાં નોધાયેલા કેસો પોલીસ સ્ટેશમાં સમાધાન થયેલ કેશોની સંખ્યા પરથી અંધાજ આવશે. કે આ નિયોમેનું કેટલું પાલન થાય છે.

- શાંતિ સલામતિ દળ (સંગઠન)ની કાયદાની જોગવાઈ પ્રમાણે રચના કરવી જોઈએ.

- વિવાદની નિવારણ માટેની ચોક્સ પ્રક્રિયા કાયદાની જોગવાઈ પ્રમાણે નક્કી કરવી જોઈએ.

- જરૂરી લાગે ત્યાં બીજી અન્ય પેટા સમિતિ બનાવી પણ સ્થનિક કક્ષાએ જ તકરારનો ઉકેલ આવે તેવા પ્રયાસ કરવા જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં આવેલ પોલીસ સ્ટેશનોની ભૂમિકા બદવાની જરૂર છે. પોલીસ સ્ટેશને ગુનો નોંધવાની જગ્યાએ કાયદાની જોગવાઈ અનુસાર એમની દેખરેખ હેઠળ તકરારનો ઉકેલ કરાવવો જોઈએ. આમ કરવાથી આદિવાસી વિસ્તારના પોલીસ કેસો ઘટાડી શકાશે. તેમ જ ગુનાઓ પણ અટકાવી શકાશે.

- આ પ્રકારની નિર્ણય પ્રક્રિયામાં મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી માર્ગદર્શમાં સહાયક રાખી શકાય.

- ગામના વડીલોના સહકાર લઈ આ માળખાને મજબૂત બનાવાવની જરૂર છે. આ પ્રક્રિયાથી આદિવાસીઓના કોર્ટ- કચેરીના નાણાંનો ખર્ચ બચાવી શકાય.

➢ **લાબાર્થીઓની ઓળખ, પ્લાનની મંજૂરી, દેખરેખ વગેરેની સત્તા**

આદિવાસીઓને વિવિધ યોજનાઓનો લાભ મોટા ભાગે આદિવાસીમાં રહેલો તાકાતવર વર્ગ વધારે ફાયદો ઉઠાવે છે. ઘણી વખત લોકોના અજ્ઞાનતાનો લાભ ઉઠાવે છે. આ અસમાનતા અટકાવવાની ખૂબ જરૂર છે. આ અસમાનતા અટકાવી આદિવાસીનો સર્વાંગી વિકાસ કરી શકાય તેમ છે. આ માટે ગ્રામસભા ઉપયોગી બની શકે તેમ છે.

- ગ્રામસભા દ્વારા નક્કી કરેલા લાભાર્થીઓને જ લાભ મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે.

- સરકારે હાલ વ્યક્તિગત ઓનલાઈન ફોર્મ ભરવાની જોગવાઈ કરી છે. તેમાં જરૂરી સુધારા કરી ગ્રામસભા દ્વારા મંજૂર થયેલ નામોમાંથી યોજનાનો લાભ મળે તેવી જોગવાઈ કરવાની જરૂર છે.

- રોડ, રસ્તા, પાણીની સગવડ, શાળા, આંગણાડી, જેવા વિવિધ કામોની મંજૂરી પણ ગ્રામસભાના દરખાસ્તના આધારે જ મંજૂર કરવી જોઈએ.

- સામાન્ય રીતે હાલમાં મોટા ભાગે ઉપરથી યોજનાઓ બનીને આવે છે. અથવા તો સરપંચ તલાટી પોતાનો લાભ જોઈને નક્કી કરી ઓનવાઈન દરખાસ્તની વિગત ભરી દે છે. તેને અટકાવવાની જરૂર છે.

- પ્લાન મંજૂરી માટે ગ્રામસભાનો ફાળો ન હોવાથી વિકાસનો સરખો લાભ આખા ગામને મળતો નથી. તેને અટકાવવાની જરૂર છે.

- કામ મંજૂર રાખ્યા પછી તેની દેખરેખ રાખવા માટે પણ સમિતી બનાવવી જોઈએ. સમિતિના રીપોર્ટના આધારે જ જે તે કામગીરીના નાણાં ચુકવવા જોઈએ.

- **કુદરતી સંસાધનો, કૃષિ, જમીન અને સામુદાયિક અસ્કયામતોનું વ્યવસ્થાપન**

આદિવાસીઓનો કુદરત, જમીન અને ખેતી સાથે પરંપરાગત નાતો રહ્યો છે. એના સંવર્ધન માટે એની પાસે પરંપરાગ સમજ અને સૂઝ છે. તેનો ઉપયોગ કરી એનું વ્યવસ્થાપન કરી શકાય તેમ છે.

- જળ, જંગલ અને જમીન એ આદિવાસીઓ માટે આજીવિકાનું સાધન છે. એ આજીવિકાનું સાધનસંપત્તિનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ, તેની તાલીમ આપવી જોઈએ.

- આજીવિકાનું સાધન કાયમ માટે ટકી રહે તે રીતે સ્થાનિક સંસાધનનો ઉપયોગ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ.

- વિકાસ ક્ષમતાને ધ્યાનમાં રાખી સ્થાનિક સંસાધન સંપતિનો ઉપયોગ થાય તેવું માળખું ગોઠવવું જોઈએ.

- આ સંસાધનો અમુક લોકોના પુરતા મર્યાદિત ન બની જાય તે માટે વ્યવસ્થાપન કરવું પડશે.

- આ બધી જોગવાઈઓની સાથે આ સંસાધનો પર વ્યક્તિગત હક્કો છે, તે છીનવાઈ ન જાય તેની કાળજી પણ રાખવી પડશે.

- ખેતી માટે સરકારે યોજનાઓ બહાર ન પાડવી જોઈએ. પરંતું ગ્રામસભા પ્રદેશ અને ભૌગોલિક વિસ્તાર પ્રમાણે ખેતી માટે જે નિયમો ઘડે તે પ્રમાણે સહાય આપવી જોઈએ.

- જમીનના માલીકીને લગતા પ્રશ્નો પણ ગ્રામસભા દ્વારા જ મુકાવા જોઈએ. તેનો ઉકેલ પણ ગ્રામસભા દ્વારા જ લાવી શકાય તેવું માળખું ગોઠવવું જોઈએ.

- જમીન-ખરીદી- વેચાણને લગતી સત્તા પણ ગ્રામસભા દ્વારા જ થવું જોઈએ. એ વ્યક્તિગત જમીન હોય કે સામૂહિક માલીકીની જમીન હોય.

- જળ સંસાદનનું આયોજન અને વ્યવસ્થાપન પણ ગ્રામસભા દ્વારા સૂચવાય તે રીતે જ અમલવારી કરવી જોઈએ.

- સિંચાઈ વ્યવસ્થામાં પાણીના નિયમનની વ્યવસ્થા ગ્રામસભા દ્વારા થાય તે રીતે અમલવારી કરવી જોઈએ. તમામને સરખા ભાગે મળે છે કે કેમ તેની તકેદારી રાખવી જોઈએ.

- જળાશયો, સામુદાયિક અસ્કાયામતોનનું વ્યવસ્થાપન ગ્રામસભાની પાસે જ રહે તેવું આયોજ કરવું જોઈએ.

- આ બધા જ વ્યવસ્થાપન માટે જુદી જુદી સમિતી બનાવી પડે તો તેમ કરવું જોઈએ.

- વ્યવસ્થાપન માટેના જુદા જુદા કાર્યો માટે જુદા જુદા રજિસ્ટરો પણ નિભાવવા જોઈએ.

- દરેક ગામ પાસે એક અનાજ બેંક કે બીજ બેંકની સગવડ હોવું જોઈએ. તેમાંથી જ લોન સ્વરૂપે બીજ કે અનાજ ગામના લોકોને આપી શકાય. આવી વ્યવસ્થ ઊભી કરવા માટે જરૂરી સંસાધનની સહાય અને માર્ગદર્શન આપવું જોઈએ. અંત્યોદય યોજનાને આના સાથે જોડી શકાય.

- સ્થાનિક બીજ અને અનાજને પ્રાધાન્ય મળે તેવું આયોજન કરવું જોઈએ.

➢ **માનવશક્તિ (માનવબળ)**

આદિવાસી વિસ્તારમાં શ્રમ સાથે જોડાયેલા લોકોનું વિશેષ શોષણ થાય છે. આ શોષણને અટકાવવા માટે સરકાર દ્વારા વિશેષ ધ્યાન અપાતું નથી. આવા સંજોગામાં ગ્રામસભાને વધુ જાગ્રત કરી આ શોષણને અટકાવી શકાય તેમ છે.

- કોઈપણ મજૂરનું શોષણ ન થાય તે રીતે શ્રમના કલાકો અને તેનું મહેતાણું નક્કી કરવું જોઈએ.

- ગામની બહાર જતા મજૂરો માટે પણ ગામસભાએ મહેતાણું અને સગવડો નક્કી કર્યા હોય તેને મજૂર લઈ જનારે અનુસરવાનું રહેશે. તેવી જોગવાઈ કરવી જોઈએ.

- બહાર ગામ જતા મજૂરો અંગે તેને લઈ જનાર વ્યક્તિ કે એજન્સી દ્વારા જે તે ગ્રામસભાને એની સ્થિતિ, મજૂરી તથા સુખાકારી અંગે વખતો વખત જાણકારી મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ.

- ગામના લોકોનો શ્રમબળનો ઉપયોગ બરાબર થાય તેવું વ્યવસ્થાપન કરવા માટે ગ્રામસભાને સતત માર્ગદર્શ મળે તેવું આયોજન કરવું જોઈએ.

- તમામ લોકોના શ્રમબળને ન્યાય મળી રહે તેવા કાર્યોનુજ આયોજન ગ્રામસભા દ્વારા થાય તે સુનિશ્ચત કરવું જોઈએ.

- લોકોમાં રહેલી ક્ષમતા અને કૌશલ્યને ઓળખી તેને પ્રોત્સાહક કામોનું આયોજન થાય તેવું આયોજન કરવું જોઈએ.

➢ **ગ્રામ હાટનું વ્યવસ્થાપન**

આદિવાસી વિસ્તારમાં આવેલા બજારો કે ગ્રામહાટ કે ફેરીયાઓના ભાવ, વજન, ગુણવત્તા, કઈ વસ્તુઓ વેચવા દેવી, એ અંગે ગ્રામસભાએ સૂચવેલા સૂચનોનો ગંભીરપણે અમલવારી થાય તે જોવું જોઈએ.

- મામલતદાર કોઈપણ દુકાનદારને પરવાનગી આપતા પહેલા ગ્રામસભાની મંજૂરીનો આગ્રહ રાખવો જોઈએ.

- ગ્રામસભા દ્વારા અપાયેલી ફરિયાદને અગ્રીમતા આપી તાત્કાલીક પગલા લેયાલ તેવું આયોજન કરવું જોઈએ.

➢ **ખાણ અને ખનીજો**

આદિવાસી વિસ્તાર મોટા ભાગે પ્રાકૃતિક સંપદા વાળો વિસ્તાર છે. આ વિસ્તામાં પ્રાકૃતિક સંપદા સાથે ખનીજ સંપત્તિ પણ ઘણી છે. આથી જો ખનીજ સંપત્તિનો ઉપયોગ વધી જાય તો તે વિસ્તારના લોકોની જીવનશૈલી પર તેની અસર તો થાય જ છે. પરંતુ સાથે સાથે પ્રાકૃતિક સંપદા પર પણ તેની

અસર થાય છે. એટલે કે આખી જીવસૃષ્ટિ પર તેની અસર થાય છે. આથી ખની જ સંપત્તિનો ઉપયોગમો સંયમ રહે એ ખૂબ જરૂરી છે.

- કોઈ પણ કંપની, વ્યક્તિ કે સરકાર દ્વારા ખનીજ માટે ખોદકામ કરવાનું હોય ત્યારે ગ્રામસભાની મંજૂરી હોય તો જ ખોદકામ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ. અને તેની કડક અમલવારી પણ કરવી જોઈએ.
- ખનીજ હેતુ માટે જમીન મેળવનારે અરજી સરકારને કરે તેની સાથે ગ્રામસભાને પણ કરવી જોઈએ. અને ગ્રામસભાની મંજૂરી અને શરતોને આધીને જ સરકારે મંજૂરી આપવી જોઈએ.
- જે વિસ્તારમાંથી ખનીજ કાઢવામાં આવે તેની આવકનો વપરાશ તે જ વિસ્તારના લોકોની સુખાકારી વધે તે માટે કરવું જોઈએ.
- સ્થાનિક લોકોના વપરાશ માટે પણ ગ્રામસભાએ નક્કી કરેલ માપદંડ પ્રમાણે ખાણ-ખનીજ લેવાની છૂટ હોવી જઈએ.
- ખાણ-ખનીજની મંજૂરી આપતા પહેલા ગ્રામસભા પર્યાવરણના સંરક્ષણને ધ્યાનમાં રાખે તે અંગે માર્ગદર્શન પુરુ પાડવું જોઈએ,

➢ **નાણાની ધીરધાર**

- આદિવાસી વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ લોન લેવા માંગે તો તે ગ્રામસભાના માધ્ય થકી લોન લઈ શકે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- નાણાં ધીરનાર વ્યક્તિએ પણ પેસા એક્ટ લાગુ વિસ્તારમાં નાણાં ધીરતા પહેલા ગ્રામસભાની મંજૂરી લેવી પડશે.
- નાણાં ધીરનારે સમયાંતરે ગ્રામસભાને પણ સમયાંતરે લોનની વિગત પુરી પાડવાની રહેશે.
- લોન લેનારનું શોષણ થતું હોય એમ લાગે તો જે તે નાણાં ધીરનાર સામે લોન લેનાર ગ્રામસભા સામે ફરીયાદ કરી શકશે.
- ગ્રામસભાની શાંતિસમિતિ આ અંગે તપાસ કરી જો નાણાં ધીરના જવાબદાર જણાય તો તેના ઉપર પગલા લેવા માટે જવાબદાર અધિકારીને જાણ કરશે.
-

➢ **વ્યસનમુક્તિ સંબંધિત પગલા**

- કેફી પદાર્થના નિયંત્રણો માટે ગ્રામસભા નિયમો ઘડશે.
- વ્યસનથી પીડાતા લોકોને આરોગ્ય કેન્દ્ર કે પરામર્શન કેન્દ્રો પર ગ્રામસભા મોકલવાનો નિર્ણય કરશે.

➢ **અંધશ્રદ્ધા, જાદુટોણા વગેરે વિષય બાબતો**

- અંધશ્રદ્ધા, જાદુટોણા સંદર્ભે ગ્રામસભામાં ચર્ચા કરી તેનું નિવારણ કરશે.
- લોકોની વૈજ્ઞાનિક સમજ કેળવાય તે માટે જરૂર જાગૃતિ કાર્યક્રમો કરશે.

#### 1.3.1.2. વન અધિકાર કાયદો (FRA)

- વન આધારિત ખેતીને પ્રોત્સાહન અંગે વિચારવું.
- જે તે ગામને ફાળવવામાં આવેલ જંગલમાં સાગ. સીસમ જેવા વૃક્ષોને ઉછેર કરવા પ્રોત્સાહન આપવામાં આવે.
- વન અધિકાર કાયદો અને પેસા એક્ટ એક બીજા સાથે જોડવામાં આવે.
- વન અધિકાર કાયદામાં જમીન ફાળવવામાં જે અનિયમિતતા છે તેને દુર કરવામાં આવે.
- વન અધિકાર કાયદાની જોગવાઈની અમલવારીનું સતત મૂલ્યાંક કરવામાં આવે.

### 1.3.2. આદિવાસી યોજનાની સ્થિતિ અને ભલામણો

#### 1.3.2.1. વનબંધુ કલ્યાણ યોજના

ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી દશ મુદ્દા કાર્યક્રમ હેઠળ આદિવાસીઓના વિકાસ માટે વિશેષ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જે નીચે મુજબ છે.

- રોજગારીની તકો
- ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ઉપર ઝોક
- આર્થિક વિકાસ
- આરોગ્ય

- આવાસ
- પીવાનું શુધ્ધ પાણી
- સિંચાઈ
- સાર્વત્રિક વીજળીકરણ
- તમામ ઋતુઓમાં ચાલે તેવા રસ્તાઓનું જોડાણ
- શહેરી વિકાસ

વનબંધુ કલ્યાન યોજનામાં જે પણ યોજનાઓ હાલમાં ચાલે છે. તે યોજનાની પુનઃમૂલ્યાંકન માટે ગ્રામસભાને મોકલવામાં આવે. ગ્રામસભાએ સૂચવેલા સૂચનોના આધારે વિકાસનો નકશો તૈયાર કરવો જોઈએ.

### 1.3.3. કેન્દ્ર સરકાર દ્વારા પુરુસ્કૃત યોજનાઓ

- **વિશેષ કેન્દ્રીય સહાય (SCA) –**

ખાસ કેન્દ્રીય સહાય એ આદિવાસી વિકાસની રાજ્યની યોજનાઓના પ્રયાસો ઉપરાંતની છે અને તે આદિજાતિ પેટા યોજના TSP રણનીતિનો હિસ્સો છે. આ રણનીતિના બે ઉદ્દેશો છે :-

- અનુસૂચિત જનજાતિઓનો સામાજિક-આર્થિક વિકાસ
- આદિવાસીઓનું શોષણ સામે રક્ષણ.

- **છત્રરૂપ યોજનાઓ નીચે ગ્રાન્ટ (ગ્રાન્ટસ અંડર અંબ્રેલા સ્કીમ્સ)** -

આ યોજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા પ્રેરવા માટે છે. આ યોજના અંતર્ગત અભ્યાસ માટે શિષ્યવૃતિ ફાળવવામાં આવે છે...

- **ભારતના બંધારણની કલમ ૨૭૫ (૧) હેઠળ અનુદાન –**

દરેક વર્ષે રાજ્યની મહેસૂલી આવકના સંદર્ભે સંસદ કાયદા દ્વારા ઠરાવે તે અનુરુપ ભારતના એકત્રિત ભંડોળમાંથી જેને સહાયની જરૂર હોય તેવાં રાજ્યોને સંસદ નક્કી કરે તે અનુસાર સહાયક ગ્રાન્ટ તરીક ચૂકવાય છે.

- **આદિજાતિ વિસ્તાર પેટા યોજના(TASP) –**

દેશમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના(TASP) ની વિભાવનાનો પ્રારંભ ૧૯૭૪ માં થયો. તેનો ઉદ્દેશ દેશની અનુસૂચિત જનજાતિની વસતિના પ્રમાણમાં નાણાકીય ફાળવણી ઉપલબ્ધ કરવાનો હતો. આને કારણે આદિવાસીનાં જીવનના લગભગ તમામ પાસાંઓને આવરી લેતી વિવિધ યોજનાઓ મોટી સંખ્યામાં શરૂ થઈ. આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનું ભંડોળ અન્યત્ર વાળી શકાતું નથી, અને તેની ફાળવણી સીધી જે-તે રાજ્યના આદિવાસી વિકાસ વિભાગને હસ્તક જ કરવામાં આવે છે. આ વિભાગોને આદિવાસી પેટા યોજના હેઠળના ભંડોળ સંબંધિત યોજનાઓ ઘડવાની તેમજ અંદાજપત્રીય સત્તાઓ પણ આપવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓની વસતિ ૧૪.૮ ટકા છે અને ત્યાં પણ તે વસતિના પ્રમાણમાં જ અંદાજપત્રની ફાળવણી અંકિત કરવામાં આવે છે.

- **સીમાંત જૂથો માટે યોજનાઓ**

સરહદી ગામોમાં સુવિધાઓ - ગુજરાત રાજ્યની મોટી સંખ્યામાં આદિવાસી વસતિ પરંપરાગત રીતે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના સરહદી વિસ્તારમાં રહે છે. આ વિસ્તાર મુખ્યત્વે જંગલો, પર્વતો અને ચઢાણ-ઉતરાણ જેવા ભૂભાગનો બનેલો છે. આને કારણે તે વિસ્તારોમાં વિકાસની ગતિ ધીમી, અસમાન સામાજિક-આર્થિક, વિકાસ અને અર્થતંત્રના મુખ્ય પ્રવાહ સાથે ભળવાની અસમર્થતા તેની લાક્ષણિકતા છે.

- **સંરક્ષક-સહ-વિકાસ (CCD) યોજનાઓ** -

વિશેષ કરીને વિપરિત પરિસ્થિતિનો ભોગ બની શકે તેવા આદિમ જૂથોને ઝડપી વૃદ્ધિ માટેની વિકાસલક્ષી અપૂર્તિઓ તેમજ સુધારેલ આજીવિકા માટેની તકો ઉપલબ્ધ કરવા તેમને આવાસ, પીવાના શુદ્ધ પાણી પહોચાડવું અને સાક્ષરતા ઉપરાંતના લાભો પણ મળી રહે તે જોવું.

- **હળપતિઓને સગવડ –**

હળપતિ જનજાતિ એ ગુજરાતની અતિશય પછાત અનુસૂચિત જનજાતિ છે. તેઓ દક્ષિણ ગુજરાતના મેદાની પ્રદેશોમાં છૂટા છવાયા રહે છે. તેઓ અન્ય બિન આદિવાસી લોકોની વચ્ચે જ વસે છે. અને અન્ય આદિજાતિઓની જેમ રાજ્યની પૂર્વીય પટ્ટીમાં ઘનિષ્ઠ રીતે વસતા નથી.

પેસા એક્ટ હેઠળ આવતા ગામોમાં આ કાર્યક્રમ હેઠળ વિકાસ કરવો હોય તો તે પેસા એક્ટની જોગવાઈ પ્રમાણે કરવું જોઈએ,

### 1.3.4. વહિવટી માળખામાં પરિવર્તન કરવાની ભલામણ

જ્યાં આદિવાસીની વસ્તી ઓછી છે તે તાલુકાઓમાં જૂથ ગ્રાપંચાયતોની સંખ્યા ઓછી છે. આમ થવા પાછળના કારણો પણ તપાસવા રહ્યા. આદિવાસી વિસ્તારમાં જૂથ પંચયતોની સંખ્યા ઘટાડી સ્વતંત્ર ગ્રામપંચાયતોની સંપ્યા વધારી વિકાસને વેગ આપી શકાય. સંખ્યા કરતા પર ભોગોલિક વિસ્તારને ધ્યામમાં રાખવું જોઈએ. પેસા એક્ટને અનુરૂપ ગ્રામપંચાયતનું સ્વરૂપ હોવું જોઈએ. વહિવટી માળખામાં બદલાવ લાવવાની જરૂર છે.

### 1.3.5. વસતિ નિયંત્રણ સંદર્ભે ભલામણો

જ્યાં આદિવાસીની વસતિ વધારે છે ત્યાં વસતિ વૃદ્ધિ દર વધારે છે. તો તેના પાછળનું  કારણ જાગૃતિનો અભાવ જણાય આવે છે. અથવા તો તે પાછળના ચોક્કસ કારણો શોધવા રહ્યા. સાગબારા જેવા જિલ્લામાં વસતિ ગીચતા પણ વધારે છે. તેની સાથે વસતિ વૃદ્ધિ દર પણ વધી રહ્યો છે. જે ચિંતાનું કારણ છે. ડેડિયાપાડા તાલુકામાં પણ વસતિ વૃદ્ધિનું પ્રમાણ સાગબારા પછી બીજા ક્રમે છે. પરંતું ત્યાં વસતિ ગીચતાનું પ્રમાણ ઓછું છે. તેનું કારણ ડેડિયાપાડા તાલુકામાં આવેલા સંરક્ષિત જંગલો છે. પરંતું આજ રીતે વસતિવૃદ્ધિ થતી રહી તો તેની અસર જંગલો પર પણ પડી શકે છે. ગરૂડેશ્વર તાલુકાની સ્થિતિ અંગે માહિતિ પ્રાપ્ત ન હોવાથી તે અંગે ચોક્કસ તારણ બાંધી શકાય તેમ નથી. પરંતુ ત્યાં પણ આદિવાસી વસતિની સંખ્યા તાલુકાની કુલ વસતિની 91 ટકા જેટલી છે. આથી વસતિ વૃદ્ધિ સંદર્ભે વધું ધ્યાન આપવાની જરૂર લાગે છે.

### 1.3.6. શૈક્ષણિક વિકાસની ભલામણો

ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિકક્ષેત્રે વિકાસ માટે જુદીજુદી યોજનાઓ ચાલે છે.

**LLGRS- એકલવ્ય નિવાસી શાળાઓ** - માત્ર આદિવાસી કન્યાઓ માટેની જ નિવાસી શાળાઓ છે અને ભારત સરકારના આદિજાતિ બાબતો માટેના મંત્રાલયની અનુસૂચિત જનજાતિની કન્યાઓમાં શિક્ષણ સુદ્રઢ કરવાની યોજના અંતર્ગત ગુજરાતના દસ જિલ્લાઓમાં આવી નિવાસી શાળાઓ કાર્યરત છે.

**આદર્શ નિવાસી શાળાઓ** - આ શાળાઓ આદિવાસી વિદ્યાર્થીઓની સુવિધાઓ અને તેમને પ્રાથમિક શિક્ષણની કક્ષા પછીનો અભ્યાસ આગળ ધપાવવા માટે પ્રોત્સાહન માટે છે

**આશ્રમ શાળાઓ** - સરકારે, બિન સરકારી સંગઠનોને ૧૦૦ ટકા અનુદાન આપીને આશ્રમશાળા તરીકે ઓળખાતી નિવાસી શાળાઓ ધોરણ ૧ થી ૭, ધોરણ ૮ થી ૧૦ અને ધો. ૧૧,૧૨ ના અભ્યાસ માટે શરુ કરવાની યોજના અમલમાં મૂકી. આ શાળાઓ આદિવાસી વિદ્યાર્થીઓને શિક્ષણ તેમજ જમવા-રહેવાની સુવિધાઓ પૂરી પાડે છે.

**એકલવ્ય આદર્શ નિવાસી શાળા** - જીએસટીડીઆરઈઆઈએસ, ગાંધીનગરે રાજ્યમાં આદિવાસી બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરુ પાડવા માટે અને તે દ્વારા આદિવાસી બાળકોને સર્વાંગી વિકાસ કરવા માટે 36 એકલવ્ય આદર્શ EMRs શરૂ કરી છે. આ ઉપરાંત ગુજરાત સરકારે પણ પહેલ કરીને કેટલીક એકલવ્ય પ્રકારની શાળાઓ જાહેર ખાનગી-ભાગીદારી-PPP મોડેલ પર શરૂ કરી છે.

**સૈનિક શાળા** - આ સૈનિક શાળા હોવાથી તેનું વધુ ધ્યાન શારિરિક કવાયત, લશ્કરી પરેડ, દોડ, યોગાશન, કશરતો તેમજ વોલીબોલ, ફૂટબોલ, ખો-ખો, કબડ્ડી જેવી સેવાઓ પર છે. આ શાળાની નોંધણી એન.સી.સી. સાથે થઈ છે.

આ ઉપરાત શિક્ષણ માટે સરકાર જુદીજદી સહાયની યોજના પણ ચલાવે છે.

- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન, કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/ટ્રેઈની પાયલોટ લોન,
- અનુસુચિત જનજાતિના કાયદાના સ્નાતકોને સહાય
- અનુસુચિત જનજાતિના કાયદાના સ્નાતકોને વકીલાતના ધંધા માટે સહાય
- શિક્ષિત બેરોજગાર યુવાનોને પેટ્રોલપંપ, ગેસ, કેરોસીનની એજન્સી માટે લોન
- ડોક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરુ કરવા માટે લોન/સહાયની યોજના
- એમ.ડી. અથવા એમ.એસ. ડોક્ટરોને વ્યવસાય લોન/સહાયની યોજના

આ ઉપરાંત કેટલાક તાલીમ કાર્યક્રમો પણ ચલાવે છે. જેમ કે મેડિકલ અને એન્જીનીયરીંગ પ્રવેશ પરીક્ષા માટે કોચિંગ, **Training of Rural Youth for Self-Employment, વગેરે**

આ યોજનાઓનો લાભ સિમિત લોકો જ લઈ શકે છે. તેમ જ ખરેખર જરૂરિયાત વાળા વ્યક્તિ તો લઈ જ નથી શકતો. આથી આ અંગે યોગ્ય માળખું ગોઠવવાની જરૂર છે. સાક્ષરતાની બહું મોટી અસર વિકાસ પર પડે એવું લાગતું નથી. શિક્ષણ બિલકુલ અગત્યનું છે. પરંતું માત્ર સાક્ષર કરી દેવાથી ચાલશે નહી. સાક્ષરતા સ્કીલ ડેવલેપમેન્ટમાં જરૂર સહાયક બની શકે. સાક્ષરતાને સ્ટેટશનો મુદ્દો બનાવવા કરતા સ્કીલ પર વધુ ભાર મુકાવો જોઈએ.

- દશમાં અને બારમાં ધોરણનું પરિણામ જોતા શિક્ષણની ગુણવત્તા સંદર્ભે વિચારવાની જરૂર છે.

- ધોરણ 12 સાયન્સમાં બોર્ડનું પરિણામ ખૂબજ નબળું છે. આથી સાયન્સ પ્રવાહની ખામીઓ અને નબળાઈઓ શોધી પરિણામ સુધરે તે માટે યોગ્ય માળખુ ગોઠવવાની જરૂર લાગે છે.

- ધો- 10 પછી ડ્રોપઆઉટનું પ્રમાણ વધુ જણાય છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આનું પ્રમાણ વધારે જણાય છે. તેનું કારણ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. કોમર્સ અને સાયન્સ પ્રવાહમાં આદિવાસી બાળકો દાખલ થાય તેના માટે ખાસ કાર્યક્રમો કરવાની જરૂર લાગે છે. આ પ્રકારનું શિક્ષણ તેમના કૌશલ્યમાં વૃદ્ધિ કરી શકે તેમ છે. આદિવાસી માતૃભાષામાં શિક્ષણ સંદર્ભે પણ વિચારવું રહ્યો. તેની અસર તેમના વિકાસ પર થઈ શકે તેમ જણાય છે. આદિવાસી વિસ્તારની અંદર જે શાળાઓ મર્જ કરવામાં આવી રહી છે. તેની અસર બાળકોની ડ્રોપઆઉટની સંખ્યામાં વધારો થવાની સંભાવના રહેલી છે. તથા ચોમાસા અને શિયાળા જેવી ઋતુમાં ઘરથી અંતર વધતા બાળકોની હાજરી પર પણ અસર થઈ શકે છે.

### 1.3.7. આરોગ્યની સુવિધાઓ સંદર્ભે ભલામણ

ગુજરાત સરકાર દ્વારા હાલમાં આરોગ્યલક્ષી આગોગ્ય અને સ્વચ્છતા સંદર્ભે **દૂધ સંજીવની યોજના** ચાલે છે. જામાં પ્રાથમિક શાળામાં જતા આદિવાસી બાળકોના પોષણનું સ્તર સુધારીને સમૃધ્ધ બનાવવાનો, દૂધ સંજીવની યોજનાના નામે જાણીતો દૂધ આપવા સંબંધિત કાર્યક્રમ વર્ષ ૨૦૦૬-૦૭ માં શરૂ કરવામાં આવ્યો છે. પરંતુ મોટા ભાગના બાળકો દૂધ ન પીતા હોવાથી આ યોજનાનું ધાર્યું પરિણામ મળ્યું નથી. આથી દૂધનો વિકલ્પમાં આદિવાસી વિસ્તારમાં ઇંડાનો ઉપયોગ કરી શકાય.

નર્મદા જિલ્લામાં આરોગ્યની સુવિધામાં ઉણપ જણાય છે. આખા જિલ્લામાં માત્ર ત્રણ હોસ્પિટલ છે. તાલુકા પ્રમાણે એક હોસ્પિટલ હોવી જરૂરી છે. ડેડિયાપાડા જેવા વિસ્તારમાં એરિયા મોટો હોવાથી એમાં એકથી વધું હોસ્પીટલ હોવી જોઈએ. હાલની સ્થિતિએ જોઈએ તો જિલ્લામાં બે લાખની વસતિએ એક હોસ્પિટલ છે. આરોગ્ય સુવિધામાં વસતિની સંખ્યા કરતા પણ અંતર મહત્વનું હોવું જોઈએ. દરેક નાગરિકને કેટલા અંતરે આરોગ્યની સુવિધા મળી રહે છે. તે અગત્યનું છે. આથી તાલુકા કે વસતિને ધ્યાનમાં રાખી અંતર પ્રમાણે સુવિધા ઊભી કરવી જોઈએ.

આદિવાસી વિસ્તારમાં આર્યુવેદિક દવાખાનાઓને વધું પ્રોત્સાહન આપી શકાય. એમાં સ્થાનિક આદિવાસી જ્ઞાનનો પણ લાભ લઈ શકાય. ઘણાં ખરા આદિવાસી વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની મુશ્કેલી છે. જેથી 108ની સુવિધાનો લાભ લઈ શકતા નથી. જ્યાં નેટવર્કની વ્યવસ્થા નથી ત્યાં મોબાઈલ ટાવર અંગે અથવા વૈકલ્પિક વ્યવસ્થા વિચારી શકાય.

### 1.3.8. જમીન સુધારણા અંગે ભલામણો

વન અધિકાર કાયદો (FRA) તેમજ 73AA કાયદાની ચુસ્ત અમલવારી સાથે જમીનસુધારણાના કાર્યક્રમો કરવા જોઈએ. સરકારની વર્તમાન યોજનાઓ આ પ્રમાણે છે.

### કૃષિ વૈવિધ્યીકરણ પ્રાયોજના –

કૃષિ વૈવિધ્યીકરણ પ્રાયોજના અંતર્ગત ખેડૂતોને ઉચ્ચ કક્ષાનું બિયારણ અને ખાતર તથા અદ્યતન ખેતી માટેની તાલીમ ઉપલબ્ધ કરાય છે. આ માટેના નાણા ભંડોળની જોગવાઈ આદિજાતિ પેટા યોજના માટેની ખાસ કેન્દ્રિય સહાય (SCA TO TSP) મારફત કરાય છે. આ યોજનામાં પરિવર્તન કરી આદિવાસીઓની પંપરાગત સજીવ ખેતીને વિકસિત કરવી જોઈએ.

ખેડૂતોની સંખ્યામાં આદિવાસી ખેડુતોની સંખ્યા અલગ તારવીએ, એને અલગ તારવીને એમની જમીનની ગુણવત્તા ચકાસીએ, તેમ જ તેમની પાસે રહેલી સિંચાઈની સગવડો તપાસીએ તો આપણને વાસ્તવિકતાનો ખ્યાલ આવશે. ખૂબ જ ઓછા આદિવાસીઓ ઉદ્યોગો સાથે સંકળાયેલા છે. ઘમાં ઓછા આદિવાસીઓ પાસે જમીન છે. આવા સંજોગો આદિવાસી સમુદાયની મોટાભાગની સંખ્યાને ગૃહ ઉદ્યોગ તરફ વાળી એમને સ્વનિર્ભર બનાવી શકાય તેમ છે. તે માટે સ્થાનિક સંસાધન આધારિત ગૃહ ઉદ્યોગો પર ભાર મૂકી શકા. માત્ર ખેતી જ આજીવિકા માટે પુરતી છે. એમ કહી શકાય નહી.

જમીન સાથે રહેલી વિકાસની તકો સાથે જંગલસાથે જોડાયેલી વિકાસની તકો પણ તપાસવી રહી. બિનખેતી માટે ઉપયોગમાં લેવાયેલી જમીનનો આંકડો સાગબારા અને દેડિયાપાડા તાલુકામાં વધી

રહ્યો છે. તે અંગે ગંભીરતા પૂર્વક વિચારવું જોઈએ. એકથી વધારે વખત જમીનમાંથી પાક લઈ શકે તે અંગે સગવડો વધારવી જોઈએ. જ્યાં નહેરની સુવિધા ઉપલબ્ધ ન થઈ શકે એમ હોય ત્યા બોરવેલ કે કુવા દ્વાર સિંચાઈની સુવિધા આપવાનું વિચારવું જોઈએ. પડતર જમીન અંગે સામૂહિક ખેતી કે અન્ય ગૃહઉદ્યોગો માટે વિચારવું જોઈએ.

### 1.3.9. વન પેદાશ આધારિત ગ્રામોદ્યોગના વિકાસની ભલામણો

- **ગૌણ વન પેદાશનું વ્યવસ્થાપન**

આદિવાસીઓ પેસા એક્ટ હેઠળ ગૌણ વન પેદાશો એકત્રિત કરી તેનું વેચાણ કરવા સ્વતંત્ર છે. આથી આ ગૌણ વન પેદાશોનું ઉત્પાદન અને વેચાણનું યોગ્ય વ્યવસ્થાન કરવામાં આવે તો, તે આદિવાસી વિકાસમાં મહત્વનો ભાગ ભજવી શકે એમ છે. ગૌણ વન પેદાશો અંગે યોગ્ય ભાવ મળી રહે તે માટે TRIFED અને પ્રધાનમંત્રી વન, ધન યોજના તેમજ National Bamboo Mission હાલમાં છે. પરંતું તેમા કેટલીક ક્ષતિઓ હોવાના કારણે પુરે-પુરો લાભ આદિવાસીઓ લઈ શકતા નથી. જેમ બીજા બધા શહેરોમાં ખેત ઉત્પાદન માટે APMC હોય છે. તેમ આદિવાસી વિસ્તારમાં ખેત ઉત્પાદન, વન પેદાશો અને ગૌણ વન પેદાશો માટે TRIFEDની જોગવાઈ હોવી જોઈએ. જેથી આદિવાસી સમુદાયનો જીવનનિર્વાહ જે પેદાશોનું વેચાણ દ્વારા કરી શકે તેનું વેચાણ સ્થળ એક જ હોય તો વેચાણની સરળતા રહેશે. TRIFED હાલ ફોરેસ્ટ વિભાગ દ્વાર ચાલે છે. તેની જગ્યાએ. APMCની જેમ લોકભાગીદારીથી ચાલવી જોઈએ. એમાં આદિવાસી સમુદાયની જ ભાગીદારી હોય તે રીતે આયોજન કરવું જોઈએ. TRIFED વેલ્યુ એડેડનું પીઠબળ પણ પુરુ પાડે. એવું વ્યવસ્થાપન કરવું જોઈએ.

- પેસા એક્ટ લાગુ પડતા વિસ્તારમાં **Agricultural Produce Market Committee** (APMC) અને Minor Forest Produces (MFP) અને Pradhan Mantri Van Dhan Yojana (mera van – mera dhan- mera Udyam)ને TRIBAL COOPERATIVE MARKETING DEVELOPMENT FEDERATION OF INDIA LIMITED (TRIFED)માં ભેળવી દેવા જોઈએ.
- MARKETING DEVELOPMENT FEDERATION OF INDIA LIMITED (TRIFED)ના માળખામાં ફેરફાર કરી આદિવાસી પેસા એક્ટની જોગવાઈ મુજબ કરવું જોઈએ.

- TRIFEDમાં માર્કેટીંગ માટે હાલમાં જે મોબાઈલ એપ અને ઓનલાઈન વેબસાઈટ પર સગવડ છે. તેનો ઉપયોગ વ્યવસ્થાપન અને વેચાણ માટે કરી શકાય.
- એ ઉપરાંત ગુજરાત કક્ષાની જોહાર નામની મોબાઈલ એપ અને ઓનલાઈન વેબસાઈટ બનાવી  શકાય.
- હાલમાં આદિવાસીઓમાં સન્માન અને વંદના માટે વપરાતો શબ્દ જોહાર દરેક પ્રોડક્ટના નામ આગળ લગાડી શકાય.
- આદિવાસી પેસા એક્ટની જોગવાઈ મુજબ **Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee** (GTAFPMC) એવું નામ રાખી શકાય.
- Minimum Support Price (MSP) & Value chain Developmentની સગવડ હશે.

### 1.3.10. જમીન અધિકારોની ભલામણ

વન અધિકાર કાયદો (FRA) તેમજ 73AA કાયદાની ચુસ્ત અમલવારી થવી જોઈએ.

### 1.3.11. સજીવ ખેતી સંદર્ભે બજાર વ્યાવસ્થાની ભલામણો

Gujarat Tribal Agricultural and Forest Produce Market Committeeનું પણ વહીવટી માળખું જરૂરિયાત પ્રમાણે લોકશાહી ઢબે ગોઠવી શકાય. અથવા તો હાલની TSPના વહીવટી માળખાનો ઉપયોગ કરી પણ માર્કેટીનું વ્યવસ્થાપન ગોઠવી શકાય.

### 1.3.12 જળ વ્યવસ્થાપનની ભલામણો

આદિવાસીઓ અને જળસંવર્ધનના માળખાને સમજવું હોય તો આદિવાસીઓના આખા જીવનવ્યવહારને સમજવું પડશે. માત્ર પાણી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી નહી ચાલે. જળ સાથે જંગલ અને જમીનનો પ્રશ્ન પણ એટલોજ મહત્વનો છે. જમીન અને જંગલ પર અસર થાય તો તેની અસર જળ ઉપર પણ પડવાની જ છે. કુદરતની દરેક પ્રક્રિયા એકબીજા સાથે જોડાયેલી છે.

પાણી એ પ્રાકૃતિક શ્રોત છે. કોઈ પણ પ્રાકૃતિશ્રોતનું જો આપણે સંવર્ધન કરવું હોય તો પ્રાકૃતિક પદ્ધતિથી કરશું તો જ તેનું સંવર્ધન શક્ય બનશે. જળાશયો, તળાવડીઓ કે કુવા ખોદવાથી પાણીનું સંવર્ધન શક્ય નથી. પાણીના સંવર્ધન માટે પાણીના પ્રાકૃતિક સ્વભાવને સમજવું પડશે. પાણીનો સ્વભાવ વહેવાનો છે. પાણીને વહેતા રોકશો તો પાણીના શ્રોત નબળા પડશે. અને ધીરે ધીરે પાણી જમીનમાંથી

બહાર આવવાનું બંધ પડશે. આથી મનુષ્યયે એ વિચારવું પડશે કે તેમનું કોઈપણ કાર્ય કે વર્તન પ્રકૃતિના કોઈપણ પદાર્થની કાર્યપદ્ધતિને નુકશાન તો નથી કરતું ને ?. તેનું ધ્યાન રાખવું પડશે. આદિવાસી સમુદાય હંમેશા જળ, જંગલ અને જમીન બચાવવાની વાત કરતો આવ્યો છે. આદિવાસીના પૂર્વજો કુદરત સાથે જીવતા હતા. કુદરતના એક અંગ તરીકે જીવતા હતા. આથી તે કુદરતને સમજતા હતા. આજે આપણે કુદરતને સજીવની રીતે જોતા નથી. કુદરતી સંશાધનને ઉપયોગનું સાધન માની લીધું છે. આથી કુદરત સાથે આપણો વ્યવહાર બદલાય ગયો છે. જેનું પરિણામ આપણે હાલમાં ભોગવી રહ્યા છે. એના માટે સૌથી મોટું જવાબદાર પરિબળ આપણી જીવનપદ્ધતિ છે.

### 1.3.13. પશુપાલનક્ષેત્રે વિકાસની ભલામણો

સરકાર દ્વારા હાલમાં આદિવાસી વિસ્તારમાં પશુપાલન માટે **સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ** ચાલે છે. આ પ્રાયોજનાનો હેતુ પ્રાયોજના પૂરી થાય તે સમયગાળામાં દરેક ભાગ લેનાર પરિવારને ઓછામાં ઓછા ચાર પશુઓનું એકમ મળી રહે તેવો છે, જેથી ડેરી ઉદ્યોગ પૂરા સમય અને આર્થિક રીતે પોષણક્ષમ વ્યવસાય બની રહે.

પશુપાલ જેની પાસે ખેતીની જમીન હોય એને પુરક વ્યવસાય તરીકે વધુ અનુકુળ આવે છે. બીજા માટે દૂધ આપે ત્યાં સુધી અનુકુળ વ્યવસાય બની રહે છે. બાકીના સમયમાં બોજારૂપ બની રહે છે. ઘણાં બધા આદિવાસી કુટંબો રોજગારી સહપરિવાર સ્થળાંતર કરે છે. અથવા કામ કરવા માટે દરરોજ જાય છે. આવા સંજોગોમાં ટંકે લાવીને ખાનારા કુંટુંબો માટે પશુપાલન પરવડે એમ નથી. આદિવાસી વિસ્તારમાં બકરાં ઉછેરને પણ ઉત્તેજન આપી શકાય. કારણ કે બકરાંઓ માટે બારેમાસ ઘાંસચારો મળી રહેવાની સંભાવના આ વિસ્તારમાં વધુ રહેલી છે. પશુપાલન માટે યોજના અંગે વિચારીએ ત્યારે વ્યક્તિની સ્થિતિ, ક્ષમતા અને તેની પાસે ઉપલબ્ધ સંસાધનના આધારે સહાય કરી આ યોજનને ઉત્તેજ આપી શકાય. ઉપરાંત આ વ્યવસાય સાથે સંકળાયેલા યોગ્ય વળતર આપે તેવા બજારની પણ વ્યવસ્થા વિચારવી જોઈએ.

### 1.3.14. મત્સ્ય ઉદ્યોગના વિકાસની ભલામણો

આદિવાસી વિસ્તારમાં જે નાના ડેમ છે. તેમા બારેમાસ પાણી રહે તેવું આયોજન કરી મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન આપ શકાય તેમ છે. આદિવાસી વિસ્તારમાં ઘણાં ઓછા લોકો એકથી વધારે યોજનાનો લાભ લઈ જાય છે. જેના કારણે ઘણી અસમાનતા જોવા મળે છે. આ અસમાનતા તરફ ધ્યાન આપવાની જરૂર લાગે છે. નર્મદા જિલ્લામાં આવેલ નર્મદા યોજના, કરજણ યોજના, નર્મદા નદી કે સાગબારામાં તાલુકામાં આવેલ નાના ડેમો કે જ્યાં પાણીની વ્સ્થા બારેમાસ રહી શકે તેમ છે. તેવા

પાણીવાળા વિસ્તારોને બ્લોકમાં વહેચી આસપાસ ગામના લોકોની મંડળી બનાવી જુદી જુદી મંડળીને બ્લોકની વહેંચણી કરી મત્સ્ય ઉદ્યોગ માટે પ્રોત્સહન આપી શકાય. આખા જિલ્લામાં નર્મદા જેવી વિશાળ નદી હોય, સરદાર સરોવર જેવી વિશાળ જળાશય યોજના હોય, કરજણ જળાશય યોજના હોય તેની સામે માત્ર 1680 જેટલા લોકોનો જ મત્સ્ય ઉદ્યોગાંથી રોજગારી મળતી હોય એ ઊચિત વ્યવસ્થાપન નથી.

### 1.3.15 સ્થાળાંતર મજુરો માટેની ભલામણો

સરકારી આંકડાઓ મુજબ દેડિયાપાડામાં સૌથી ઓછા કામ ન કરનારા હોવા છતાં ત્યાં ગરીબી વધારે છે. માટે કામ કરવાથી કે કામ મળવાથી વિકાસ થઈ જતો નથી. પરંતું કામ કેવા પ્રકારનું છે ? મહેનતાણું કેટલું મળે છે ? ખર્ચ કેટલો થાય છે ? કામ કયું છે ? આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. કામ નહી કરનારની સંખ્યા નાંદોદ, ગરૂડેશ્વર અને તિલકવાડામાં સૌથી વધુ છે. બીજી તરફ મુખ્ય કામદારોની સંખ્યા નાંદોદ, સાગબારા અને તિલકવાડામાં વધું છે. જ્યાં આદિવાસીઓની વસતિ પણ બીજા તાલુકાથી ઓછી છે. સીમાંત કામદારોમાં પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા વધુ છે. તો બીજી તરફ કામ નહી કરનારાઓમાં પણ પુરુષ કરતા સ્ત્રીઓનું પ્રમાણ વધું છે. તેનું કારણ તપાસવું રહ્યું.

### 1.3.16 બજાર સુવિધાની ભલામણો

ગુજરાત સરકાર દ્વારા હાજમાં આદિવાસી વિસ્તારોમાં હાટ બજાર સુવાધાની જોગવાઈ કરવામાં આવી છે. જે આદિવાસી વિસ્તારોના ગ્રામીણ પ્રદેશમાં દર અઠવાડિયે ભરાતું હાટ આદિવાસીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે તેમજ પોતાનાં કૃષિ અને આનુસંગિક ઉત્પાદનો બનાવીને તેનું વેચાણ કરવા માટે તેમજ હસ્તોદ્યોગની બનાવટો વેચવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

આ વ્યવસ્થા સિમિત છે. સિમિત વસ્તુઓ માટે આ વ્યવસ્થા બજારપુરુ પાડે છે. તેમ જ આ બજારમાં પણ બિન આદિવાસીઓને વિશેષ લાભ મળે છે. તેની જગ્યાએ નીચે જણાવેલ માળખા પ્રમાણે બજાર વ્યવસ્થા કરવા માટે ભલામણ કરું છું.

**Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee** (GTAFPMC)

Gujarat Tribal Agricultural and Forest Produce Market Committee**નું માળખું આ પ્રમાણે હોય શકે.**

- પેસા એક્ટ લાગુ હોય તેવા તમામ તાલુકા કક્ષાનું CLUSTER હશે. જે Tribal Agricultural and Forest Produce Market Committeeના નામથી ઓળખાશે.
- વન ગૌણપેદાશો ભેગા કરવા અને મૂલ્યવર્ધન કરવા માટે ગ્રામસભાએ મંજૂર કરેલ સભ્યોનું એક સ્થાનિક સેન્ટર હશે.
- તાલુકામાં એકથી વધારે સેન્ટર હોઈ શકે છે. એક સેન્ટરમાં ઓછામાં ઓછા 20(વધુ લોકોનો પ્રોત્સાહન મળે એટલા માટે) સભ્યો હશે. વધારેમાં વધારે ગમે તેટલા હોઈ શકે. આ તમામ સભ્યો તાલુકા કક્ષાના Tribal Agricultural and Forest Produce Market Committee બોડીના સભ્યો ગણાશે.
- તાલુકા કક્ષાએ પ્રમુખ/મંત્રી, સેક્રેટરી જેવા જરૂરિયાત પ્રમાણે પદો ઊભા કરી ગ્રામસભામાંથી સુચવાયેલા સભ્યોમાંથી પસંદગી કરી શકાય.
- તાલુકા કક્ષાના તમામ જૂથો Gujarat Tribal Agricultural and Forest Produce Market Committeeની સભ્યો ગણાશે.
- Gujarat Tribal Agricultural and Forest Produce Market Committeeનું પણ વહીવટી માળખું જરૂરિયાત પ્રમાણે લોકશાહી ઢબે ગોઠવી શકાય. અથવા તો હાલની TSPના વહીવટી માળખાનો ઉપયોગ કરી પણ માર્કેટીનું વ્યવસ્થાપન ગોઠવી શકાય.
- તાલુકા કક્ષાના સેન્ટમાં વેલ્યુ એડેડ પ્રોડક્ટ કરવાની સગવડો ઊભી કરી શકાય.
- રાજ્ય કક્ષાનું માળખું વેલ્યુ એડીશનની અને તેને લગતા સાધનો ચલાવવાની તાલીમ આપવામાં, વેલ્યુ એડેડ સંસાધનો પુરા પાડવામાં મદદરૂપ થશે.
- રાજ્ય કક્ષાનું માળખું સ્ટોરેજ અને પરિવહનની સગવડ પુરી પાડશે.
- રાજ્ય કક્ષાનું માળખું બ્રાન્ડીગ અને માર્કેટીંગનું કામ કરશે.
- રાજ્ય કક્ષાનું માળખું અનેક સંસ્થાઓ સાથે જોડાણ કરશે.
- રાજ્ય કક્ષાનું માળખું Quality Control & Testing/Certification Labsનું માળખું ઊભુ કરશે.
- રાજ્ય કક્ષાનું માળખું પ્રદર્શન વેચાણ માટેના મેળવડાઓનું આયોજન કરશે.

**Johar Web & Mobile Applicationમાં સગવડો**

- આ એપમાં ઉત્પાદન સામગ્રીનું સંગ્રહ કરનાર કેન્દ્રની વિગતો, ઉત્પાદનની વિગતો, પ્રોડક્ટની વિગતો, ભાવ, સંપર્કની વિગતો હશે,
- ,તાલીમની વિગતો, સભ્યોની વિગતો, ઓનલાઈન ખરીદી અને વેચાણની સગવડો અને તેની માહિતી પણ હશે.
- દરેક સેન્ટર પ્રમાણે કે વ્યક્તિગત વેચાણ કરવા માટે એકાઉન્ટ ખોલવાની સગવડ હશે.
- વ્યક્તિગત વેચાણ કરનાર તથા તેની પ્રોડક્ટની વિગત હશે.
- વેલ્યુએડેડ પ્રોડક્ટ કરવા માટે જરૂરી સાધન-સામગ્રીની વિગત તેમજ તે સાધન ખરીધવાની જોગવાઈ હશે.
- આ એપ દ્વારા દરેક સેન્ટરોનું મોનીટરીંગ પણ કરી શકાશે.
- આ એપ પર સેન્ટર કે વ્યક્તિના લોકેશનની પણ જાણ થશે.
- લોગીન કરનાર દરેક સેન્ટર કે વ્યક્તિ અગાઉના વ્યવહારની વિગત પણ સાચવવાની સગવડ રહેશે.
- ખરીદનાર અને વેચનાર બંન્નેએ લોગીન કરવાનું રહેશે. તાલુકા કક્ષાના સેન્ટરો PFMS કે Gemમાં રજીસ્ટ્રેશનની જોગવાય હશે.
- હાલમાં ખરીદી અને વેચાણ માટે ઉપલબ્ધ અન્ય પ્લેટફોર્મ પરથી પણ વેચાણ કે ખરીદી કરી શકાશે.
- આ એપમાં આદિવાસીઓના વિવિધ મેળાવડાઓ વિશે પણ માહિતી અપડેટ થતી રહેશે. જેથી ત્યાં રૂબરૂ જઈ વેચાણ કરી શકે.

## 1.3.17. લોન ધિરાણ સુવિધાની ભલામણો

ગુજરાત સરકાર દ્વારા હાલમાં જુદાજુદા વ્યવસાય માટે લોન આપવામાં આવે છે. જેમ કે

- સંસ્થાગત ધિરાણ
- સહકારી મંડળી ના સભ્યને વ્યક્તિગત ધિરાણ મૂડી

- સ્વરોજગારી હેઠળ વ્યક્તિગત ધિરાણ
- Beneficiaries
- ઈન્ટીગ્રેટેડ ડેરી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (આઈ.ડી.ડી.પી)
- નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે નાણાકીય સહાય
- માઈક્રો ક્રેડિટ લોન યોજના
- મહિલા સશક્તિકરણ યોજના
- Loan Summary
- યોજનાકીય માહિતી પુસ્તિકા
- નાહરી કેન્દ્ર (રાજ્ય સરકારશ્રી દ્વારા સહાયિત)
- શિક્ષારૂણ ( NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- ટ્રેકટર વીથ ટ્રોલી (NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- મોબાઇલ કુડવાન (NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- પોલ્ટ્રી ફાર્મ (NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- ઓટો રીક્ષા (છકડો) (NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- માછીમારીની યોજના (NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- IELTS & TOFELની તાલીમ (રાજ્ય સરકારશ્રી દ્વારા સહાયિત)
- ઇકોવાન (NSTFDC, કેન્દ્ર સરકારશ્રી દ્વારા સહાયિત)
- આદિજાતિ લોકોને બેન્ક મારફતે ધંધા રોજગાર માટે ખરીદી કરેલ વાહન ઉપર ૬% ના વ્યાજના દરે સબસીડી આપવા બાબત
- આદિજાતિના લોકોને બેન્ક મારફતે સ્વરોજગારી યોજના હેઠળ કોર્પોરેશને નક્કી કરેલા ધંધા રોજગારના હેતુઓ માટે

આ લોન યોજનાને અનુરૂપ બજાર વ્યવસ્થા ન હોવાથી મોટા ભાગે લોન ભરપાઈ કરી શકતા નથી. આથી બજાર ઉપલબ્ધ કરાવી તેને અનુરૂપ લોન આવવી જોઈએ. તથા આધિવાસીઓની પરંપરાગત કલાને વિકસાવી તે સંદર્ભે લોનની વ્યવસ્થા કરવી જોઈએ. આદિવાસી વિસ્તારમાં લોનની જગ્યાએ શ્રમ, ક્ષમતા અને  ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને જ વિકાસ કરવો જોઈએ.

# 2. આદિવાસી વિકાસના અભિગમ

2.1 પ્રસ્તાવના

## વિકાસની પરિભાષા

વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારનો વિકાસ કેટલાક વર્ગને જ સ્પર્શતો હતો. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે. પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. એકાદ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ પણ જોવા મળે છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થ માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્ર્યના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. વિદ્યુત જોશી વિકાસની પ્રક્રિયા વિશે જણાવતા કહે છે "જ્યારે આપણે ધ્યેયો કહીએ છીએ ત્યારે આપણે સામાન્ય રીતે વિકાસ કે તેના અભાવને પ્રભાવિત કરતાં ઊંડા સાસ્કૃતિક મૂળોનો જ નિર્દેશ કરતા હોઈએ છીએ. પરંતુ વિકાસ તો લોકોની ક્ષમતાઓને પ્રગટાવી, પ્રોત્સાહિત કરી ખિલવવાની પ્રક્રિયા છે. "(વિદ્યુત જોષી, આદિવાસી વિકાસ દર્શન-2021- 11). ટૂંકમાં હવે વિકાસને માપવા માટે હવે આર્થિક અને બિનઆર્થિક એમ બન્ને પરિબળો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકો શિક્ષણ અને વ્યવસ્થા, સંસ્કૃતિ, ભૂમિવિમુખતા, ક્ષમતા નિર્માણ, શ્રમ અને રોજગારી, ખેતીની વ્યવસ્થા, સ્થાનિક સંશાધન સાથેનું જોડાણ, વગેરે નિર્દેશકોને ધ્યાનમાં રાખી વિકાસ સંદર્ભે યોજના ઘડાવી જોઈએ.

ગુજરાતમાં વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ. સાંસ્કૃતિક તરેહોમાં ભૌગોલિક એકમ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભોગોલિક દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતના ત્રણ ભાગ પડે છે. 1. દ્વિપકલ્પનો પટ્ટો 2. મેદાની પટ્ટો અને 3. ડુંગરાળ પટ્ટો. ભરૂચ જિલ્લો ત્રીજા ભાગના ભૌગોલિક વિસ્તારમાં આવે છે. આથી આ પ્રદેશના વિકાસની તકો જુદા પ્રકારની છે. ભરૂચ જિલ્લામાં મેદાની પ્રદેશ ઘણો ઓછો છે. આ પ્રદેશની ભોગેલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ.

- આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા હોવાથી આદિવાસીઓમાં પ્રતિભામાં પણ અનેક વિવિધતા છે. તેમના રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી જોઈએ.

- આ વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા વિશેષ હોવાથી, પ્રાકૃતિક સંપદાના આધારે તેમનામાં કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ.

- તાલીમ આપનાર કે તાલીમાર્થી સ્થાનિક હોય માત્ર ટેકનિક સપોટ આપવું જોઈએ.

- વિવિધક્ષેત્રોમાં તેમનામાં રહેલી હુન્નર, કલાને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી જોઈએ.

- તેમનામાં રહેલી કલા કે હુન્નરનો ઉપયોગ તેમના જ જીવનામાં વધુ થતો હોય તેવી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી વિકસાવવું જોઈએ. જેથી સ્થાનિક બજાર ઊભુ કરવામાં સરળતા રહે.

- ભરૂચ જિલ્લાના દરેક તાલુકાની સાંસ્કૃતિ વિશેષતા પણ અલગ અલગ છે. આથી આ વિસ્તારમાં વિકાસ કરવા માટે અલગ અલગ ઘટકો બનાવી વિકાસનું માળખું બનાવવું જોઈએ.

- ભરૂચ જિલ્લામાં બોલીભેદ પણ ઘણાં છે. આથી શિક્ષણ સંદર્ભે આ વિવિધતાને પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

### 2.2 આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો

- આદિવાસી વિસ્તારમાં માળખાકીય સવલતો ઊભી કરવાથી તેમનો વિકાસ થાય છે.

- આદિવાસી વિસ્તારમાં શિક્ષકો અને શાળા પુરતા પ્રમાણમાં હોવાથી શિક્ષણનું પ્રમાણ વધે છે.

- આદિવાસી વિસ્તારમાં જુદીજુદી યોજનાઓ લાગુ કરવાથી વિકાસ થાય છે.

- સિંચાઈની વ્યવસ્થા કરવાથી વિકાસ થાય છે.

- શિક્ષણથી વિકાસ થાય, છે.

- આદિવાસી વિસ્તારમાં ગમે તેટલી યોજનાઓ દાખલ કરો એમનો વિકાસ થવાનો નથી.

- વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો.

ઉપોરોકત ખોટા ખ્યાલોને ધ્યાનમાં રાખી આદિવાસી વિસ્તારમાં વિકાસ માટે નવી દિશા અને નવા અભિગમો વિશે વિચારવું જોઈએ. ભરૂચ જિલ્લામાં વસતા આદિવાસીઓની સાંસ્કૃતિ અને ભૌગોલિક પરિસ્થિતિ જુદી હોવાથી તેના વિકાસનો અભિગમ પણ જુદો હોવો જોઈએ.

## 2.3 આદિવાસી વિકાસનો નવો અભિગમ

આઝાદી પછી આદિવાસીઓના વિકાસ માટે સરકારે તેમ જ સંસ્થાઓએ અનેક પ્રયાસો કર્યા છે. પરંતું પ્રમાણમાં સફળતા ઓછી મળી છે. એના કારણો તપાસીએ તો જણાય આવે છે, કે એ વિકાસના બધા જ માપદંડો તજજ્ઞોની બુદ્ધિની નિપજ હતી. એ વિકાસ માટે આદિવાસીઓ સાધન માત્ર હતા. આદિવાસીઓની અપેક્ષા, ક્ષમતા, જરૂરિયાતને ધ્યાનમાં રાખ્યા વગર યોજનાના ભાગરૂપે વિકાસ કરવાના પ્રયાસ થયા છે. આથી આદિવાસી વિકાસ અંગે નવો અભિગમ અપનાવવાની જરૂર લાગે છે. આદિવાસી વિકાસના નવા અભિગમ માટે નીચે મુજબની બબાતોને ધ્યાનમાં લેવાની જરૂર લાગે છે.

- ભરૂચ જિલ્લામાં વસતા આદિવાસીઓમાં કઈ કઈ ક્ષમતાઓ છે. તેની શોધી તેમની ક્ષમતાઓમાં વૃદ્ધિ કઈ રીતે કરી શકાય તે અંગે વિચારવું જોઈએ.
- આદિવાસીઓમાં રહેલી ક્ષમતાઓ અનુસાર તાલીમની વ્યવસ્થા કરી શકાય. ટ્રેનીંગ પણ સ્થાનિક વિસ્તારમાંથી જ વધુ ક્ષમતા ધરાવતા હોય તેવા ટ્રેનર દ્વારા અપાવી જોઈએ.
- આદિવાસી વિકાસમાં માત્ર આર્થિક વિકાસને વધારે પ્રાધાન્ય અપાય છે. તેની જગ્યાએ માનવ વિકાસના સંદર્ભમાં તમામ પાસાઓને ધ્યાનમાં રાખી વિકાસના અભિગમો વિચારવા જોઈએ.
- આદિવાસી વિસ્તારમાં વિકાસના કામો, યોજનાનું સ્વરૂપ, યોજનાનો સમયગાળો નક્કી કરવાની સત્તા ગ્રામસભાને આપવી જોઈએ.
- યોજનાઓનુ નિર્માણની સાથે તેનું સંચાલન પણ એજન્સીને આપવા કરતા સ્થાનિક સમિતિ જ કરે તે જરૂરી છે. સુચારું સંચાલન માટે સ્થાનિક સમિતિને તાલીમ આપી તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય.
- આદિવાસી વિસ્તારમાં આર્થિક સહાય કરતા તકનિકી સહાય, કૌશલ્યવર્ધન માટે તાલીમની સહાય, બજારની સહાય આપી તેમનામાં આત્મવિશ્વાસ ઊભો કરવાની જરૂર છે. તે દ્વારા આત્મનિર્ભરની દિશામાં લઈ જવું જોઈએ.

- વ્યક્તિગત યોજનાઓ કરતા સામૂહિક યોજનાઓ પર વધારે ભાર મુકાવો જોઈએ.

ઉપરોક્ત બાબતો પરથી એમ કહી શકાય કે, આદિવાસીઓનો વિકાસ સંપોષિત વિકાસ હોવો જોઈએ. એ માટે તેમની સાંસ્કૃતિક અને ભૌગોલિક અને સ્થાનિક પરંપરાગત વહિવટી માળખાને અનુરૂપ વિકાસનું માળખું ગોઠવાવું જોઈએ. ટૂંકમાં આદિવાસીઓના પોતાના જે કૌશલ્યો છે, તેમની પાસે જે ક્ષમતા છે તેમાં વૃદ્ધિ કરવી એ જ સાચો આદિવાસી વિકાસ છે. ભરૂચ જિલ્લાના આદિવાસીઓની સાંસ્કૃતિક અને ભૌગોલિક અને સ્થાનિક પરંપરાગત વહિવટી માળખાને જોતા નીચે મુજબના કૌશલ્યો અને ક્ષમતામાં વૃદ્ધિ કરી આદિવાસી વિકાસ કરી શકાય.

## 2.4 સામાજિક- સાંસ્કૃતિક વિકાસ

ભરૂચ જિલ્લામાં પરંપરાગત ખવાતા ખોરાકનનું પ્રોટીનની દૃષ્ટીએ તપાસ કરી. પ્રોટીનવાળા ખોરાકનું જતન કરવું જોઈએ. તે માટે પરંપરાગત અનાજ બેંકની સગવડ ઊભી કરવી જોઈએ. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવું જોઈએ. ખેતી આધારિત અને જંગલમાંથી મળી રહેતા કુદરતી ખોરાકના શ્રોતને સંવર્ધન કરવું જોઈએ. ખોરાક પકવવાની રીત, સાચવવાની રીતમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય.

પરંપરાગત સામાજિક માળખાને ટકાવી રાખવા પ્રયાસો કરવા જોઈએ. સામાજિક માળખાને તોડનાર પરિબળોને શોધીને એવા પરિબળોને આદિવાસી વિસ્તારમાં ન પ્રવેશે તેની કાળજી રાખવી જોઈએ. સંયુકત કુટુંબ, સામૂહિક કાર્ય, સામૂહિક ઉત્સવો, પરંપરાગત ઉત્સવો, પરંપરાગ નૃત્યો, પારંપારિક પૂજા-અર્ચના, વગેરેને પ્રોત્સાહન આપી સંવર્ધન કરવું જોઈએ. એમાં રહેલા દુષણો સામે સ્વસમજ કેળવવાવી સ્વયં દુર કરે તેવા પ્રયાસ કરવા જોઈએ. આ દુષણો દુર કરવા તેમના જ સમુદાયના વડીલો નેતૃત્વ કરે તેવા પ્રયાસો કરવા જોઈએ.

તેમની આસપાસની પ્રાકૃતિક સંપદામાંથી ચિકિત્સા મળી રહે તેવો અભિગમ વિકસાવવો જોઈએ. એ માટે તેમની પાસે રહેલા પરંપરાગત જ્ઞાનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરવી જોઈએ. એ માટે જરૂરી તકનિકી સહાય પુરી પાડી શકાય.

પરંપરાગત સામાજિક અને ધાર્મિક પસંગો જે ઓછા ખર્ચાળ, પર્યાવરણ સંરક્ષણવાળા અને દુષણ અને પ્રદુષણ રહિત છે. તેવા સામાજિક પ્રસંગોને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવા જોઈએ.

## 2.5 શૈક્ષણિક વિકાસ

ભરૂચ જિલ્લામાં કઠાલિયા, તડવી, દેહવાલિયા, માથવાડિયા, આંબુડિયા, વગેરે પાંચેક બોલીભેદ વાળા સમુદાય રહેતા હોવાથી શરૂઆતનું શિક્ષણ પ્રદેશ ભેદે બોલી ભાષામાં મળે તેવા પ્રયાસ કરવા જોઈએ. અભ્યાસક્રમમાં આવતી સામગ્રીમાં સ્થાનિક સંસ્કૃતિ, જીવનશૈલી આવે તેવા પ્રયોજનો કરવા જોઈએ. બાળશિક્ષણમાં પરંપરાગત બાળકૌશલ્યોને વિકસાવવાની તક મળે તેવું શાળાનું વાતાવરણ ઊભું કરવું જોઈએ. બાળ રમતોમાં પરંપરાગત બાળ રમતોને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. પરંપરાગત બાળશિક્ષણમાં રહેલા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, સાહસવૃત્તિ, શ્રમનો મહિમા, સમૂહશિક્ષણ, વગેરેના અભિગમોને વિકસાવવા જોઈએ. બાળકોમાં તોલ-માપના પરંપરાગત માપદંડોનો આધાર લઈ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવો જોઈએ. પોતાની આસપાસની વિવિધ જીવસૃષ્ટિની ઓળખ, વન્યસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ, જળસૃષ્ટિની ઓળખની તક બાળકને બાળપળથી જ મળવી જોઈએ. વૃક્ષ-વનસ્પતિની ઓળખ, તેની ઉપયોગીતા, તેના ગુણ-દોષ અંગેની સમજ બાળકને મળતું રહે તેવું માળખું શાળામાં ગોઠવાવું જોઈએ. પહેલા પરંપરાગ રીતે બાળક પરિવારના સભ્યો પાસેથી જ્ઞાન શીખતું હતું. તે જ્ઞાનથી શાળામાં જવાથી બાળક વંચિત ન રહે તેની તકેદારી રાખવી જોઈએ. આદિવાસી સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણ અપાવું જોઈએ. જેથી બાળક પોતાની સંસ્કૃતિથી દુર ન ભાગે. પોતાની સંસ્કૃતિને સન્માનથી જોતા શીખે. પરંપરાગત કલાઓનું જ્ઞાન બાળકને શાળામાં જ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. પ્રાથમિક શિક્ષણ સ્થાનિક ભાષામાં ત્યારબાદ ક્રમશ રાજ્યભાષા, રાષ્ટ્રભાષા અને આંતરરાષ્ટ્રીયભાષામાં જ્ઞાન પ્રાપ્ત થાય તેવું માળખું ગોઠવવું જોઈએ. આદિવાસી વિસ્તારમાં ઉપયોગી બને તેવા પ્રવાહ અને કૌશલ્યવાળું પણ શિક્ષણ મળે તેવી જોગવાઈ કરવી જોઈએ.

## 2.6 વ્યવસાયિક કળા – કૌશલ્યોનો વિકાસ

ભરૂચ જિલ્લાના આદિવાસીઓ પાસે પ્રાપ્ત ચિત્રકલા, કાષ્ઠકલા, હસ્તકલા, લોકશિલ્પ, લોકનૃત્યકલા, વાંસકલા, રસોઈકલા, રમતકલા, માટીકલા, આદિવાસી ટેકલોલોજી - મકાન બનાવવાની ટેકનોજી, ખેતી કરવાની ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની ટેકનોજી, શિકાર કલા, દારૂબનાવવાની કલા, મોતીકલા, લોકકસબ, ઉર્જા શક્તિની ટેકનોજી, ગીલોલ, ગોફણકલા, વગેરે કલાઓને વ્યવસાયિકરણ થાય તે માટે જરૂરી તકનિકી સહાય અને બજાર ઉપલબ્ધ કરાવવું જોઈએ.

## 2.7 પરંપરાગત ક્ષમતાઓનો વિકાસ

ભરૂચ જિલ્લાના આદિવાસીઓ પાસે પ્રાપ્ત ચિત્રકલા છે. તેને વધુ તાલીમ આપી તેનું વ્યવસાયીકરણ કરી શકાય. કાષ્ઠકલાને પણ વધુ કેળવી તેના માટે બજાર ઉપલભ્ધ કરી શકાય.

પરંપરાગ હસ્તકલાઓની સાથે સ્થાનિય સંસાધનોને ધ્યાનમાં રાખી અન્ય કલાઓનું તાલીમ આપી તેને વિકસાવી શકાય. લોકશિલ્પ માટે પણ તકનિકી સહાય કરી વધુ કલાત્મક બનાવી શકાય છે. લોકનૃત્યકલાઓમાં પણ વેશભુષામાં પરિવર્તનો કરી વધુ કલાત્મક બનાવી શકાય. વાંસકલાને પણ તકનિકી તેમ જ વાંસકલાની ભિન્ન ભિન્ન કલાત્મકતાની તાલીમ આપી તેનું વ્યસાયીકરણ કરી શકાય. રસોઈકલામાં જંગલમાંથી ઉપલબ્ધ થતી વિવિધ સામગ્રીમાંથી બનાવાતી વિવિધ વાનગીઓની વૈજ્ઞાનિક રીતે તપાસી તેને ગુણવંતા તથા તેમાં રહેલા પ્રોટીન વિશે અવગત કરાવવા જોઈએ. આદિવાસીઓની પરંપરાગત આદિવાસી રમતકલાને પ્રોત્સાહન આપી બાળપણથી આદિવાસી બાળકોમાં સાહસવૃત્તિ કેળવી શકાય, માટીકલા દ્વારા બનાવતા રસોઈના સાધનોના ફાયદાઓ વિશે પ્રચાર પ્રસાર કરી એ કલાને પ્રોત્સાહન આપી શકાય. તેમ જ વિવિધ તાલીમાંનું આયોજન કરી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકાય. સ્થાનિક સાંસ્કૃતિક પરિવેશ સાથે જોડાયેલી કલાઓને બીજા પ્રદેશની કલાઓ સામે મૂકી તેમા રહેલા સારપ અને નબળાયઓ દર્શાવી કલે વિકસાવી શકાય. આદિવાસીઓ પાસે પરંપરાગત ઘણી ટેકલોલોજી છે. જેમકે – પરંપરાગત મકાન બનાવવાની ટેકનોજી, ખેતી કરવાની ટેકનોજી, ખેતીમાં પાણી પીવડાવવાની ટેકનોજી, વગેરે ટેકનોલોજીઓને વૈજ્ઞાનિક અભિગમ આપી વિકસાવી શકાય. શિકાર કલા તથા દારૂબનાવવાની કલાને પણ બીજી રીતે ઉપયોગી કરી તેને સર્જનાત્મક બનાવી શાકાય. મોતીકલાને બજાર અને તકનીકા સહાય આપી વિકસાવી શકાય. આદિવાસી પાસે રહેલા લોકકસબને લોકશિક્ષણ માટે ઉપયોગ કરી શકાય. ગીલોલ, ગોફણકલા, વગેરે કલાઓને વ્યવસાયિકરણ થાય તે માટે જરૂરી તકનિકી સહાય અને બજાર ઉપલબ્ધ કરાવવું જોઈએ. ઉર્જા શક્તિની ટેકનોજીમાં મહુડાના ડોળીનું તેલ જેને ખાવામાં ઉપયોગ લેવામાં આવે છે. જુદા જુદા વૃક્ષોની બીજમાંથી કાઢવામાં આવતું તેલ જેને પ્રકાશ મેળવવા માટે સળગાવવામાં આવે છે. આ તમામ કલાઓને તકનીકી સહાય દ્વારા વધુ વિકસાવી શકાય. આ બધી જ કલાઓના વિકાસમાં એ ધ્યાન રાખવું પડશે કે એમાં સંપોષિતતા સાચવવી જોઈએ. એ વિકાસમાં આદિવાસી સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખવું પડશે.

### 2.8 સામૂહિક જીવનશૈલીનો વિકાસ

આદિવાસીઓની પરંપરાગત જીવનશૈલી વિકસે તે માટે પાંચમી અનુસૂચિને વધારે મજબુત રીતે અમલવારી કરી શકાય. સામાજિક સંગઠનો મજબુત થાય, રાજકીય નેતૃત્વ વધે તે માટે પ્રયાસ કરવા જોઈએ. પરંપરાગત રૂઢિપ્રથાને અમલી બનાવવા જોઈએ. જરૂરી લાગે ત્યાં સુધારનો સુજાવ આપી શકાય. આર્થિક સહભાગીદારી વધે, સ્વયંસંચાલિત સહકારી પ્રવૃત્તિઓ વધે તે માટે પ્રયાસ કરવા જોઈએ. વ્યક્તિગત કાર્યોમાં સહભાગીતા વધે તેવું માળખું ઊભુ કરવું જોઈએ. આથી યોજનાઓ પણ મોટા ભાગે સામૂહિક હોય તેવી જ લાગુ કરવી જોઈએ.

## 2.9 સ્વાલંબન વિકાસ

આદિવાસીઓ વ્યક્તિગત પણ સક્ષમ બને તે માટે તેને જાતે પ્રાથમિક સુવિધાઓ ઊભી કરી શકે તેવા સક્ષમ બનાવવા જોઈએ. આદિવાસીઓમાં સાહસ, નેતૃત્વના ગુણો છે, તેને વધુ ખીલવવા જોઈએ. પ્રાથિક જરૂરિયાતોના સંદર્ભમાં સ્વલંબન બને તેવી જીવનશૈલીને પ્રોત્સાહન આપવું જોઈએ. તે માટે યોગ્ય માળખું એમની પરંપરામાંથી પસંદ કરી મુકી શકાય.

આદિવાસી વિકાસના ઉપરોકત સૂચનોને યોગ્ય માળખામાં ગોઠવી આદિવાસી વિકાસને વેગ આપી શકાય. આદિવાસી વિકાસ સંપોષિત વિકાસ સિવાય શક્ય નથી. જળ, જમીન અને જંગલથી અલગ કરી પણ એમનો વિકાસ કરવો શક્ય નથી. આવા સંજોગોમાં જળ, જમીન અને જંગલની સાથે આદિવાસી વિકાસ કેટલો અને કેવી રીતે અને કેવો કરવો જોઈએ તે અંગે ચિંતન કરવાની જરૂર લાગે છે. વિકાસ સંદર્ભે નવા વિચારો, નવું માળખુ, નવી ટેકનોજીની જરૂર નથી પણ તેમની પાસે જે ક્ષમતાઓ તે ક્ષમતા વર્ધક વિચારો, માળખું અને ટેકનોલોજીનો વિચાર કરવો રહ્યો.

# 3. આદિવાસી અને ભરૂચ જિલ્લાની ઓળખ

## 3.1. ઐતિહાસિક - રાજકીય સંસ્કૃતિ

પૌરાણિક અને એતિહાસિક કાળમાં ભરૂચ વિવિધ નામે ઓળખાતું રહ્યું. નર્મદા પુરાણના રેવાખંડમાં જણાવ્યા મુજબ ભૃગુ ઋષિએ 'કૂર્મ' અથવા 'કચ્છ' (કાચબો)ની પીઠ ઉપર એક નગરની સ્થાપના કરી અને તે નગર ભૃગુકચ્છ નામે ઓળખાયું. મત્સ્યપુરાણમાં "ભારુકચ્છ'નો ઉલ્લેખ મળે છે. એજ પ્રમાણે બ્રહ્માંડ, વાયુ, વામન અને માર્કંડેય પુરાણોમાં પણ ભારુકચ્છનો ઉલ્લેખ મળે છે. આવશ્યકચૂર્ણિનો સમય ઇ.સ.ની ૫મી, ૬ઠ્ઠી સદી આસપાસનો શક્ય છે તેમાં "ભરૂકચ્છ' ને "આહાર' (એક વહીવટી એકમ) કહેલ છે. બૌદ્ધો અને જૈનોનું એ એક વિશિષ્ટ સ્થાન હતું. અભિલેખિક નિર્દેશોમાં કોઈ સંગમસિંહના ઇ.સ. ૫૪૦-૫૪૧ના દાનશાસનમાં નગર તરીકે,' મૈત્રકવંશના ધરસેન ચોથાનાં ઇ.સ. ૬૪૮નાં બે દાનશાસનોમાં તો વિજયછાવણીના સ્થાન તરીકે ઉલ્લેખ થયેલો મળે છે. મહાભારતના સભાપર્વના પ્રક્ષિપ્ત અંશમાં "ભૃગુકચ્છ' નોંધાયું છે. ભાગવત્ પુરાણમાં નર્મદાના ઉત્તર દિશાના કાંઠા ઉપર ભૃગુઓએ 'ભૃગુકચ્છ' નામના સ્થાનમાં બલિરાજા પાસે અશ્વમેધ યજ્ઞ કરાવ્યાનું જોવા મળે છે એ ભૃગુકુળના બ્રાહ્મણોના નિવાસનો ખ્યાલ આપે છે. ૧૦મી સદીના રાજશેખરે એની કાવ્યમીમાંસામાં "ભૃગુકચ્છ' શબ્દ તરીકે નોંધી એને જનપદ પ્રદેશ તરીકે ઉલ્લેખ કરેલ છે. પુરાણોમાં એ સ્થળને "ભૃગુતીર્થ' પણ કહ્યું છે." જૂના શિલાલેખો તથા એતિહાસિક લખાણોમાં પણ ભરૂચનું મૂળનામ ભૃગુકચ્છ અથવા ભૃગુકૂળ જણાયું છે. પ્રાકૃતકોષમાં "ભારુ' શબ્દ અનાર્ય દેશ અને તેમાં વસતા લોકો માટે વપરાયો છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મત અનુસાર ભરુકચ્છ શબ્દ નગરવાચક છે, જયારે ભારુકચ્છ શબ્દ દેશવાચક છે. ભારુકચ્છ આ પાછલો પ્રદેશ એમાંથી પસાર થતી વિશાળ નદી નર્મદાને કારણે એ સંજ્ઞા પામ્યો છે. "ભૃગુકચ્છ' તો પછીથી મળેલી સંજ્ઞા છે. એ પ્રદેશના મુખ્ય નગર ભરૂચનો વિકાસ "ભારુકચ્છ'માંથી થયો છે, નહિ કે ભૃગુકચ્છમાંથી.

આમ ભરૂચના પ્રાચીન નામોમાં ભૃગુકચ્છ, ભૃગુકૂળ, ભૃગુતીર્થ, ભૃગુક્ષેત્ર, ભરુકચ્છ વગેરેનો સમાવેશ થાય છે. ભારુકચ્છ પછીનાં ભાર્ગવોની વસાહતને પરિણામે પ્રચારમાં આવ્યા સંભવે છે. આ બધાં નામો ભૃગુ કષિના સંદર્ભમાં અથવા તો ભાર્ગવોની વસાહતના પરીણામે પ્રચલિત થયાં હોય એમ મનાય છે. પરંતુ જૈન સાહિત્યના પ્રાચીનતર અંશોમાં, પુરાણોમાં જાતક અને કથાસરિતસાગર વગેરે કથાસાહિત્યમાં અને તામ્રપત્રોમાં "ભરુકચ્છ' તરફ ઝોક હોવાને લીધે, ભૃગુકચ્છનો પ્રયોગ પાછળથી થયો હોવાનું માની શકાય. ભરૂચની વ્યુત્પત્તિ ભરૂકચ્છ > ભરૂઅચ્છ > ભરૂચ એ પ્રમાણે સાધી શકાય, જે ભૃગુકચ્છમાંથી શક્ય નથી. આ હકીકત પણ મૂળનામ 'ભરુકચ્છ' હોવાની તરફેણમાં હોવાનું જણાય છે. 'ભૃગુકચ્છ' નામ એ તો સંસ્કૃત પંડિતોએ પાછળથી સંભવતઃ ૧૦મા સૈકામાંઘડી કાઢેલું હશે. જૈન

ચુર્ણિઓમાં ભરૂકચ્છ નામ મળે છે. મુખ્ય વ્યાપારી કેન્દ્ર રૂપે વિખ્યાત બનેલ ભૃગુકચ્છ છેલ્લા સેંકડો વર્ષથી દુનિયામાં નામાંકિત બનેલ છે. ટોલેમી (ઇ.સ. નો પહેલો-બીજો સૈકો)ની ભૂગોળમાં અને ઇ.સ.ની પહેલી સદીમાં લખાયેલ ગ્રીક પુસ્તક 'પેરિપ્લસ'માં 'બારીગાઝા' નામ પ્રાપ્ત થાય છે. તેમાં ભરૂચના બંદરનું વર્ણન છે. ખંભાતના અખાતને બારીગાઝા (ભારૂકચ્છ)નો અખાત કહ્યો છે, બારીગાઝા અને અંદરના પ્રદેશો અતે પ્રજાનો પણ ઉલ્લેખ છે. બનબરી નામનો ઇતિહાસકાર બારીગાઝાને વેપારના મોટા મથક તરીકે વર્ણવે છે. સ્ટ્રેબોએ "બરગોસા' અને. અલબીરૂની એ લાટદેશમાં 'બિહરોજ' નામ આપે છે. ક્ષત્રપવંશના રાજા રૂદ્રદામા (જેના સિક્કા ભરૂચમાં ચલણમાં હતા) ના ગિરનારના શિલાલેખમાં ભૃગુકચ્છનો ઉલ્લેખ છે. ઇ.સ.૬૨૦ માં આવેલ ચીની મુસાફર હ્યુ-એન-ત્સાંગે પોલુ-કૈ-ચી-પો નામે ભરૂચની મુલાકાતની નોંધ લીધી છે. એમના લખાણમાં પોલું, ફારસી કે ઉદૂ લખાણોમાં ભરૂચ કે ભલોંચનો ઉલ્લેખ જોવા મળે છે. મરાઠાઓ તેને ભડોચ કહેતા. અંગ્રેજ સમયમાં તે ભડુચ, ભડોચ કે બ્રોચ એવા નામોથી ઓળખતું હતું.

ભરૂચની આસપાસનો પ્રદેશ "લાટ' તરીકે ઓળખાતો. ટોલેમીનો ઈ.સ.૧૫૦નો જૂનો ઉલ્લેખ "લારિકે' શબ્દ લાટ દેશનું સૂચન કરે છે. ઈ.સ. ની ૩જી સદીમાં વાત્સાયનના 'કામસૂત્ર'માં લાટની સ્ત્રીઓની વિશિષ્ટતાઓ વર્ણવાઈ છે. વરાહમિહિરે "લાટ'નો એક દેશ તરીકે જુદો ઉલ્લેખ કર્યો છે. ઇ.સ. ની ૪થી સદીના દીપવંશમાં અને છઠ્ઠી સદીના મહાવંશમાં 'લાળ' દેશનો ઉલ્લેખ છે. કુમારગુપ્ત અને બંધુવર્માના સમયના ઇ.સ. ૪૩૬ના મંદસોરના અભિલેખમાં 'લાટ' પ્રદેશથી આવેલા શિલ્પીઓ વિશે જાણવા મળે છે. ચીની મુસાફરો હ્યુ-એન-ત્સાંગ અને ઇત્સિંગ પોતાની પ્રવાસનોંધમાં 'લાટ'નો ઉલ્લેખ કરેલ છે. ઈ.સ. ની ૧૩મી સદીમાં મહી-નર્મદાના પ્રદેશનો લાટમાં સમાવેશ થતો હતો. સોલંકીકાળ પહેલાં 'લાટ' નામ સમગ્ર ગુજરાત માટે પ્રયોજાતું હતું અને 'ગુર્જરદેશ' નામ દક્ષિણ રાજસ્થાન અને મારવાડ માટે વપરાતું હતું. સોલંકીકાળમાં પાછળથી દક્ષિણ ગુજરાત પૂરતી 'લાટ' સંજ્ઞા સીમિત થઈ. લાટ પ્રદેશને એની વિશિષ્ટ 'લાટી' ભાષા હતી.

અરબી સમુદ્રને અરબ મુસાફરોએ 'લાર'નો સમુદ્ર કહ્યો છે. એના કાંઠે લાટ પ્રદેશ હોવાથી એ નામ આપ્યું હશે 'લાટ' શબ્દ 'સ્તભ' ના અર્થમાં વપરાય છે. આ કાંઠાના સમગ્ર પ્રદેશમાં શિવલિંગની પૂજા વ્યાપક હોવાને કારણે વિદેશીઓ તે પ્રદેશને 'લાર' કે 'લાટ' કહેતા હોય એમ પણ બને. નર્મદાના કંકર એટલા શંકર કહેવાય છે, તેમાં પણ શિવપૂજાનો નિર્દેશ મળે છે.

પૌરાણિક કથા મુજબ લક્ષ્મીજીની ઇચ્છાથી ભગવાન વિષ્ણુએ નવનાથ જયાં તપ કરતાં હતાં તે પવિત્ર જગ્યા નર્મદા તટે વસાવેલું શ્રીનગર તે આ ભરૂચ એમ કહેવાય છે. નર્મદાપુરાણના રેવાખંડની કથા મુજબ ભગુત્રકષિએ કૂર્મ (કચ્છ)ની પીઠ ઉપર એક નગરની સ્થાપના કરી અને તે નગર ભૃગુકચ્છ

તરીકે ઓળખાયું. અહીં "કચ્છ' એટલે દરિયા કાંઠાનો પ્રદેશ એવો એક અર્થ થાય છે. જૂના શિલાલેખો તથા જૂના એતિહાસિક લખાણો પરથી જણાય છે કે ભરૂચનું અસલ નામ ભૃગુકચ્છ અથવા ભૃગુપુર હતું. જે નામ હિન્દુ માન્યતા મુજબ ઈ.સ. પૂર્વે વેદના સમયમાં થઈ ગયેલા હિન્દુ ઋષિ ભૃગુઋષિના નામ પરથી અપાયેલું હોય એમ માનવામાં આવે છે. ભરૂચના એતિહાસિક નામો નીચે પ્રમાણે છે :

(૧) ભૃગુકચ્છ કે ભૃકચ્છ :

એક દિવસ ઋષિજી મહારાજ ઘણા આનંદમાં બેઠેલા હતા તે વખતે હાટિકાએ તેમની પાસેથી વચન લઈ લીધું કે મહારાજ ! મારી એક વિનંતી છે તે કબુલ રાખશો ? મહારાજે હા કહી, એટલે તે બોલી કે આપના સર્વ કુટુંબ કબીલાને અત્રે લાવો અને આજ વનમાં (હેડંબાવન) નિવાસ કરાવો. એ બધુ વન આપને વસવા સારું અર્પણ કરૂ છું. તે સ્વીકારશો કારણકે એ મારું સ્ત્રીધન છે. મહારાજે વચન આપેલું એટલે પોતાના પહેલાં આશ્રમે જઈ પોતાના કુટુંબોને હેડંબાવનમાં જઈ વસવાની આજ્ઞા આપી પોતે પોતાના વિદ્યાર્થીઓમાંના અઢાર હજાર માણસોના કુટુંબ સાથે હેડંબાવનમાં આવ્યા. નંદન સંવતસરમાં માઘ સુદ પાંચમને દિવસે નર્મદાના ઉત્તર કિનારા ઉપર કૂર્મની પીઠ ઉપર, વિશ્વકર્માનું સ્મરણ કરીને મોટા આનંદથી ભૃગુઋષિએ મોટું નગર વસાવ્યું. કૂર્મની પીઠ ઉપર આ નગરની સ્થાપના કરી હોવાથી એ ભૃસુકચ્છ એવે નામે ઓળખાવા લાગ્યું.

હેડંબાવનના જે ભાગમાં શ્રી ભૃગુત્કષિ મહારાજ વસ્યા તે ભાગનું નામ ઋષિજી મહારાજનું નામ અમર રહે તે માટે ભૃગુપુર આપ્યું. એ ભૃગુપુરને પરદેશી વેપારીઓ ભૃગુકચ્છ, ભૃગુકચ્છવા, બારીગાઝા ભગુક્ષેત્ર, બરૂ, બરોચ, ભરોચ વગેરે નામોથી ઓળખતા હતા. હાલ એને ભરૂચ કહે છે અને અંગ્રેજોએ એનું નામ બ્રોચ આપેલું હતું.

ઇ.સ. પૂર્વે પાંચમા સૈકામાં લખાયેલી બૌદ્ધ-જાતક કથાઓમાં, હિન્દુ પુરાણોમાં અને ગીરનાર પર્વતની ખડક પર રુદ્રદામનના વખતના તેમજ નાસિકની ગુફામાંની શિલાલેખોમાં ઉપરોક્ત ઉલ્લેખ જોવા મળે છે.

(૨) બારૂગાઝા, બારીગાઝા કેં બારગોસા :

પેરિપ્લસ તથા ટોલેમીના કર્તાઓના લખાણમાં (ઈ.સ. ૬૦-૨૧૦) બારૂગાઝા, બારીગાઝા કે બારગોસા નામનો ઉલ્લેખ છે.

(૩) પોલુ-કે-ચી-પો :

સાતમા સૈકામાં હિન્દુસ્તાનની મુસાફરીએ આવેલા પ્રખ્યાત ચીનાઈ બૌદ્ધ સાધુ હ્યુ-એન-ત્સાંગના લખાણમાં પોલુ-કે-ચી-પોનું વર્ણન છે.

(૪) બરૂસ, અલબરૂસ કે બરૃજ :

પ્રખ્યાત અરબકર્તાઓ ઇંબને-ખુરદાઝબા, અલબિલાદુરી તથા હમવીની કુતુહુલ બુલદાન વગેરેમાં ઉપરોક્ત મુજબ ઉલ્લેખ જોવા મળે છે.

(૫) ભરૂચ કે ભળોંચ :

ફારસી કે ઉર્દૂ લખાણો કે દસ્તાવેજોમાં ભરૂચ કે ભળોંચનો ઉલ્લેખ છે.

(૬) બડોચ :

મરાઠાઓના સમયમાં લખાણમાં બડોચનો ઉલ્લેખ છે.

(૭) ભરૂચ, ભરોચ કે બ્રોચ :

બ્રિટીશ સમયના અંગ્રેજી લખાણોમાં ભરૂચ, ભરોચ કે બ્રોચ નામનો ઉલ્લેખ છે. એ કારણે ગુજરાતીમાં ભરૂચ અને અંગ્રેજીમાં બ્રોચ લખાય કે બોલાય છે.

ભરૂરનો ઘતિહાસ :

ભારતમાં માનવ સંસ્કૃતિના સહુથી પ્રાચીન અવશેષો પાષાણયુગના મળે છે. એના ત્રણ તબક્કા છે. આઘ, મધ્ય અને અંત્ય. એમાંનો પહેલો તબક્કો નૂતન જીવનમયયુગના આધુનિક અધિકતમ ભાગનો છે, જયારે છેલ્લો તબક્કો નૂતન જીવનમયયુગના આધુનિક ખંડના આઘભાગનો છે.

ગુજરાતમાં પ્રાગ્ઐતિહાસિક શોધ પહેલવહેલી ઈ.સ. ૧૮૯૩માં થઈ હતી. જિલ્લામાં નર્મદા અને કરજણ નદીના કાંઠે પ્રાચીન પાષાણયુગના આદિમાનવે ઘડેલા હથિયાર ઉપલબ્ધ થયાં છે. આઘ પ્રાચીન પાષાણયુગનો માનવ એક અરણ્યમાંથી બીજા અરણ્યમાં ભટકતો અને કંદમૂળ તથા પ્રાણીઓના શિકાર દ્વારા ઉદર નિર્વાહ કરતો. મધ્ય પ્રાચીન પાષાણયુગનાં હથિયારો નર્મદાની દક્ષિણે ઝગડિયા તાલુકાના શિયાલી ગામ પાસેથી પ્રાપ્ત થયા છે. અત્યંત પ્રાચીન પાષાણયુગમાં માનવી નિયત પ્રદેશમાં રહી શિકાર કરતો ને સ્થાયી જીવન ગાળતો હતો. આ યુગનો સમય ઇ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાંનો અંકાયો છે. ભરૂચ જિલ્લામાં આ સમયમાં હથિયારો ઝગડિયા તાલુકામાંથી મળી આવ્યાં છે.

હડપ્પીય સંસ્કૃતિ સિંધુ પ્રદેશ પૂરતી સીમિત નહોતી. એ દક્ષિણમાં રાજસ્થાન અને પૂર્વમાં ગુજરાત સુધી પ્રસરી હતી. ગુજરાતમાં પરિપક્વ હડપ્પીય સંસ્કૃતિનું દક્ષિણનું મથક ભરૂચ જિલ્લામાં કીમ નદીના મુખ પ્રદેશમાં હાંસોટ તાલુકાના જેતપોર નજીકના ભાગા તળાવ નામે ટીંબામાં મળ્યું છે. આ સંસ્કૃતિનો સમય ઇ.પૂર્વે ૨૪૫૦ થી ૧૯૦૦નો અંકાયો છે. ઉત્તરકાલીન હડપ્પીય સંસ્કૃતિ ઇ.પૂર્વે ૧૯૦૦-૧૬૦૦ દરમ્યાન અવનતિ પામેલ તબક્કો ધરાવે છે. એના બે મથકો એક ભરૂચની પશ્ચિમે દરિયા કાંઠે આવેલા મહે ગામમાં અને બીજું ઢાઢર નદીની દક્ષિણે આમોદની પૂર્વે આવેલાં તેલોદમાંથી પ્રાપ્ત થયાં છે. આમ ભરૂચ જિલ્લામાં ભાગા તળાવ, મહેગામ અને તેલોદ જેવા સ્થળોએ હડપ્પીય વસાહતો પ્રકાશમાં આવી છે. આ પરથી હડપ્પીય સંસ્કૃતિ ધરાવતા લોકો ભરૂચ જિલ્લામાં વસ્યા હોવાનું જાણવા મળે છે.

ભરૂચની ઉત્પત્તિ અથવા સ્થાપના સંબંધે ઓછામાં ઓછી ત્રણ પ્રણાલિઓ અસ્તિત્વમાં છે. પૌરાણિક અનુશ્રુતિના વૃત્તાંત અનુસાર આ પ્રદેશ ભૃગુઓ સાથે સંકળાયેલો હતો. જેમને નર્મદાખીણની માહિષ્મતી નગરીના હૈહય રાજા સહસ્ત્રાર્જુન સાથે સંઘર્ષ થયો હતો. દિવ્યાવદાનમાં સમાવિષ્ટ બૌદ્ધ માન્યતા અનુસાર શેરૂકાના રૂદ્રાયણ રાજાએ વેરેલા વિનાશ પછી સૌવીર હુવા આગળ વધતાં નાશ પામ્યું ત્યારે સૌવીરથી નાસેલા ભીરૂએ ભૃગુકચ્છ શહેરનો પાયો નાખ્યો હતો. જૈન પ્રણાલી પ્રમાણે ભૃગુકચ્છ શાસન હેઠળ ઉજ્જૈનના રાજા પ્રધોત (ઇ.સ. પૂર્વે ૫૫૦) હેઠળ હતું."

ભૃગુઓ અને પરશુરામ દ્વારા આર્ય સંસ્કૃતિનો ફેલાવો નર્મદાની ખીણના પ્રદેશમાં અને દક્ષિણ ભારતમાં થયો હતો. નર્મદા નદીના ઉત્તર કાંઠાનો પશ્ચિમ ભાગ 'ભારૂકચ્છ' પ્રદેશ તરીકે ઓળખતો, એનું વડું મથક ભરૂકચ્છ તરીકે ઓળખાતું. આગળ જતાં આ નામ ભૃગુઓના વસવાટ તથા વર્ચસ્વને લીધે આ નામ ભૃગુકચ્છમાં પરિવર્તન પામ્યું . ભરૂચનાં સ્થળનામોમાં એક પ્રાચીન ઉલ્લેખ કોરંટક વનનો છે. આ વત ભરૂચના ઈશાન ખૂણે આવેલું હતું, આ વનમાં વીસમાં તીર્થંકર મુનિ સુવ્રતસ્વામી ઘણીવાર પધાર્યા હતા. આ વનનું નામ ત્યાં ઉગતી કોરંટક કે કુરંટક નામની વનસ્પતિને કારણે કહેવાયું હશે.

ગુજરાતનો પ્રમાણિત ઇતિહાસ મૌર્યકાલથી શરૂ થાય છે. મગધના સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યનું શાસન સૌરાષ્ટ્ર સુધી વિસ્તરેલું હતું. એના પૌત્ર અશોકના મૌર્ય સામ્રાજ્યમાં સૌરાષ્ટ્ર અને અપરાંત (કોંકણ) નો પણ સમાવેશ થતો હતો. આ પરથી ભરૂચ પર મગધના સમ્રાટોની સત્તા હશે એ સ્પષ્ટ થાય છે." મુંબઈ નજીક સોપારા ખાતે અને સૌરાષ્ટ્રમાં ગીરનાર પરના અશોકના શિલાલેખ અનુસાર, હાલનો ભરૂચ જિલ્લો મૌર્યના તાબામાં હતો અને તે અશોકના મૃત્યુ સુધી સત્તા ચાલુ રહી.

ઇસુની પહેલી સદીમાં ગુજરાતમાં શક જ્ઞાતિના ક્ષત્રપ રાજાઓનું ક્ષહરાત કુલના ભૂમક અને નહપાનની સત્તા સ્થિર હતી. નહપાનતનો જમાઈ ઉશવદત્ત નાસિકનો નાઝિમ હતો. પોતાના

શિલાલેખોમાં ગુજરાતમાં કરેલા દાનનો તેણે ઉલ્લેખ કરેલ છે, તેણે આ સ્થળો પૈકીના એક સ્થળ તરીકે સ્પષ્ટપણે ભરૂકચ્છનો ઉલ્લેખ કરેલ છે. નહપાન ભરૂચનો રાજવી હતો. એની રાજધાની ભરૂચમાં હતી. ભરૂચ જિલ્લાનાં અંકલેશ્વર પાસેના ઝાઝપોરની સમીપ આવેલા કડિયા ડુંગરમાં સાતેક ગુફાઓ મળી આવેલ છે. આ ગુફાઓ બૌદ્ધ વિહારો હોવાનું જણાય છે. એ પહેલી બીજી સદીમાં કંડારાઈ હોય એવું લાગે છે.

ભરૂચમાંથી ગુપ્તોના સિક્કાઓ મળ્યા છે. આ સિક્કાઓ સૂચવે છે કે ભરૂચ જિલ્લો ગુપ્ત સામ્રાજ્યનો ભાગ હતો. ગુપ્તો પાસેથી ભરૂચ વલ્લભીઓના તાબામાં આવ્યું હતું. એ વખતના ભરૂચના ગુર્જર રાજાઓ દક્ષિણના ચાલુક્યોના ખંડીયા રાજા હોય કે સ્વતંત્ર પણ હોય; પરંતુ ભરૂચના રાજા તરીકે પહેલ વહેલો ઉલ્લેખ આ ગુર્જર રાજાઓનો મળે છે. લાટના ગુર્જર રાજાઓનાં દાનપત્રોમાંથી આશ્રમેશ્વર (જંબુસર તાલુકો) નો તથા શિહુગ્રામ, (હાલનું શીગામ) ગોલીઆવલી (ગોલેલ), જમ્ભ (હાલનું જામડી) વગેરે ગામોનો ભરૂકચ્છ વિષયનાં ગામોમાં ઉલ્લેખ છે. વળી શિરીષપદ્રક, (સીસોદરા) અક્રેશ્વર (અંકલેશ્વર) તાલુકામાં હોવાનો તથા જંબુસરના બ્રાહ્મણોને દાન આપ્યાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત વર્નેરા (હાલનું વલનેર) સરથુઆ (હાલનું સુરથાન) વગેરે ગામનાં ઉલ્લેખ જોવા મળે છે. આ બધા ઉપરથી તે વખતે પણ ભરુચ જિલ્લામાં હાલના ભરૂચ વાગરા, અંકલેશ્વર, જંબુસર અને આમોદ તાલુકાઓનો સમાવેશ થતો હતો એમ જણાય છે. વળી, ભરૂચ જિલ્લો-લાટ એ વખતમાં સાતમા શતકમાં સારી રીતે વસેલો દેખાય છે. અત્યારની ભરૂચ જિલ્લાની વસ્તીનું મૂળ આ ગુર્જર રાજાઓના વખતમાં મળે છે.

ગુર્જરો કેવી રીતે અદશ્ય થયા તે સ્પષ્ટપણે જાણી શકાતું નથી. જુનૈદ હેઠળના આરબ આક્રમણે તેમને હાંકી કાઢ્યા હોય.કે તેમની રાજવી અવંતીના ગુર્જરોએ તેમને બદલે બીજો કોઈ ખંડિયો રાજા મૂક્યો હોય. બદામીના ચૌલુક્યોનું એક જમીનદારી કુટુંબ સેન્દ્રક ગુર્જરોનું સમકાલીન હતું, જેઓ ખાનદેશમાં તથા ભરુચ અને સુરત જિલ્લાના ભાગ પર રાજ્ય કરતા હતા. આ માહિતી પરથી જણાશે કે ક્તચ્ચુરીઓનું સામ્રાજ્ય અનેક ટુકડાઓમાં વિભાજિત થઈ ગયું હતું. ભરૂચ અને વડોદરા આસપાસનો પ્રદેશ ગુર્જરોના આધિપત્ય હેઠળ હતો. ચાલુક્યોના એક સેનાપતિ બારપ્પાએ રાષ્ટ્રકૂટો પાસેથી દક્ષિણ ગુજરાત પાછું મેળવ્યું હશે તેવું જણાય છે.

બારપ્પાએ તથા એના વંશજોએ આ વિસ્તાર પરનો કબજો જાળવી રાખવા માટે અણહિલપુર પાટણના ચાલુક્યો સાથે સંઘર્ષ ખેડવો પડ્યો. તેમ છતાં લગભગ ૧૦૦ વર્ષ સુધી ભરૂચ જિલ્લા સહિતનો સમગ્ર પ્રદેશ તેમના કબજામાં રહ્યો. ત્રિલોચનપાલે ઇ.સ.૧૦૬૭માં ચાલુક્ય કર્ણ-૧ લાને પાટણ ખાતે પરાજીત કર્યો. આમ છતાં ઇ.સ. ૧૧૭૪માં ચાલુક્યોને તાબે થતાં અને લાટ એમના વિકસતા જતા સામ્રાજ્યનો ભાગ બન્યો અને કુમારપાળના સમય સુધી (ઇ.સ. ૧૧૪૩-૧ ૧૭૪) એમના તાબામાં રહ્યું.

સોલંકીકાલ દરમ્યાન ભરૂચનું વેપારી મથક તરીકેનું મહત્ત્વ ચાલુ રહેલું ૧૧મી સદીની શરૂઆતમાં એ લાટ દેશનું પાટનગર હતું. ૧૨મી સદીમાં એ ચીન અને સિંધથી આવતાં વહાણોનું મથક હતું. મહામાત્ય વસ્તુપાલે ભરૂચમાં જ્ઞાનભંડાર સ્થાપ્યો હતો. સોલંકીકાલમાં ભરૂચમાં એક મદ્રેસા બંધાઈ હતી.

ભરૂચ જિલ્લાના મધ્યયુગી ઇતિહાસના ત્રણ વિભાગ પાડી શકાય. (૧) સલ્તનત સમય (ઇ.સ.૧૨૯૭ થી ૧૫૭૨) (૨) મુઘલ સમય (ઇ.સ.૧૫૭૨ થી ૧૭૩૬) અને (૩) મરાઠા સમય (ઇ.સ.૧૭૮૩ થી ૧૮૦૨) આ ત્રણે વિભાગો એકંદરે સંઘર્ષના યુગો હતા એમ કહી શકાય. |

સલ્તનત સમય બે પેટા વિભાગોમાં વહેંચી શકાય એક દિલ્હી સલ્તનતના ભાગ તરીકે ભરૂચ સહિત ગુજરાત (ઇ.સ.૧૨૯૭ થી ૧૩૯૧) અને બીજો ગુજરાતની સ્વતંત્ર સલ્તનત (ઈઇ.સ.૧૩૯૧ થી ૧૫૭૨) જેમાં ભરૂચ પણ સમાવિષ્ટ હતું, વળી ગુજરાતમાં મુઘલ તથા મરાઠાકાલ દરમ્યાન કેટલાક સમય સુધી (ઈ.સ.૧૭૩૬ થી ૧૭૭૨) ભરૂચ તથા ભરૂચ જિલ્લાના ઘણા પ્રદેશો પર અમીરોએ સ્વતંત્ર શાસન કર્યું હતું. વચ્ચે ઇ.સ.૧૭૭૨ થી ૧૭૮૩ સુધી ભરૂચમાં અંગ્રેજોનું શાસન પણ સ્થપાયું હતું. આ રીતે ગણતરી કરતાં ભરૂચ જિલ્લા પર દિલ્હી સલ્તનતનું શાસન ૯૪ વર્ષ, ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનું શાસન ૧૮૧ વર્ષ, મુઘલ શાસન ૧૬૪ વર્ષ, સ્વતંત્ર અમીરોનું શાસન ૩૬ વર્ષ અને મરાઠાઓનું આધિપત્ય ૧૯ વર્ષ સુધી રહ્યું હતું.

એતિહાસિક કાળમાં ભરૂચની સમૃદ્ધિ એટલી બધી હતી કે આરબો અને પોર્ટુગીઝોએ ત્રણ ત્રણ વાર તથા મરાઠાઓએ ચાર ચાર વાર એને લુંટેલું,. આબાદી અને પ્રગતિ કાળના આ બંદર તરફ આકર્ષાઈને ઇ.સ. ૧૪૧૯માં બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ અને ઇ.સ. ૧૬૧૮માં વલંદાઓએ અહીં વ્યાપારી કોઠીઓ નાખી હતી. ત્યાર પછી ભરૂચમાં સિંધિયાનું શાસન (ઇ.સ. ૧૭૮૩ થી ૧૮૦૨) સુધી રહ્યું હતું.

ઇ.સ. ૧૮૦૩માં ભરૂચ અંગ્રેજોના હાથમાં આવતાં તેમણે ભરૂચમાં અંગ્રેજી ઢબનું વહીવટીતંત્ર સ્થાપી તેનો ઉત્કર્ષ આદર્યો. ઇ.સ. ૧૮૨૬માં ગુજરાતમાં પ્રથમ ગુજરાતી શાળા ભરૂચમાં સ્થપાઈ. ઇસ્ટ ઈન્ડિયા કંપની હેઠળના સુરત અને મુંબઈના બંદર તરીકેના વધતા જતા મહત્ત્વના લીધે ભરૂચે બંદર તરીકેનું એનું પુરાતન મહત્ત્વ મહદંશે ખોયું હોવા છતાં, હજી પણ કપાસ નિકાસ કેન્દ્ર તરીકે તથા સારો એવો ધંધાકીય મહત્ત્વ ધરાવતો જિલ્લો રહ્યો છે. ઇં.સ.૧૮૫૪માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભરૂચ ખાતે પ્રથમ જીનિંગ ફેક્ટરી શરૂ કરી, જોકે ત્યારબાદ તરત બંધ કરવામાં આવી, પરંતુ સ્થાનિક વેપારીઓએ જીનિંગ ફેક્ટરીઓ તેમજ કાપડ મિલો સ્થાપવાની પહેલ કરી. ઈ.સ.૧૮૬૨માં નર્મદા પર પુલ બાંધીને

સુરતથી વડોદરા સુધીની રેલ્વે લાઈન ભરૂચને આવરી લઈ વિસ્તારવામાં આવી, આનાથી વેપારને ગતિ મળી.


સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે ભરૂચ જિલ્લાએ સારી એવી જાગૃતિ બતાવી હતી. રાજકીય જીવનમાં આ સદીની શરૂઆતમાં ભરૂચના બહુ થોડા યુવાનેતાઓએ ભારતીય રાષ્ટ્રવાદના ખૂબ જ અગ્રગણ્ય નેતાઓ જેવા કે ઈ.સ.૧૯૩૦ થી ૧૯૪૯-૪૭ સુધી કનૈયાલાલ મા. મુનશી, છોટુભાઈ પુરાણી, ચંદ્રકાન્ત દેસાઈ, ચંદ્રશંકર ભટ્ટ વગેરે ભેટ ધર્યા હતા. પાછળથી મહાત્મા ગાંધીજીના આગમન સાથે, જિલ્લાના સંખ્યાબંધ લોકોએ તેમણે શરૂ કરેલી સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

૧૯૯૫૬માં રાજ્યોની પુનઃરચના થઈ અને વિદર્ભ, મરાઠવાડા, સૌરાષ્ટ્ર અનેકચ્છના વિસ્તારો સાથે બૃહદ દ્વિભાષી રાજ્યનો એક ભાગ બન્યો. છેલ્લે ૧લી મે, ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યનું વિભાજન થયું તથા ગુજરાત અને મહારાષ્ટ્રના અલગ રાજ્યો રચવામાં આવ્યા, તે તારીખથી ભરૂચ જિલ્લો ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યો. ભરૂચ જિલ્લામાં જંબુસર, આમોદ, વાગરા, ભરૂચ, ઝઘડિયા, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા અને નેત્રંગ તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે

### 3.2. જિલ્લાનું ભૌગોલિક પરિચય

ભરૂચ જિલ્લો 21.00 થી 15.00 ઉત્તર અક્ષાંશ અને 73.00થી 18.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. જેમાં જંબુસર તાલુકો 22.00 થી 00.00 ઉત્તર અક્ષાંશ અને 72.00થી 45.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આમોદ તાલુકો 21.00 થી 45.00 ઉત્તર અક્ષાંશ અને 72.00થી 45.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. વાગરા તાલુકો 21.00 થી 45.00 ઉત્તર અક્ષાંશ અને 72.00થી 45.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. ભરૂચ તાલુકો 21.00 થી 70.00 ઉત્તર અક્ષાંશ અને 72.00થી 99.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. ઝઘડિયા તાલુકો 21.00 થી 45.00 ઉત્તર અક્ષાંશ અને 73.00થી 00.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. અંકલેશ્વર તાલુકો 21.00 થી 30.00 ઉત્તર અક્ષાંશ અને 73.00થી 00.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. હાંસોટ તાલુકો 21.00 થી 30.00 ઉત્તર અક્ષાંશ અને 72.00થી 45.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. વાલિયા તાલુકો 21.00 થી 30.00 ઉત્તર અક્ષાંશ અને 73.00થી 15.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. નેત્રંગ તાલુકો 21.00 થી 64.00 ઉત્તર અક્ષાંશ અને 73.00થી 35.00 પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.

ભરૂચ જિલ્લાની ઉત્તરે વડોદરા જિલ્લો, દક્ષિણે સૂરત જિલ્લો, પૂર્વમાં નર્મદા જિલ્લો તથા પશ્ચિમમાં દરીયાકાંઠા(ખંભાતનો અખાત) નો વિસ્તાર આવેલો છે. જિલ્લાની નદીઓમાં નર્મદા, કીમ, કાવેરી અને ઢાઢર છે. ભરૂચ જિલ્લાનો પૂર્વ પટ્ટી વિસ્તાર અને તેમાં પણ ઝઘડિયા તાલુકાનો કેટલોક ભાગ ડુગરાળ છે. બાકીનો ભાગ સપાટ અને સમતળ વિસ્તાર છે




ભરૂચ  જિલ્લાની આબોહવા ગરમ અને સુકી છે. માર્ચ મધ્યમથી શરૂ થઈ જૂનના મધ્ય સુધી ઉનાળાની મોસમ દરમ્યાન આબોહવા ગરમ અને સુકી રહે છે. જ્યારે જૂનના મધ્યમથી સપ્ટેમ્બરના અંત સુધી વરસાદની મોસમમાં આબોહવા ભેજવાળી અને ખુશનુમાં ગણાવી શકાય. ઓકટોબરથી નવેમ્બર દરમિયાન સાધારણ ગરમ આબોહવા રહે છે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી મોસમ ઠંડી રહે છે.

જિલ્લાનો સરેરાશ વરસાદ

**કોષ્ટક – 3.1 જિલ્લાનો સરેરાશ વરસાદ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2014 | 2015 | 2016 | 2017 | 2018 | 2019 | 2020 |
| 1 | જંબુસર | 494 | 418 | 444 | 459 | 425 | 723 | 617 |
| 2 | આમોદ | 411 | 219 | 315 | 415 | 353 | 856 | 720 |
| 3 | વાગરા | 529 | 296 | 552 | 999 | 674 | 1230 | 1025 |
| 4 | ભરૂચ | 935 | 533 | 496 | 756 | 911 | 1610 | 1162 |
| 5 | ઝઘડિયા | 726 | 618 | 380 | 441 | 564 | 625 | 720 |
| 6 | અંકલેશ્વર | 837 | 474 | 525 | 815 | 916 | 1744 | 1295 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | હાંસોટ | 826 | 464 | 580 | 904 | 786 | 1804 | 1102 |
| 8 | વાલિયા | 700 | 601 | 393 | 1047 | 1011 | 1418 | 1368 |
| 9 | નેત્રંગ | 1081 | 837 | 681 | 1053 | 962 | 1541 | 1753 |
| જિલ્લાનો સરેરાશ વરસાદ | | 726.56 | 495.56 | 485.11 | 765.44 | 733.56 | 1283.44 | 1084.67 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

વર્ષ 2020 દરમિયાન ભરૂચ જિલ્લામાં કુલ 1681 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યા 2014માં 726.56મીમી નોંધાયો હતો. ઉપરોક્ત કોષ્ટકનો જોતા લાગે છે કે ભરૂચ જિલ્લામાં વરસાદ સરેરાશ વધી રહ્યો છે, જે સારી બાબાત છે. જંબુસર અને આમોદ તાલુકામાં સરેરાશ વરસાદ ઓછો પડતો જણાય છે. ઝઘડિયા તાલુકામાં પણ અનેય તાલુકાઓ કરતા પ્રમાણમાં ઓછો વરસાદ પડે છે. ભરૂચ જિલ્લામાં પણ પાણીના તળ ખૂબ જ નીચા જતા રહ્યાં છે. આથી આ પાણીની તળ ઊંચા આવે તેવા પ્રયાસો કરવા જોઈએ.

જે તાલુકાઓમાં જંગલ વિસ્તાર છે, ત્યાં જંગલનું પ્રમાણ ઘટી રહ્યું છે. જે એક ચિંતાનો વિષય છે. સરકાર દ્વારા અઢળક ખર્ચ કરવામાં આવે છે. છતાં જંગલનું જાળવણી અને તેનો વ્યાપ વધતો ખાસ દેખાતો નથી. હાલાકી સરકારી આંકડાઓ મુજબ તો ભરૂચ જિલ્લા પાસે 2020.21માં 233.44 કી.મી. અનામત વન છે. 0.06 કી.મી. રક્ષિત વન છે. 12.35 કી.મી. અવર્ગીકૃત વન છે. આમ કુલ જિલ્લામાં 245.85 કી.મી. વન છે. ભરૂચના દરિયા વિસ્તારમાં ચેરના જંગલો 52 કિલોમીટ જેટલા વિસ્તારમાં વિસ્તર્યો છે. ભરૂચ જિલ્લામાં ખાસ કરીને ત્રણ જ તાલુકામાં જંગલો જોવા મળે છે. નેત્રંગ, વાલિયા અને નેત્રંગ. એમાં પણ ભેજવાળાં પાનખર જંગલો જોવા મળે છે. આ જંગલો સતત લીલા નથી હોતા. આ જંગલોમાં સાગ, સાલ, વાંસ, સીસમ, શીમળો, સાદડ, બિયો, મોદડ, કાકડ, ધાવડો, કુસુમ, ભોંડારો, ધમન, કેલઈ, ભાંગરો, શિરસ, હળદરવો, કલમ, આંબળા, બહેડા, ટીમરું, ખાખરો, ખેર, વગેરે વિવિધ પ્રકારના વૃક્ષો જોવા મળે છે. તેમાં સાગ, સીસમ, હળદરવો, કલમ અને ખેર જેવા ઇમારતી લાકડા પણ જોવા મળે છે. ભરૂચના જિલ્લાના કેટલાક વિસ્તારમાં સૂકા પાનખર જંગલો પણ છે. આ જંગલો વધારે ગીચ નથી. જંગલ સિવાયના વિસ્તારમાં કેટલાક વૃક્ષો ભરૂચ જિલ્લામાં જોવા મળે છે. તેમાં દેશી બાવળ, બંગાળી બાવળ, નીલગીરી, લીમડો, ગાંડો બાવળ, ખીજડો, શરૂ, આંબા, મહુડો જેવા વૃક્ષો જોવા મળે છે.

જંગલમાંથી ઇમારતી લાકડું, જલાઉ લાકડું, વાંસ, ઘાસ, બીડી વાળવાના પાન, બાજ-પડીયા, ગુંદર, લાખ, કાથો, રાળ, મધ, મહુડાના બીજ, મહુડાના ફૂલ, મીણ, લીમડાના બીજ, રતમ જોત, સફેદ મુસળી, બહેડા, હરડે, આમળા તથા અન્ય ગૌણ પેદાશોનું ઉત્પાદન થાય છે. ભરૂચ જિલ્લામાં દીપડા,

ઝરખ, જમગલી ભૂડ, જંગલી બિલાડી, વાંદરા, વગેરે પ્રાણીઓ જોવા મળે છે. વિવિધ પક્ષીઓ જોવા મળે છે.

### 3.3. જિલ્લાનું વહીવટી માળખુ

ભરૂચ જિલ્લામાં કુલ 662 ગામો આવેલાં છે. જેમાં 545 ગ્રામપંચાયત છે. જેમાંથી 75 જૂથ ગ્રામપંચાયત અને 470 સ્વતંત્ર ગ્રામપંચાત છે. જેનું વિવરણ તાલુકા પ્રમાણે નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – 3.2 જિલ્લાનું વહીવટી માળખું દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા | નગરપાલિકા | ગ્રામપંચાયત | જૂથ પંચાયત | સ્વતંત્ર પંચાયત | આદિવાસી વસ્તી |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જંબુસર | 82 | 1 | 70 | 12 | 58 | 19091 |
| 2 | આમોદ | 54 | 1 | 49 | 04 | 45 | 23754 |
| 3 | વાગરા | 66 | 0 | 63 | 3 | 60 | 25028 |
| 4 | ભરૂચ | 94 | 01 | 92 | 02 | 90 | 52976 |
| 5 | ઝઘડિયા | 123 | 00 | 80 | 26 | 54 | 93532 |
| 6 | અંકલેશ્વર | 60 | 01 | 59 | 01 | 58 | 50965 |
| 7 | હાંસોટ | 46 | 00 | 46 | 00 | 46 | 19510 |
| 8 | વાલિયા | 60 | 00 | 47 | 9 | 38 | 67277 |
| 9 | નેત્રંગ | 77 | 00 | 39 | 19 | 20 | 79847 |
| | કુલ | 662 | 04 | 545 | 75 | 470 | 431980 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ઉપરોક કોષ્ટક જોતા ઝઘડિયા તાલુકામાં સૌથી વધુ વસ્તી આદિવાસીઓની છે. ઝઘડિયા તાલુકામાં કુલ 80 ગ્રામપંચાયતો છે. તેમાંથી 26 જૂથ ગ્રામપંચાયત છે. 54 સ્વતંત્ર ગ્રામપંચાયત છે. 26 જૂથ ગ્રામપંચાયતોમાંથી 20 જૂથ ગ્રામપંચાયતો એક હજારથી વધુ જન સંખ્યા ધરાવનારી છે. જેમાંથી કેટલીક જૂથ ગ્રામપંચાયતોની જનસંખ્યા ત્રણ હજારથી વધુ છે. નેત્રંગ તાલુકો અને વાલિયા તાલુકામાં પણ જૂથ પંચાયતની સંખ્યા બીજા તાલુકા કરતા વધારે છે. સામાન્ય રીતેઆ બંન્ને તાલુકામાં પણ બીજા બધા તાલુકાઓ કરતા આદિવાસીઓની વસતી વધારે છે. બીજી તરફ હાસોટ તાલુકામાની વાત કરીએ તો એ તાલુકામાં સૌથી ઓછી 19510ની જ આદિવાસીઓની વસતી છે. જેમાં 46 ગામોની સામે 46 સ્વતંત્ર ગ્રામપંચાયતો છે. કેટલીક ગ્રામપંચાયતોમાં તો 500 કરતા પણ ઓછી જનસંખ્યા છે. ચારથી પાંચ ગ્રામપંચાયતોને બાદ કરતા બાકીની તમામ ગ્રામ પંચાયતોમાં બે હજારથી નીચે જન સંખ્યા છે. આ પ્રકારની ગ્રામપંચાયતના વિભાજનને આદર્શ વિભાજન કહી શકાય. માત્ર એક જ ગામ હોય અને

એની વસ્તી ભલે 10000 હોય તોપણ તેના જોહેર વિકાસના કામો કરવામાં સરળતા રહેતી હોય છે. જ્યારે ગૃપ ગ્રામપંચાયતોમાં જાહેર વિકાસમાં કામોમાં ઘણી મુશ્કેલી ઊભી થાય છે. ગ્રાંટની વહેચણી સંદર્ભે પણ ઘણી અસમાનતા જોવા મળે છે. બીજા તાલુકાઓમાં એકંદરે જૂથ ગ્રામપંચાયતોની જનસંખ્યા બે હજારની સમાંતરે છે. પરંતું કેટલી જૂથ ગ્રામપંચાયતોની જન સંખ્યા બે હજારથી વધારે છે તે અંગે વિચારવું જોઈએ. આવા સંજોગોમાં આ જૂથ ગ્રામપંચાયતનું વિભાજન કરી વિકાસ કાર્યોને ન્યાય આપી શકાય. જ્યાં આદિવાસીની વસ્તી ઓછી છે તે તાલુકાઓમાં જૂથ ગ્રાપંચાયતોની સંખ્યા ઓછી છે. આમ થવા પાછળના કારણો પણ તપાસવા રહ્યા. વહિવટી માળખામાં બદલાવ લાવવાની જરૂર છે.

### 3.4. જિલ્લાની સામાન્ય અને વસ્તીવિષયક રૂપરેખા

### વિસ્તાર અને વસતિ –

**કોષ્ટક 3.3 તાલુકા પ્રમાણે કુલ વસતિ અને વસતિ વિષયક લાક્ષણિકતા**

| Sr. no | જીલ્લો તાલુકો | વસ્તી 2001 | | | વસ્તી 2011 | | | વૃદ્ધિ દર | વસતિ ગીચતા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | | |
| | ભરૂચ | 1370656 | 713676 | 656980 | 1551019 | 805707 | 745312 | 13.2 | 238 |
| 1 | જંબુસર | 176550 | 91687 | 84872 | 197038 | 102455 | 94583 | 11.6 | 180 |
| 2 | આમોદ | 92921 | 48126 | 44795 | 93819 | 48400 | 45419 | 0.97 | 201 |
| 3 | વાગરા | 82647 | 43198 | 39449 | 100044 | 53489 | 46555 | 21.05 | 113 |
| 4 | ભરૂચ | 383746 | 198124 | 185622 | 452517 | 232750 | 219767 | 17.92 | 703 |
| 5 | ઝઘડિયા | 172553 | 89064 | 83489 | 151127 | 77500 | 73627 | 7.41 | 229 |
| 6 | અંકલેશ્વર | 262861 | 140576 | 122285 | 315596 | 167694 | 147902 | 20.06 | 724 |
| 7 | હાંસોટ | 68782 | 36255 | 32527 | 61268 | 31713 | 29555 | 10.92 | 154 |
| 8 | વાલિયા | 130587 | 66646 | 63941 | 87547 | 44733 | 42814 | 11.34 | 283 |
| 9 | નેત્રંગ | - | - | - | 92063 | 46973 | 45090 | - | |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ઉપરના કોષ્ટકનો અભ્યાસ કરતા કેટલીક બાબતો સ્પષ્ટ જણાય આવે છે. દા. ત. જ્યાં આદિવાસીની વસતિ વધારે છે ત્યાં વસતિ વૃદ્ધિ દર ઓછો છે.જે એક રીતે સારી બાબત છે. તેના પાછળનું કારણ જાગૃતિ જણાય આવે છે. અથવા તો તે પાછળના ચોક્કસ કારણો શોધવા રહ્યા. નેત્રંગ તાલુકાની સ્થિતિ અંગે માહિતિ પ્રાપ્ત ન હોવાથી તે અંગે ચોક્કસ તારણ બાંધી શકાય તેમ નથી.

### 3.4.2 તાલુકા પ્રમાણે  વિસ્તાર અને જાતિવાર આદિવાસીની વસતિ

**કોષ્ટક 3.4 તાલુકા પ્રમાણે વિસ્તાર અને જાતિવાર આદિવાસીની વસતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | તાલુકા | પુરુષ | સ્ત્રી | કુલ | કુલ વસતિ સામે ટકાવારી |
|---|---|---|---|---|---|
| 1 | જંબુસર | 10732 | 9654 | 20386 | 10.35 |
| 2 | આમોદ | 13521 | 12448 | 25969 | 27.68 |
| 3 | વાગરા | 12921 | 12107 | 25028 | 25.02 |
| 4 | ભરૂચ | 41923 | 39498 | 81421 | 17.99 |
| 5 | ઝઘડિયા | 47779 | 45753 | 93532 | 61.89 |
| 6 | અંકલેશ્વર | 38118 | 36224 | 74342 | 23.56 |
| 7 | હાંસોટ | 10215 | 9772 | 19987 | 32.62 |
| 8 | વાલિયા | 67682 | 34392 | 33290 | 77.31 |
| 9 | નેત્રંગ | 40797 | 39050 | 79847 | 86.73 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021  આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ભરૂચ જિલ્લામાં આદિવાસીઓની સૌથી ઓછી વસતિ જંબુસર તાલુકામાં છે. જંબુસર તાલુકામાં તાલુકાની કુલ વસતિ સામે 10.35 ટકા વસતિ આદિવાસીઓની છે. ભરૂચ તાલુકામાં 17.99 ટકા, અંકલેશ્વર તાલુકામાં 23.56 ટકા, વાગરા તાલુકામાં 25.02 ટકા, આમોદ તાલુકામાં 27.68 ટકા, હાંસોટ તાલુકામાં 32.62 ટકા, ઝઘડિયા તાલુકામાં 61.89 ટકા, વાલિયા તાલુકામાં 77.31 ટકા અને નેત્રંગ તાલુકામાં 86.73 ટકા વસતિ છે. આદિવાસી વિસ્તારમાં પણ હવે ઝઘડિયા, વાલિયા, નેત્રંગ જેવા વિસ્તારો શહેર તરીકે વિકસી રહ્યા છે. જે આવનારા સમયમાં વધુ માઠી અસર પહોચાડી શકે તેમ છે. ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકાનમાં તાલુકામાં આદિવાસીની વસતિ વધારે છે. તેમ જ આજ તાલુકમાં જંગલનું પ્રમાણ પણ વધારે છે. આથી આ વિસ્તારમાં જંગલ આધારિત વિકાસની તકો વિચારવી જોઈએ. આદિવાસી બહુલ વસતિ ધરાવતા તાલુકાઓમાં સામન્ય રીતે પણ વિકાસની ગતિ ધીમી જણાય છે. આથી વધુ વસતિ ધરાવતા આદિવાસી તાલુકામઓમાં વિશેષ ધ્યાન આપવાની જરૂર લાગે છે.

### 3.4.3 તાલુકા પ્રમાણે 0થી 6 વર્ષના આદિવાસી બાળકોની વસતિ

કોષ્ટક 3.5 તાલુકા પ્રમાણે 0થી 6 વર્ષના આદિવાસી બાળકોની વસતિ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકા | પુરુષ | સ્ત્રી | કુલ | જાતિ પ્રમાણ |
|---|---|---|---|---|---|
| 1 | જંબુસર | 1578 | 1433 | 3011 | 900 |
| 2 | આમોદ | 1697 | 1599 | 3296 | 921 |
| 3 | વાગરા | 1774 | 1723 | 3497 | 937 |
| 4 | ભરૂચ | 5217 | 5042 | 10259 | 942 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | ઝઘડિયા | 8361 | 8017 | 16378 | 954 |
| 6 | અંકલેશ્વર | 5140 | 4789 | 9929 | 950 |
| 7 | હાંસોટ | 1244 | 1228 | 2472 | 955 |
| 8 | વાલિયા | 7143 | 6864 | 14007 | 968 |
| 9 | નેત્રંગ | - | - | - | - |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

નોંધ – નેત્રંગ તાલુકાનું વિભાજન 2015માં વાલિયા અને ઝઘડિયામાંથી થયું છે. એની અલગથી અહી માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.

જિલ્લાની બાળવસતિ 2011ની વસતિ ગણતરી મુજબ 10259 છે. જેમાં 5217 પુરુષ બાળ વસતિ અને 5042 સ્ત્રી બાળ વસતિ છે. જેમાં 6942 ગ્રામીણ બાળ વસતિ અને 3317 શહેરી બાળ વસતિ છે. દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યાને જાતિ પ્રમાણ કહેવામાં આવે છે. જાતિ પ્રમાણ પુરુષ દીઠ સ્ત્રીઓની સમાનતા કે અસમાનતાનો સૂચક છે. ગુજરાતમાં જાતિપ્રમાણ 919 છે. ગુજરાતમાં સૌથી વધુ સ્ત્રીઓની સંખ્યા તાપીમાં 1007 છે. ભરૂચ જિલ્લામાં જાતિ પ્રમાણ 950 છે. એટલે કે 1000 પુરુષોએ 950 સ્ત્રીઓ છે. જિલ્લામાં સૌથી ઓછું જાતિ પ્રમાણ જંબુસર તાલુકામાં 900 નોંધાયેલું છે. તથા સૌથી વધુ જાતિ પ્રમાણ વાલિયા તાલુકામાં 967 છે. બધા જ તાલુકામાં પુરુષ કરતા સ્ત્રીનું પ્રમાણ ઓછું છે. આદિવાસીઓમાં સામાન્ય રીતે વારસદારમાં પુત્રની ઘેલછા નથી. પરંતુ શહેરી સંસ્કૃતિ અને અન્ય સમાજની અસર હવે આદિવાસી સમુદાય પર પણ જોવા મળી રહી છે. જે ચિંતાજનક બાબત છે.

### 3.4.4 તાલુકા પ્રમાણે આદિવાસીની સાક્ષર વસતિ અને સાક્ષરતા દર

**કોષ્ટક 3.6 તાલુકા પ્રમાણે આદિવાસીની સાક્ષર વસતિ અને સાક્ષરતા દર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | તાલુકા | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જંબુસર | 5928 | 3486 | 9414 | 60.4 | 39.5 | 50.51 |
| 2 | આમોદ | 7509 | 4613 | 12122 | 69.3 | 46.6 | 58.46 |
| 3 | વાગરા | 7866 | 4991 | 12857 | 70.57 | 48.06 | 59.71 |
| 4 | ભરૂચ | 26670 | 18056 | 44726 | 72.66 | 52.4 | 62.85 |
| 5 | ઝઘડિયા | 9747 | 7281 | 17028 | 77.49 | 59.61 | 68.76 |
| 6 | અંકલેશ્વર | 25093 | 18502 | 43595 | 76.09 | 58.86 | 67.68 |
| 7 | હાંસોટ | 6154 | 4318 | 10472 | 68.6 | 50.54 | 59.79 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 8 | વાલિયા | 38887 | 29767 | 68654 | 76.71 | 60.66 | 68.82 |
| 9 | નેત્રંગ | - | - | - | - | - | - |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

નોંધ – નેત્રંગ તાલુકાનું વિભાજન 2015માં વાલિયા અને ઝઘડિયામાંથી થયું છે. એની અલગથી અહી માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.

સાક્ષરતા દર એટલે જે વ્યક્તિ કોઈ પણ ભાષા સમજપૂર્વક લખી અને વાંચી શકતિ હોય તે વ્યક્તિ સાક્ષર છે. જો કે સાત વર્ષથી ઓછી વયનું બાળક કોઈ ભાષા સમજી કે વાંચી શકતું ન હોવાને કારણે તેનો સાક્ષર વ્યક્તિની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. 2011ની વસતિ ગણતરી મુજબ જિલ્લાની કુલ સાક્ષર વસતિ 279171 છે. જેમાંથી 162771 પુરુષોની અને સ્ત્રીઓની 116400 સાક્ષર વસતિ નોંધાયેલ છે. કુલ સાક્ષર વસતિમાં 245239 ગ્રામ્ય વિસ્તારમાં તથા 143331 શહેરી વિસ્તારની સાક્ષર વસતિ નોંધાયેલ છે. ઉપરોકત સાક્ષરતાનું અર્થઘટન જોતા સાક્ષરતાની બહું મોટી અસર વિકાસ પર પડે એવું લાગતું નથી. શિક્ષણ બિલકુલ અગત્યનું છે. પરંતું માત્ર સાક્ષર કરી દેવાથી ચાલશે નહી. સાક્ષરતા સ્કીલ ડેવલેપમેન્ટમાં જરૂર સહાયક બની શકે. સાક્ષરતાને સ્ટેટશનો મુદ્દો બનાવવા કરતા સ્કીલ પર વધુ ભાર મુકાવો જોઈએ.

## 3.5. શિક્ષણ અને શિક્ષણની સુવિધા

**કોષ્ટક 3.7 શિક્ષણ અને શિક્ષણની સુવિધા દર્શાવતું કોષ્ટક**

| Sr. no | જીલ્લો તાલુકો | પ્રાથમિક શાળા | શિક્ષકોની સંખ્યા 2020-21 | હાઈસ્કૂલ | શિક્ષકોની સંખ્યા 2020-21 | કોલેજ | શિક્ષકોની સંખ્યા 2020-21 |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | કુલ | કુલ | કુલ | કુલ | કુલ |
| | ભરૂચ | 1259 | 7976 | 316 | 2605 | 33 | 254 |
| 1 | જંબુસર | 145 | 835 | 29 | 257 | 3 | 18 |
| 2 | આમોદ | 82 | 442 | 14 | 108 | 1 | 11 |
| 3 | વાગરા | 87 | 522 | 26 | 135 | 1 | 5 |
| 4 | ભરૂચ | 262 | 21.3 | 97 | 923 | 13 | 115 |
| 5 | ઝઘડિયા | 192 | 830 | 31 | 181 | 1 | 11 |
| 6 | અંકલેશ્વર | 189 | 1862 | 72 | 668 | 2 | 13 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 7 | હાંસોટ | 71 | 342 | 17 | 100 | 5 | 28 |
| 8 | વાલિયા | 108 | 481 | 14 | 110 | 4 | 21 |
| 9 | નેત્રંગ | 123 | 559 | 16 | 123 | 3 | 32 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ઉપરોક્ત કોષ્ટક જોતા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે શિક્ષકો અને શાળાનો સંખ્યા ઉચિત લાગે છે. પરંતુ મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે. તે અંગે પ્રોઢશિક્ષણના કાર્યક્રમ અંગે વિચારવું રહ્યું. 2020-21માં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમાં ભાઈઓ કરતા બહેનોની સંખ્યા વધું છે. તે એક આશાનું કિરણ છે. પરંતું દશમાં અને બારમાં ધોરણનું પરિણામ જોતા શિક્ષણની ગુણવત્તા સંદર્ભે વિચારવાની જરૂર છે. ફિલ્ડવર્ક દરમિયાન ધો- 10 પછી ડ્રોપઆઉટનું પ્રમાણ વધુ જણાય છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં આનું પ્રમાણ વધારે જણાય છે. તેનું કારણ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પ્રમાણ ઘણું ઓછું છે. કોમર્સ અને સાયન્સ પ્રવાહમાં આદિવાસી બાળકો દાખલ થાય તેના માટે ખાસ કાર્યક્રમો કરવાની જરૂર લાગે છે. આ પ્રકારનું શિક્ષણ તેમના કૌશલ્યમાં વૃદ્ધિ કરી શકે તેમ છે. આદિવાસી માતૃભાષામાં શિક્ષણ સંદર્ભે પણ વિચારવું રહ્યો. તેની અસર તેમના વિકાસ પર થઈ શકે તેમ જણાય છે. આદિવાસી વિસ્તારની અંદર જે શાળાઓ મર્જ કરવામાં આવી રહી છે. તેની અસર બાળકોની ડ્રોપઆઉટની સંખ્યામાં વધારો થવાની સંભાવના રહેલી છે. તથા ચોમાસા અને શિયાળા જેવી ઋતુમાં ઘરથી અંતર વધતા બાળકોની હાજરી પર પણ અસર થઈ શકે છે.

## 3.6. આરોગ્ય અને આરોગ્યની સુવિધા

**કોષ્ટક 3.8 આરોગ્ય અને આરોગ્યની સુવિધા દર્શાવતું કોષ્ટક**

| | | હોસ્પિટલ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | આર્યુવેદિક દવાખાના | હોમોયોપેથિક દવાખાના | કુલ વસતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભરૂચ | 1 | 09 | 41 | 241 | 16 | 09 | 1551019 |
| 1 | જંબુસર | - | 00 | 05 | 7 | 02 | 02 | 197038 |
| 2 | આમોદ | - | 01 | 03 | 17 | 00 | 00 | 93819 |
| 3 | વાગરા | - | 01 | 03 | 34 | 02 | 01 | 100044 |
| 4 | ભરૂચ | 01 | 01 | 06 | 27 | 03 | 04 | 452517 |
| 5 | ઝઘડિયા | - | 02 | 08 | 51 | 03 | 01 | 151127 |
| 6 | અંકલેશ્વર | - | 01 | 05 | 25 | 01 | 01 | 315596 |
| 7 | હાંસોટ | - | 01 | 02 | 11 | 02 | 00 | 61268 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | વાલિયા | - | 01 | 04 | 30 | 01 | 00 | 87547 |
| 9 | નેત્રંગ | - | 01 | 05 | 29 | 02 | 00 | 92063 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ઉપરોક્ત કોષ્ટક જોતા પહેલી નજરે જ આરોગ્યની સુવિધામાં ઉણપ જણાય છે. આખા જિલ્લામાં સરકારી માત્ર એક હોસ્પિટલ છે. તાલુકા પ્રમાણે એક હોસ્પિટલ હોવી જરૂરી છે. હાલની સ્થિતિએ જોઈએ તો જિલ્લામાં 4892ની વસતિએ એક દવાખાનું છે. જે આપણને એક દૃષ્ટિએ બરાબર લાગે. પરંતુ સોળ લાખની વસતી સામે માત્ર સંપૂર્ણ સુવિધા વાળી એક જ હોસ્પિટલ એ યોગ્ય સુવિધા નથી. આરોગ્ય સુવિધામાં વસતિની સંખ્યા કરતા પણ અંતર મહત્વનું હોવું જોઈએ. દરેક નાગરિકને કેટલા અંતરે આરોગ્યની સુવિધા મળી રહે છે. તે અગત્યનું છે. આથી તાલુકા કે વસતિને ધ્યાનમાં રાખી અંતર પ્રમાણે સુવિધા ઊભી કરવી જોઈએ. નજીક સુવિધાઓ પ્રાપ્ત ન થવાના કારણે દર્દી ક્યાંક તો મોતને ભેટે છે. અથવા ખાનગી દવાખાનાઓનો ભોગ ભને છે. પેટા આરોગ્ય કેન્દ્રમાં તો નિશ્ચિત દિવસે જ સુવિધા ઉપલબ્ધ થતી હોવાથી એને આરોગ્યની સુવિધામાં કેટલું ઉપયોગી બને છે. તે અંગે એકવાર ફરી મૂલ્યાંકન કરવું જોઈએ. નાગરીક મોટા ભાગે હોસ્પીટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર જ આધાર રાખે છે. આદિવાસી વિસ્તારમાં આર્યુવેદિક દવાખાનાઓને વધું પ્રોત્સાહન આપી શકાય. એમાં સ્થાનિક આદિવાસી જ્ઞાનનો પણ લાભ લઈ શકાય. ઘણાં ખરા આદિવાસી વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની મુશ્કેલી છે. જેથી 108ની સુવિધાનો લાભ લઈ શકતા નથી. જ્યાં નેટવર્કની વ્યવસ્થા નથી ત્યાં મોબાઈલ ટાવર અંગે અથવા વૈકલ્પિક વ્યવસ્થા વિચારી શકાય. જેથી દરદીને તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી શકે.

### 3.7. શ્રમશક્તિનું વર્ગીકરણ

**કોષ્ટક 3.9 શ્રમશક્તિનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | | મુખ્ય કામદારો | | સિમાંત કામદારો | | કુલ કામદારો | | કામ નહિ કરનારાઓ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | સ્ત્રી | કુલ | સ્ત્રી | કુલ | સ્ત્રી | કુલ | સ્ત્રી |
| 1 | જંબુસર | 32.69 | 11.06 | 7.20 | 10.05 | 39.90 | 21.11 | 60.10 | 78.89 |
| 2 | આમોદ | 35.12 | 14.94 | 7.53 | 9.44 | 42.64 | 24.38 | 57.36 | 75.62 |
| 3 | વાગરા | 32.16 | 10.64 | 7.30 | 7.48 | 39.46 | 18.12 | 60.54 | 81.88 |
| 4 | ભરૂચ | 31.33 | 10.94 | 4.64 | 3.86 | 35.97 | 14.80 | 64.03 | 85.20 |
| 5 | ઝઘડિયા | 36.62 | 18.74 | 8.48 | 9.67 | 45.10 | 28.42 | 54.90 | 71.58 |
| 6 | અંકલેશ્વર | 34.22 | 11.00 | 3.21 | 3.41 | 37.43 | 14.40 | 62.57 | 85.60 |
| 7 | હાંસોટ | 40.02 | 22.77 | 9.70 | 12.46 | 49.72 | 35.24 | 50.28 | 64.76 |
| 8 | વાલિયા | 38.93 | 24.08 | 10.63 | 12.98 | 49.56 | 37.06 | 50.44 | 62.94 |
| 9 | નેત્રંગ | 36.19 | 20.65 | 13.94 | 18.61 | 50.12 | 39.25 | 49.88 | 60.75 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ભરૂચ જિલ્લાની કુલ વસતિના 526541 (33.95 ટકા) મુખ્ય કામદારો છે. તેમાં 423884 પુરુષ કામદારો છે. અને 102657 સ્ત્રી કામદારો છે  સિમાંત કામદારો 100583 છે. જેમાંથી 45035 પુરુષો અને 55548 સ્ત્રી કામદારો છે. કામ નહી કરનારાઓમાં 923895 છે. જેમાંથી 336788 પુરુષો છે. અને 587107 સ્ત્રીઓ છે. કામ નહી કરનારાઓમાં આદિવાસીઓની પ્રમાણમાં વધારે વસતી છે એવા ઝગડિયા તાલુકામાં 54.90 ટકા લોકો છે. વાલિયા તાલુકામાં 50.44 ટકા છે. તથા નેત્રંગ તાલુકામાં 49.88 ટકા કામ કરવાથી કે કામ મળવાથી વિકાસ થઈ જતો નથી. પરંતું કામ કેવા પ્રકારનું છે ? મહેનતાણું કેટલું મળે છે ? ખર્ચ કેટલો થાય છે ? કામ કયું છે ? આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. કામ નહી કરનારની સંખ્યા ભરૂચ, અંકલેશ્વર અને વાગરામાં સૌથી વધુ છે. આજ તાલુકામોમાં ઔધોગિક એકમો પણ વધુ છે.  બીજી તરફ મુખ્ય કામદારોની સંખ્યા હાંસોટ, વાલિયા અને ઝધડિયામાં વધું છે. સીમાંત કામદારોમાં પુરુષો કરતા સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. તો બીજી તરફ કામ નહી કરનારાઓમાં પણ પુરુષ કરતા સ્ત્રીઓનું પ્રમાણ વધું છે. તેનું કારણ તપાસવું રહ્યું. ભરૂચ જિલ્લામાં સરેરાશ કુલ કામદારો 627124 છે. જે વસતિના  40.43 ટકા છે. આથી એટલું આપણે કહી શકીએ કે જિલ્લાના હજું 59.57 ટકા લોકો હજી કામથી વંચિત છે. એ માટે યોગ્ય માળખું ઊભું કરવાની જરૂર લાગે છે.

### 3.8. ખેડૂતો અને ખેત મજૂરો

કોષ્ટક 3.10 ખેડૂતો અને ખેત મજૂરો દર્શાવતું કોષ્ટક

| | | ખેડુતો | | | ખેતમજૂરો | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | જંબુસર | 12054 | 847 | 1209 | 21715 | 6851 | 28566 |
| 2 | આમોદ | 6483 | 366 | 6849 | 12565 | 5304 | 17869 |
| 3 | વાગરા | 5380 | 379 | 5759 | 8012 | 3022 | 11034 |
| 4 | ભરૂચ | 10793 | 1498 | 12291 | 20270 | 8403 | 28673 |
| 5 | ઝઘડિયા | 8270 | 1031 | 9301 | 21990 | 10252 | 32242 |
| 6 | અંકલેશ્વર | 6899 | 720 | 7619 | 15114 | 7120 | 22234 |
| 7 | હાંસોટ | 5150 | 964 | 6114 | 5779 | 4434 | 10213 |
| 8 | વાલિયા | 3901 | 565 | 4466 | 13491 | 7855 | 21346 |
| 9 | નેત્રંગ | 4805 | 930 | 5735 | 15250 | 7392 | 22642 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-21  આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

### 3.9. ગૃહઉદ્યોગમાં કામ કરનારાઓ અને અન્ય કામ કરનારાઓ

કોષ્ટક 3.11 ખેડૂતો અને ખેત મજૂરો દર્શાવતું કોષ્ટક

| | | ગૃહઉદ્યોગમાં કામ કરનારાઓ | | | અન્ય કામ કરનારાઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | જંબુસર | 403 | 98 | 501 | 19787 | 2664 | 22451 |
| 2 | આમોદ | 211 | 37 | 248 | 6899 | 1080 | 7979 |
| 3 | વાગરા | 255 | 50 | 305 | 13578 | 1502 | 15080 |
| 4 | ભરૂચ | 2125 | 420 | 2545 | 84517 | 13726 | 98243 |
| 5 | ઝઘડિયા | 658 | 158 | 816 | 10630 | 2360 | 12990 |
| 6 | અંકલેશ્વર | 421 | 88 | 509 | 14869 | 2134 | 17003 |
| 7 | હાંસોટ | 238 | 67 | 305 | 6622 | 1266 | 7888 |
| 8 | વાલિયા | 217 | 80 | 297 | 6162 | 1811 | 7973 |
| 9 | નેત્રંગ | 372 | 116 | 488 | 3582 | 867 | 4449 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-21 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ઉપરોક્ત બંન્ને કોષ્ટક જોતા ભરૂચ જિલ્લામાં ખેડુતોની સંખ્યા 71035 છે. જેની સામે ખેત મજૂરોની સંખ્યા 194819 છે. જ્યારે ગૃહ ઉદ્યોગમાં કામ કરનારાઓની સંખ્યા 1580 છે. અને અન્ય પ્રકારના કામ કરનારાઓની સંખ્યા 6634 છે. અહી આપણે ખેડૂતોની સંખ્યામાં આદિવાસી ખેડુતોની સંખ્યા અલગ તારવીએ, એને અલગ તારવીને એમની જમીનની ગુણવત્તા ચકાસીએ, તેમ જ તેમની પાસે રહેલી સિંચાઈની સગવડો તપાસીએ તો આપણને વાસ્તવિકતાનો ખ્યાલ આવશે. ખૂબ જ ઓછા આદિવાસીઓ ઉદ્યોગો સાથે સંકળાયેલા છે. ઘણાં ઓછા આદિવાસીઓ પાસે જમીન છે. આવા સંજોગો આદિવાસી સમુદાયની મોટાભાગની સંખ્યાને ગૃહ ઉદ્યોગ તરફ વાળી એમને સ્વનિર્ભર બનાવી શકાય તેમ છે. તે માટે સ્થાનિક સંસાધન આધારિત ગૃહ ઉદ્યોગો પર ભાર મૂકી શકા. માત્ર ખેતી જ આજીવિકા માટે પુરતી છે. એમ કહી શકાય નહી. કોષ્ટકના આંકડાઓ પણ ગૃહ ઉદ્યોગમાં કામ કરનારાઓની સંખ્યા ઘણી ઓછી દર્શાવે છે. બીજુ સ્થાનિક દ્યોગો આધારિક કૌશલ્ય વિકસાવી રોજગારી આપી શકાય.

### 3.10. તાલુકા પ્રમાણે જમીન વપરાશ

**કોષ્ટક 3.12 તાલુકા પ્રમાણે જમીન વપરાશ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જમીનનો ઉપયોગનો હેતુ | જંબુસર | આમોદ | વાગરા | ભરૂચ | ઝઘડિયા | અંકલેશ્વર | હાંસોટ | વાલિયા | નેત્રંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જમીન | 101024.8 | 42866.03 | 91437.42 | 63854.3 | 42872.61 | 214307.56 | 37508.05 | 27162.44 | 34742.77 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઉપયોગ હેતુ માટે કુલ જમીન | | | | | | | | | |
| 2 | જંગલો | 3.9 | 0.19 | 1078.59 | 1.81 | 4419.37 | 00 | 1281.53 | 166.47 | 8990.8 |
| 3 | બિન ખેતી માટે ઉપયોગ માં લેવાયેલ જમીન | 40.58 | 2.49 | 26.00 | 763.22 | 14.28 | 122.25 | 3.36 | 322.48 | 516.54 |
| 4 | ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન | 78.05 | 26.00 | 241.26 | 11.03 | 36.05 | 7.17 | 6.94 | 1.56 | 5.17 |
| 5 | કાયમી ગૌચર અને ચરાણની જમીન | 2827.04 | 763.22 | 1819.54 | 1277.508 | 2916.09 | 1173.995 | 1552.33 | 1313.27 | 1281.36 |
| 6 | વૃક્ષો અને ઝાડો હેઠળની જમીન | 5.93 | 14.28 | 2.45 | 3.9 | 18.22 | 0.81 | 0.29 | 4.42 | 00 |
| 7 | ખેડી શકાય તેવી પડતર જમીન | 3560.89 | 122.25 | 1662.70 | 529.9 | 2050.57 | 979.38 | 2328.23 | 149.47 | 386.79 |
| 8 | અન્ય પડતર જમીન | 11.04 | 3.36 | 22.50 | 8.57 | 2.55 | 5.02 | 6.92 | 3.21 | 1.08 |
| 9 | ચાલુ પડતર | 102.27 | 322.48 | 409.68 | 2070.24 | 10105.08 | 35618.93 | 229.46 | 60.02 | 51.37 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જમીન | | | | | | | | | |
| 10 | ચોખ્ખો વાવેતર વિસ્તાર | 516.54 | 300.40 | 368.20 | 450.54 | 429.90 | 301.47 | 329.04 | 320.37 | 227.83 |
| 11 | એક કરતા વધુ વખત વાવેતર કરેલ વિસ્તાર | 67.30 | 11.65 | 30.60 | 14.40 | 28.40 | 43.60 | 30.15 | 26.50 | 40.89 |
| 12 | એકંદરે વાવેતર કરેલ વિસ્તાર | 583.84 | 312.05 | 398.80 | 464.94 | 458.30 | 345.07 | 359.19 | 320.37 | 268.72 |
| 13 | નહેર દ્વારા સિંચિત વિસ્તાર | 00 | 00 | 00 | 00 | 28 | 00 | 00 | 96 | 112 |
| 14 | તળાવ દ્વારા સિંચિત વિસ્તાર | - | - | - | - | - | - | - | - | - |
| 15 | કુવા દ્વારા સિંચિત વિસ્તાર | - | - | - | - | - | - | - | - | - |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-21 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ઉપરોક્ત કોષ્ટક જોતા જણાય છે કે વાલિયા, નેત્રંગ અને ભરૂચ તાલુકામાં જમીન ઉપયોગ હેતુ માટે સૌથી ઓછી છે. જ્યારે એજ તાલુકામાં આદિવાસી વસતિ પણ વધારે છે. જ્યારે આજ તાલુકામાં જંગલવિસ્તાર પણ વધારે છે. આથી આ તાલુકામાં જમીન સાથે રહેલી વિકાસની તકો સાથે જંગલસાથે જોડાયેલી વિકાસની તકો પણ તપાસવી રહી. બિનખેતી માટે ઉપયોગમાં લેવાયેલી જમીનનો આંકડો નેત્રંગ અને વાલિયા તાલુકામાં વધી રહ્યો છે. તે અંગે ગંભીરતા પૂર્વક વિચારવું જોઈએ. એકથી વધારે વખત જમીનમાંથી પાક લઈ શકે તે અંગે સગવડો વધારવી જોઈએ. સિંચાઈની સુવિધા ધરાવવામાં ઝઘડિયા, નેત્રંગ અને વાલિયા મોખરે છે. આ ત્રણે તાલુકા આદિવાસી બહુલ વસતિ ધરાવતા તાલુકા છે. જ્યાં નહેરની સુવિધા ઉપલબ્ધ ન થઈ શકે એમ હોય ત્યા બોરવેલ કે કુવા દ્વાર સિંચાઈની સુવિધા

આપવાનું વિચારવું જોઈએ. પડતર જમીન અંગે સામૂહિક ખેતી કે અન્ય ગૃહઉદ્યોગો માટે વિચારવું જોઈએ.

### 3.11. તાલુકાવાર માર્ગની વિગત

કોષ્ટક 3.13 તાલુકાવાર માર્ગની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકો | રાષ્ટ્રીય ધોરી માર્ગ | રાજ્ય ધોરી માર્ગ | મુખ્ય જિલ્લા માર્ગો | અન્ય જિલ્લા માર્ગો | ગ્રામ્ય માર્ગો | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | જંબુસર | | 112.20 | 433.97 | 00 | 67.87 | 614.04 |
| 2 | આમોદ | | 63.98 | 196.58 | 5.30 | 8.50 | 274.36 |
| 3 | વાગરા | | 125.30 | 275.69 | 00 | 22.15 | 423.14 |
| 4 | ભરૂચ | | 92.95 | 359.63 | 00 | 42.90 | 495.48 |
| 5 | ઝઘડિયા | | 76.60 | 310.48 | 77.90 | 4.35 | 469.33 |
| 6 | અંકલેશ્વર | | 26.45 | 397.30 | 2.68 | 31.00 | 457.43 |
| 7 | હાંસોટ | | 14.60 | 208.75 | 00 | 3.00 | 226.35 |
| 8 | વાલિયા | | 83.10 | 215.25 | 8.30 | 00 | 3.6.65 |
| 9 | નેત્રંગ | | 34.90 | 188.50 | 00 | 12.80 | 236.20 |
| | કુલ | 179 | 630.08 | 2586.15 | 98.18 | 192.57 | 3502.98 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-21 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

રસ્તાઓની સુવિધા બધા જ તાલુકાઓમાં સારી છે. મોટા ભાગના ગામડાઓ મુખ્ય રસ્તાથી જોડી દેવામાં આવ્યા છે. છતાં પહાડ કે દુર્ગમ વિસ્તારમાં કે ચોમાસા જેવા સમયમાં નદીમાં પુર આવવાના કારણે કેટલાક ગામડા હજી સંપર્ક વિહોણા બની જાય છે. આવા ગામડાઓનો સંપર્ક કાયમી બની રહે તે અંગે વિચારવાનું રહે છે. આખા જિલ્લામાં કુલ 3502.98 કિલોમીટર જેટલા રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ, જિલ્લા,તાલુકા અને ગ્રામ્ય માર્ગ ધરાવે છે.

### 3.12. ટપાલ અને બેંક

કોષ્ટક 3.14 ટપાલ અને બેંક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકો | જંબુસર | આમોદ | વાગરા | ભરૂચ | ઝઘડિયા | અંકલેશ્વર | હાંસોટ | વાલિયા | નેત્રંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ટપાલ મુખ્ય કચેરી | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| | પેટા કચેરી | 07 | 04 | 04 | 15 | 05 | 06 | 02 | 02 | 01 |
| | શાખાઓ | 42 | 27 | 40 | 69 | 50 | 38 | 23 | 30 | 25 |
| | કુલ | 49 | 31 | 44 | 85 | 55 | 44 | 25 | 32 | 26 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | રાષ્ટ્રીયકૃત બેંકો | 08 | 08 | 21 | 60 | 13 | 32 | 07 | 05 | 04 |
| 3 | સહકારી બેંકો | 04 | 04 | 04 | 18 | 05 | 05 | 03 | 02 | 01 |
| 4 | જમીન વિકાસ બેંકો | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 1 | 0 |
| 5 | ગ્રામિણ વિકાસ બેંકો | 03 | 02 | 04 | 09 | 02 | 05 | 01 | 02 | 01 |
| 6 | અન્ય બેંકો | 04 | 00 | 06 | 28 | 01 | 21 | 01 | 01 | 00 |
| | કુલ | 20 | 15 | 36 | 116 | 22 | 64 | 13 | 11 | 06 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-21 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

ટપાલ અને બેંકની સુવિધા આદિવાસી વિસ્તારમાં ખૂબ જ નબળી છે. આખા જિલ્લામાં 391 ટપાલ કચેરીઓ છે. જેમાં પણ મુખ્ય કચેરી માત્ર 1 છે. અને પેટા કચેરી 46 છે. ભરૂચ જિલ્લામાં કુલ વસતિ **1551019** છે. તેની સામે મુખ્ય પોસ્ટ ઓફિસ તો માત્ર 1 છે. અને પેટા કચેરી 46 છે. બાકીની 344 શાખાઓ છે. જે માત્ર ટપાલ વહેચવાનું કામ કરે છે. આજે આપણે જાણીએ છીએ તેમ આદિવાસીઓની દરેક પ્રકારની યોજનાઓના નાંણા અંગેનો વ્યવહાર બેંક અથવા પોસ્ટના ખાતા દ્વારા કરવામાં આવે છે. ટપાલ વહેંચવાની વાત કરીએ તો પણ 3967 વ્યક્તિએ એક શાખા છે. આ દરેક વ્યક્તિને ન્યાય આપવા માટે પુરતી વ્યવસ્થા નથી. જો નાણાં વ્યવહારની દૃષ્ટિએ વિચારીએ તો પોસ્ટની 47 કચેરીઓ અને બેંક 303 મળીને કુલ 350 કચેરીઓ નાંણાં વ્યવહાર માટે છે. પરંતુ તેમાંથી 175 બેંકો તો શહેરમાં છે. ગ્રામ્ય કક્ષાએ તો માત્ર 128 છે. વસતિ સંખ્યા પ્રમાણે જોઈએ તો પણ 5118 વ્યક્તિએ એક બેંક છે. આ બેંક અને પોસ્ટની કચેરી પણ મોટા ભાગની તાલુકા કક્ષાએ જ હોય છે. આથી નાણાં વ્યવહાર માટે દરેક વ્યક્તિએ તાલુકા મથકે જ આવવું પડે છે. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારની કોઈપણ બેંક આપ જોશો તો દરેક બેંકમાં પૈસાના લેવડ દેવડ માટે લાઈનો દરરોજ લાગેલી હોય છે. પેંશન કે અન્ય યોજનના નિયમિત નાણાં મેળવતા વ્યક્તિઓ તો મહિનની શરૂઆતની તારીખોમાં લાંબી લાંબી લાઈનોનો સામનો કરવો પડે છે. કેટલીક વખતે તો 400 રૂ. પેન્શન મેળવવા માટે વૃધ્ધ વ્યક્તિએ 100 રૂ. ભાડુ ખર્ચી તાલુકા મથકે જાય છે. અને આખો દિવસ લાઈનમાં ઊભા રહે ત્યારે 400 રૂ. લઈ સાંજે ઘરે પરત ફરે છે. આખા દિવસની એની રોજગારી પણ જાય છે. સામેથી ભાડાના 100 રૂ. ખર્ચ થાય છે. લાઈનમાં ઊભા રહી હેરાન થાય છે, તે અલગ. આથી બેંકીંગ અને ટપાલ સેવા અંગે આદીવાસી વિસ્તારમાં વિશેષ ધ્યાન આપવાની જરૂર લાગે છે. નાણાં સરળતાથી નજીકમાંથી મેળવી શકે તેવું આયોજન કરવાની જરૂર લાગે છે. ટપાલ વ્યવસ્થામાં જે શાખાઓ છે. તેને દરેકને બેંકમાં પરિવર્તન કરી બેંક જેવી સુવિધાઓ ઊભી કરી શકાય. હજી વધુ શાખાઓ ઊભી કરી બેંકીંગ અને ટપાલ વ્યવસ્થા સરળ બનાવવાની જરૂર લાગે છે.

### 3.13. આવક અને રોજગારીના ક્ષેત્રો

**પશુપાલન**

કોષ્ટક 3.15 પશુપાલન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | તાલુકો | ગાય | ભેંસ | ઘેંટા | બકરા | ઊંટ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જંબુસર | 10800 | 27935 | 556 | 24462 | 12 | 192 | 39120 |
| 2 | આમોદ | 12638 | 23036 | 549 | 15389 | 00 | 284 | 36216 |
| 3 | વાગરા | 7058 | 17328 | 336 | 10595 | 150 | 90 | 24722 |
| 4 | ભરૂચ | 9899 | 24441 | 450 | 28440 | 03 | 116 | 34764 |
| 5 | ઝઘડિયા | 27634 | 38983 | 257 | 29246 | 00 | 67 | 66871 |
| 6 | અંકલેશ્વર | 10572 | 21602 | 325 | 12992 | 01 | 96 | 32492 |
| 7 | હાંસોટ | 10461 | 13464 | 637 | 6762 | 00 | 100 | 24562 |
| 8 | વાલિયા | 37101 | 16797 | 00 | 9898 | 00 | 18 | 53898 |
| 9 | નેત્રંગ | - | - | - | - | - | - | - |
| | કુલ | | | | | | | |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-21 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

પશુપાલનનો વ્યવસાય આદિવાસી વિસ્તારમાં વધુ ઉપકારક બને તેમ છે. કારણકે આદિવાસી વિસ્તારમાં જંગલ વિસ્તાર વધું હોવાના કારણે પુરતો ઘાસ ચારો મલી રહે છે. ભરૂચ જિલ્મ્માં પણ જંગલનો વિસ્તાર વધુ છે. આથી ત્યાં પશું પાલન વધુ શક્ય છે. પરંતુ એક મુશ્કેલી આ વિસ્તારમાં એ પણ છે કે આ આદિવાસી વિસ્તારમાં વિસ્થાપિતોની સંખ્યા પણ વધુ છે. આ વિસ્તારમાં ચારથી છ માસ રોજગારી માટે સ્થળાંતર પર વધુ થાય છે. શિક્ષણનો પ્રશ્ન અને પશુપાલનનો પ્રશ્ન આદિવાસી માટે સરખો બની રહે છે. પશુપાલન હોય બાળકને શિક્ષણ આપવાનું હોય એક વ્યક્તિએ તો બારેમાસ ઘરે રહેવું જ પડે. તો જ પશુપાલન કે શિક્ષણ શક્ય છે. પશુપાલનમાં કરવામાં કેટલીક મર્યાદાઓ આદિવાસી વિસ્તારમાં નડે છે. જેમ કે પશુપાલ જેની પાસે ખેતીની જમીન હોય એને પુરક વ્યવસાય તરીકે વધુ અનુકુળ આવે છે. બીજા માટે દૂધ આપે ત્યાં સુધી અનુકુળ વ્યવસાય બની રહે છે. બાકીના સમયમાં બોજારૂપ બની રહે છે. ઘણાં બધા આદિવાસી કુટાંટે બો રોજગારી સહપરિવાર સ્થળાંતર કરે છે. અથવા કામ કરવા માટે દરરોજ જાય છે. આવા સંજોગોમાં ટંકે લાવીને ખાનારા કુંટુંબો માટે પશુપાલન પરવડે એમ નથી. આદિવાસી વિસ્તારમાં બકરાં ઉછેરને પણ ઉત્તેજન આપી શકાય. કારણ કે બકરાંઓ માટે બારેમાસ ઘાંસચારો મળી રહેવાની સંભાવના આ વિસ્તારમાં વધુ રહેલી છે. પશુપાલન માટે યોજના અંગે વિચારીએ ત્યારે વ્યક્તિની સ્થિતિ, ક્ષમતા અને તેની પાસે ઉપલબ્ધ સંસાધનના આધારે સહાય કરી આ

યોજનને ઉત્તેજ આપી શકાય. ઉપરાંત આ વ્યવસાય સાથે સંકળાયેલા યોગ્ય વળતર આપે તેવા બજારની પણ વ્યવસ્થા વિચારવી જોઈએ.

### 3.14. મત્સ્ય ઉદ્યોગ

કોષ્ટક 3.16 મત્સ્ય ઉદ્યોગ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લો/તાલુકો | યાંત્રિક હોડીઓ | બિન યાંત્રિક હોડિઓ | સહકારી મંડળીઓની સંખ્યા | મત્ય ઉદ્યોગમાં રોકાયેલા સભ્યોની સંખ્યા | મત્સ્યજાળની સંખ્યા | માછલી વેચાણ સાથે સંકળાયેલાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | ભરૂચ | 618 | 950 | 29 | 1312 | 192706 | 5576 |
| 1 | જંબુસર | - | - | - | - | 5735 | 943 |
| 2 | આમોદ | - | - | - | - | 814 | 160 |
| 3 | વાગરા | - | - | - | - | 26610 | 870 |
| 4 | ભરૂચ | - | - | - | - | 96451 | 1715 |
| 5 | ઝઘડિયા | - | - | - | - | 17092 | 533 |
| 6 | અંકલેશ્વર | - | - | - | - | 10787 | 141 |
| 7 | હાંસોટ | - | - | - | - | 21994 | 1103 |
| 8 | વાલિયા | - | - | - | - | 3223 | 111 |
| 9 | નેત્રંગ | - | - | - | - | - | - |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

આદિવાસી વિસ્તારમાં જે નાના ડેમ છે. તેમા બારેમાસ પાણી રહે તેવું આયોજન કરી મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. આદિવાસી વિસ્તારમાં ઘણાં ઓછા લોકો એકથી વધારે યોજનાનો લાભ લઈ જાય છે. જેના કારણે ઘણી અસમાનતા જોવા મળે છે. આ અસમાનતા તરફ ધ્યાન આપવાની જરૂર લાગે છે. ભરૂચ જિલ્લામાં આવેલ દરીયા, વલી, ભાંગોરીયા, કોયલી માંડવી ધોલી ખામ જેવાનાના ડેમો કે જ્યાં પાણીની વ્યવસ્થા બારેમાસ રહી શકે તેમ છે. તેવા પાણીવાળા વિસ્તારોને બ્લોકમાં વહેચી આસપાસ ગામના લોકોની મંડળી બનાવી જુદી જુદી મંડળીને બ્લોકની વહેંચણી કરી મત્સ્ય ઉદ્યોગ માટે પ્રોત્સહન આપી શકાય. આખા જિલ્લામાં નર્મદા જેવી વિશાળ નદી હોય, વિશાળ દરિયા કિનારો છે. આ તમામ ક્ષેત્રોનો ઉપયોગ કરી મત્સ્ય ઉદ્યોગની સાથે આદિવાસીઓને જોડી શકાય. સામાન્ય રીતે કોઈપણ નાની મોટી નદી આસપાસ ગામ ધરાવતા ગામના દરેક ઘરમાં માછલી પકડવાની નાની જાળ હોય છે. જેનો ઉપયોગ ચોમાસા દરમિયાન નદીમાં પાણી હોય ત્યારે માછલી

પકડવા કરે છે. તેનો ઉપયોગ માત્ર ખોરાકમાં કરે છે. એ રીતે માછલી પકડવાનું કૌશલ્ય જે આદિવાસો પાસે છે, તેમની ક્ષમતામાં વૃદ્ધિ કરી શકાય તેમ છે. આ કોષ્ટકમાં યાંત્રીક હોડીની સંખ્યા 618 દર્શાવી છે. અને બિનયાંત્રિક હોડી 950 દર્શાવી છે. જેમાં ઘણી જુજ હોડીનો ઉપયોગ માછીમારી માટે થાય છે. નહી તો મોટાભાગે પરિવહન માટે થાય છે. ભરૂચ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ જોતા મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તેવી પુરી શક્યતા જણાય છે. તે માટે યોગ્ય માળખું ઊભુ કરવાની જરૂર લાગે છે. તેને અનુરૂપ બજારનું જોડાણ પણ એટલું જ અગત્યનું છે.

### 3.15. ખનીજ

ભરૂચ જિલ્લામાં બ્લેક સ્ટ્રેપ, સાદી રતી, સાદી માટી, ગ્રેવલ જેવા ખનીજ મળી આવે છે. એ ઉપરાંત લીગ્નાઈટ, સીલીકાસેન્ડ, બોલકલે તથા અગેટ મોટી માત્રામાં મળી આવે છે. નેત્રંગ, ઝઘડિયા અને વાલિયા તાલુમાં ચાલતી સ્ટોન કવૉરી આવનારા સમયમાં પર્યાવરણની રીતે મોટું નુકશાન પહોંચાડી શકે તેમ છે. રેતી ખનને કે માટી ખનનને પણ રોકવાની જરૂર છે. હાલમાં ભરૂચ જિલ્લામાં ખૂબ જ મોટી માત્રામાં ઔધોગિક એકમો છે. તેવા સંજોગોમાં હવે પછી પર્યાવરણ સંવર્ધન કરીને જે ઉદ્યોગો સ્થાપી શાકાય તેવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ. રોજગારીને ખ્યાલમાં રાખીને ભરૂચ, અંકલેશ્વર, વાલિયા, ઝઘડિયા, વાગરા શહેરની આસપાસ અને ખાસ કરીને આદિવાસી વસવાટની આસપાસ જે ઉદ્યોગો સ્થપાય રહ્યા છે. તે આવનાર સમયમાં ભરૂચ જિલ્લાની જળ, જમીન અને જંગલ – આ ત્રણે સંપત્તિને નુકસાન પહોંચાડી શકે છે. આ ઉપરાંત ખનીજ ખનનની જે પ્રક્રિયા ચાલે છે. તે પણ આદિવાસીના સર્વાંગી વિકાસ ઉપર અસર પાડી શકે છે. આદિવાસીઓની સાંસ્કૃતિક વારસાને પણ નુકસાન કરી શકે છે.

### 3.16. સહકાર – બજાર વ્યવસ્થા

**કોષ્ટક 3.17.1 સહકાર –બજાર વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | મંડળીના પ્રકાર | જંબુસર | | આમોદ | | વાગરા | | ભરૂચ | | ઝઘડિયા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય |
| 2 | પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ મંડળી | 48 | 4099 | 45 | 4727 | 48 | 8637 | 52 | 28617 | 26 | 7380 |
| 3 | પ્રાથમિક બિનખેતી વિષયક ધિરાણ મંડળી | 11 | 2550 | 05 | 1820 | 4 | 1185 | 88 | 21032 | 11 | 2300 |
| 4 | પ્રાથમિક ખેતી | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિષયક બિનધિરાણ મંડળી | | | | | | | | | | |
| 5 | જીનીંગ પ્રેસિંગ અને રૂપાંતર મંડળીઓ | 03 | 660 | 01 | 450 | 3 | 830 | 07 | 2094 | 7 | 1690 |
| 6 | વેચાણ મંડળીઓ | 18 | 2397 | 18 | 1680 | 7 | 1110 | 27 | 5475 | 19 | 3040 |
| 7 | દૂધ પુરુ પાડનારાઓની મંડળી | 66 | 8215 | 59 | 8059 | 35 | 5960 | 49 | 5689 | 88 | 12740 |
| 8 | ખેતી સહકારી મંડળીઓ | 10 | 480 | 01 | 50 | 00 | 00 | 05 | 175 | 4 | 102 |
| 9 | સિંચાઈ મંડળીઓ | 124 | 2131 | 95 | 1378 | 123 | 2020 | 131 | 2080 | 40 | 693 |
| 10 | ગૃહનિર્માણ મંડળીઓ | 09 | 772 | 03 | 486 | 01 | 162 | 160 | 9522 | 3 | 186 |
| 11 | મત્સ્યોદ્યોગ મંડળીઓ | 04 | 202 | 01 | 51 | 03 | 75 | 04 | 185 | 6 | 220 |
| 12 | બિન કૃષિ ધિરાણ મંડળીઓ | 01 | 11200 | 01 | 5348 | 00 | 00 | 01 | 4286 | 00 | 00 |
| 13 | ચોખાની મંડળીઓ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 14 | મજૂર કામદાર સહકારી મંડળીઓ | 08 | 480 | 09 | 540 | 9 | 560 | 23 | 1541 | 9 | 560 |
| 15 | જંગલ કામદાર સહકારી મંડળીઓ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 16 | જિલ્લાસંઘ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 02 | 6303 | 00 | 00 |
| 17 | ગ્રાહક મડળીઓ | 00 | 00 | 03 | 1023 | 00 | 00 | 12 | 4436 | 00 | 00 |
| 18 | વૃક્ષ ઉછેર મંડળીઓ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 03 | 185 | 02 | 77 |
| 19 | અન્ય | 09 | 90 | 01 | 15 | 22 | 313 | 231 | 2576 | 05 | 1379 |
| | કુલ | 312 | 38377 | 243 | 27125 | 261 | 21233 | 796 | 96095 | 220 | 30367 |

કોષ્ટક 3.17.2 સહકાર – બજાર વ્યવસ્થા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | મંડળીના પ્રકાર | અંકલેશ્વર | | હાંસોટ | | વાલિયા | | નેત્રંગ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય | મંડળી | સભ્ય |
| 2 | પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ મંડળી | 50 | 10500 | 31 | 6989 | 22 | 6132 | 11 | 3312 | 333 | 69893 |
| 3 | પ્રાથમિક બિનખેતી વિષયક ધિરાણ મંડળી | 60 | 14693 | 06 | 1648 | 12 | 2950 | 2 | 300 | 199 | 33245 |
| 4 | પ્રાથમિક ખેતી વિષયક બિનધિરાણ મંડળી | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 5 | જીનીંગ પ્રેસિંગ અને રૂપાંતર મંડળીઓ | 1 | 752 | 1 | 1152 | 01 | 530 | 01 | 380 | 25 | 7786 |
| 6 | વેચાણ મંડળીઓ | 22 | 5082 | 2 | 1957 | 08 | 1340 | 03 | 00 | 124 | 16999 |
| 7 | દૂધ પુરુ પાડનારાઓની મંડળી | 30 | 4170 | 18 | 4140 | 33 | 5191 | 33 | 3205 | 411 | 53199 |
| 8 | ખેતી સહકારી મંડળીઓ | 11 | 448 | 1 | 32 | 00 | 00 | 01 | 2 | 33 | 881 |
| 9 | સિંચાઈ મંડળીઓ | 6 | 172 | 17 | 90 | 17 | 380 | 31 | 464 | 584 | 9236 |
| 10 | ગૃહનિર્માણ મંડળીઓ | 418 | 14954 | 00 | 00 | 04 | 438 | 01 | 61 | 599 | 11627 |
| 11 | મત્સ્યોદ્યોગ મંડળીઓ | 03 | 168 | 3 | 126 | 03 | 180 | 02 | 105 | 29 | 1144 |
| 12 | બિન કૃષિ ધિરાણ મંડળીઓ | 01 | 5849 | 1 | 11000 | 00 | 00 | 00 | 00 | 05 | 31834 |
| 13 | ચોખાની મંડળીઓ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| 14 | મજૂર કામદાર | 12 | 641 | 4 | 220 | 08 | 480 | 8 | 480 | 96 | 5241 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સહકારી મંડળીઓ | | | | | | | | | | |
| 15 | જંગલ કામદાર સહકારી મંડળીઓ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 0 |
| 16 | જિલ્લાસંઘ | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 01 | 2322 |
| 17 | ગ્રાહક મડળીઓ | 8 | 2992 | 2 | 770 | 01 | 456 | 00 | 00 | 26 | 6685 |
| 18 | વૃક્ષ ઉછેર મંડળીઓ | 1 | 38 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 06 | 262 |
| 19 | અન્ય | 121 | 3867 | 3 | 29 | 03 | 1172 | 5 | 130 | 403 | 14852 |
| | કુલ | 744 | 64326 | 89 | 281 63 | 112 | 19349 | 98 | 8479 | 2875 | 26918 8 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021 આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

આદિવાસી સંસ્કૃતિ સહકારી પદ્ધતિ પર વિકસી છે. આથી સહકારી વિકાસ અને વધું અનુકુળ આવે તેમ છે. સહકારી પદ્ધતિએ વિકાસ કરવાથી સર્વાંગી વિકાસ કરી શકાશે. સહકારી વિકાસ કરવા માટે આદિવાસી સંસ્કૃતિના મૂલ્યો અને આદર્શોને કેન્દ્રમમાં રાખવા પડશે. આદિવાસી વિસ્તારમાં આપ જોઈ શકો છો કે ખેતી અને બિનખેતી વિષયક 156 જેટલી ધિરાણ મંડળીઓ ભરૂચ જિલ્લામાં છે. ધિરાણ મંડળીઓ વ્યક્તિ ધિરાણને પ્રાધાન્ય આપે છે. ધિરાણ એજ લઈ શકે જેની પાસે એવી ક્ષમતા હોય કે ધિરાણ પરત કરી શકે છે. આથી અ પદ્ધતિ પણ અસમાનતાને પ્રોત્સાહન આપે છે. આથી આદિવાસી વિસ્તારમાં સહકારી સંસ્થાઓ હોવી એ સારી નિશાની છે. પરંતું એ સંસ્થાઓ ધિરાણ માટે નહી પણ સહાય માટે હોવી જોઈએ. આર્થિક લેવડ-દેવડની જગ્યાએ આ સંસ્થાઓ ખેતીના લગતા સાધનો વસાવી સાધનો ખેડુતોને પુરા પાડી પડતર ભાડું વસુલી શકાય. બીજ બેંક, કૃષિ સાધન બેંક, કૃષિ ખાદ બેંક, આ પ્રકારની સુવિધાવાળી સહકારી સંસ્થાઓ હોવી જોઈએ. અહી કૃષિ માટે દર્શાવેલી સહકારી સંસ્થાઓ તો સરવાળે આદિવાસીઓને વધારે દેવા તરફ ધકેલવામાં મદદ કરે તેમ છે. આથી આવી સહકારી સંસ્થાઓ તાત્કાલીક બંધ થવી જોઈએ.

હાલમાં આદિવાસી વિસ્તારમા પણ કપાસની ખેતીનું પ્રમાણ વધુ છે. પરંતું તેની સામે સહકારી બજાર ઉપલબ્ધ નથી. આથી ખાનગી દુકાનદારોના શોષણનો ભોગ બનવું પડે છે. મહેનત અને ખર્ચની સરખામણીમાં ઘણો ઓછો ભાવ મળી રહ્યો હોવાથી તેની અસર આ વિસ્તારના આદિવાસી ખેડુતોની વિકાસની ગતિ પર પડે છે. હાલમાં જે જીનીંગ પ્રેસિંગ અને રૂપાંતર મંડળીઓ છે તે પણ મરવાના વાંકે જીવી રહી છે. આથી કપાસની ખેતીને ઉત્તેજન મળે એવું એકપણ માળખું ભરૂચ જિલ્લામાં દેખાતું નથી.

મજૂર કામદાર સહકારી મંડળીઓની સંખ્યા ભરૂચ જિલ્લામાં 5241 જેટલી છે. આજે આ કામદારા મંડળીઓ કેટલા લોકોને રોજી આપે છે. એજ મોટો પ્રશ્ન છે.  જેમાં વધારે રોજગારી મળવાની સંભાવના વધું છે તેવી જંગલ કામદાર સહકારી મંડળીઓની સંખ્યા ભરૂચ જિલ્લામાં માત્ર 00 છે. આ સહકારીની મંડળીઓની સંખ્યા આદિવાસી વધુ વસતિ ધરાવતા તાલુકામાં વધારો થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. પહેલા જે પ્રકારનું કામ આ મંડળીઓ કરતી હતી તે પ્રકારનું કામ હવે મળી શકે એમ નથી. આથી આ મંડળીઓની રચના સંદર્ભે પુનઃવિચાર કરવાની તાતી જરૂર છે.

### 3.17 ગુનાઓની સંખ્યા

કોષ્ટક 3.18 ગુનાઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વર્ષ | ખૂન | ઘરફોડ ચોરી | ચોરી | અપહરણ | ઘરેલું હિંસા |
|---|---|---|---|---|---|---|
| 1 | 2017-18 | 26 | 105 | 347 | 53 | 45 |
| 2 | 2018-19 | 25 | 155 | 417 | 72 | 31 |
| 3 | 2019-20 | 30 | 137 | 352 | 71 | 32 |
| 4 | 2020-21 | 29 | 112 | 343 | 65 | 65 |

**સ્રોત- જિલ્લાની આંકડાકીય રૂપરેખા વર્ષ – 2020-2021  આંકડા શાખા, જિલ્લા પંચાયત, ભરૂચ**

સામાન્ય રીતે ભરૂચ જિલ્લામાં નોંધાયેલા ગુનાઓની સંખ્યા સરેરાશ ઓછી જણાય છે. એનો મતલબ એ નથી કે અહી ગુના થતા નથી. મોટા ભાગના કીસ્સામાં સમાધાન થઈ જાય છે. અથવા તો લોકો કેસ કરવાનું ટાળે છે. ઉપરના કોષ્ટકમાં પસંદ કરેલા ગુનાઓની જ નોંધ લેવામાં આવી છે. જે ગુનાઓમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે, તેવા ગુનાઓ અહીં દર્શાવ્યા છે. કોષ્ટક જોતા જણાય છે કે ખૂન, ઘરફોડ ચોરી, અપહરણ અને ઘરેલું હિંસામાં ધીરે ધીરે વધારો થયેલો જણાય છે.

# 4. આદિવાસી વિકાસના ક્ષેત્રો

ગુજરાતમાં આદિવાસીઓ બીજા બધા સમુદાયથી અલગ તરી આવે છે. તેનું કારણ તેમનું રહેઠાણનું સ્થાન, જીવનશૈલી અને સંસ્કૃતિ છે. આદિવાસી જીવનમાં જ્યાં સુધી સ્વતંત્રતા અને પરંપરાત જીવનશૈલી હતી, ત્યા સુધી ઓછામાં ઓછી મુશ્કેલીભર્યું સાદગીભર્યું જીવન જીવતા હતા. જળ, જંગલ અને જમીનનો તેઓ મૂક્તપણે ઉપયોગ કરતા હતા. માલીકીપણાનો ભાવ ન હતો. એમની પાસે પુષ્કળ કુદરતી સંસાધન હતું. જીવજરૂરિયાતની તમામ સામગ્રી એમને કુદરત પાસેથી મળી રહેતી હતી. ધીરે ધીરે બાહ્ય લોકોના સંપર્કો વધતા ગયા તેમ તેમ તેમના જીવનમાં દખલગીરી પણ વધતી ગઈ. એમના જીવનનિર્વાહના શ્રોત પર બીજા સમુદાયોનું આક્રમણ વધતું ગયું. ધીરે ધીરે આદિવાસી સમુદાય પોતાના મૂળ જીવનનિર્વાહના પ્રદેશમાંથી વિસ્તાપિત થતો ગયો. અથવા તો જીવનનિર્વાહના કુદરતી શ્રોત મર્યાદિત થતા ગયા. આથી એમનું જીવન સંઘ્ષમય બનતું ગયું. આઝાદી પહેલા અંગ્રેજો અને આઝાદી પછી સરકારી નિતિઓનો ભોગ આદિવાસી બનતો આવ્યો છે. આદિવાસોઓના ઇતિહાસ, જીવનશૈલી અને સંસ્કૃતિને જોતા આદિવાસીઓનો વિકાસ જળ, જંગલ અને જમીનથી અલગ કરી અશક્ય છે. આથી આદિવાસીઓના વિકાસના સંદર્ભમાં આપણે વિચાર કરવો હોય ત્યારે જળ, જંગલ અને જમીનને કેન્દ્રમાં રાખીને જ વિચારી શકાય. એમાં પણ એમની પાસે ઉપલબ્ધ પરંપરાગત કૌશલ્ય અને જ્ઞાનને પણ કામે લગાડવું પડશે. આધુનિક ટેકનોજીના નામે હાલ જે વિકાસ થઈ રહ્યો છે, તેમાં કુદરતી સંપત્તિને સૌથી ધારે નુકસાન થઈ રહ્યો છે. તેવા સંજોગોમાં આદિવાસીઓનો વિકાસ ટકાઉ વિકાસ બની રહે તેમ છે. કારણ કે હજી તેમની પાસે કુદરત પાસે, કુદરત સાથે અને કુદરતને સમજીને જીવવાની આવડત ટકી રહી છે. હજી બહું દુર નથી ગયા એ પહેલા વિકાસની નવી પરિભાષા ઊભી કરવાની જરૂર લાગે છે.

### 4.1 આદિવાસી અને જંગલ

આદિવાસી અને જંગલ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. આદિવાસીઓનું નિવાસસ્થાન જંગલ રહ્યું છે. જંગલ આદિવાસીઓના જીવન જરૂરિયાતની વસ્તુઓના તમામશ્રોત પુરા પાડે છે. આદિવાસીની જીવનશૈલી પણ વનઆધારિત જોવા મળે છે. વન વિશેનું પરંપરાગત જ્ઞાન એમની પાસે છે. ભરૂચ જિલ્લા પાસે 2020.21માં 233.44 કી.મી. અનામત વન છે. 0.06 કી.મી. રક્ષિત વન છે. 12.35 કી.મી. અવર્ગીકૃત વન છે. આમ કુલ જિલ્લામાં 245.85 કી.મી. વન છે. એટલે કે રાજ્યનો જે કુલ વન વિસ્તાર છે તેનો 1.12 ટકા જ વન ભરૂચ જિલ્લા પાસે છે. આથી આ વિસ્તારના આદિવાસીઓનો વિકાસ જંગલ આધારિત શ્રોતને ધ્યાનમાં રાખી વિકાસની પરિકલ્પના કરવી જોઈએ નહી. જંગલ વિસ્તારમાં વસતા આદિવાસીઓ પાસે જંગલ આધારિત પરંપરાગત કૌશ્લ્યો છે. તે કૌશલ્યોની ક્ષમતામાં વધારો કરી વિકાસ કરી શકાય તેમ છે. ભરૂચના જંગલોમાં સાગ, સીસમ, હળદરવો, કલમ અને ખેર

જેવા ઇમારતી લાકડા પણ જોવા મળે છે. ભરૂચના જિલ્લાના કેટલાક વિસ્તારમાં સૂકા પાનખર જંગલો પણ છે. આ જંગલો વધારે ગીચ નથી.

જંગલમાંથી ઇમારતી લાકડું, જલાઉ લાકડું, વાંસ, ઘાસ, બીડી વાળવાના પાન, બાજ-પડીયા, ગુંદર, લાખ, કાથો, રાળ, મધ, મહુડાના બીજ, મહુડાના ફૂલ, મીણ, લીમડાના બીજ, રતમ જોત, સફેદ મુસળી, બહેડા, હરડે, આમળા તથા અન્ય ગૌણ પેદાશોનું ઉત્પાદન થાય છે. ભરૂચ જિલ્લામાં દીપડા, ઝરખ, જમગલી ભૂડ, જંગલી બિલાડી, વાંદરા, વગેરે પ્રાણીઓ જોવા મળે છે. વિવિધ પક્ષીઓ જોવા મળે છે.

➢ **બીડી વાળવાનો ઉદ્યોગ**

ભરૂચ જિલ્લામાં આવેલા જંગલોમાં બીડી માટે વપરાતા ટીમરૂ તથા આછીતરાના પાન મળી રહે છે. આથી બીડી વાળવાના ઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. હાલમાં પણ ટીમરૂના પાન ભેગા કરવાનું કામ આદિવાસીઓ કરે જ છે. પરંતુ એમાં બદલાવ લાવવાની જરૂર છે. હાલમાં પાન તોડવાની અને ભેગા કરવાની માત્ર મજૂરી કરાવવામાં આવે છે. એની સાથે બીડી વાળવાનું કૌશલ્ય પણ એમનું વિકસાવવું જોઈએ. પાન તોડવાની મજુરીમાં એમનું શોષણ થાય છે. તેને અટકાવવા માટે બીડી બનાવવાના નાના ટુલકીટ એમને પુરા પાડવામાં આવે તો. આદિવાસીઓ જાતે જ બીડી બનાવી શકે છે. એ માટે બજાર પુરુ પાડવું જોઈએ. જેથી તેમના મહેનત પ્રમાણે તેમને નાંણા મળશે. જેથી તેમની આર્થિક સમૃદ્ધિમાં પણ ફેરફાર થશે.

➢ મધ ઉછેરનો ધંધો

ભરૂચના જંગલ વિસ્તારમાં મધ પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે. આદિવાસીઓ સામાન્ય રીતે એ મધને ઉડાડી ખાતા હોય છે. મધ પણ જુદાજુદા પ્રકારના હોય છે. આદિવાસી એનાથી પરિચિત હોય છે. દરેક મધના સ્વાદ અને ગુણવત્તામાં પણ તફાવત હોય છે. હાલમાં જે મધ ઉછેર કેન્દ્રો ચાલે છે. એના જ કૌશલ્યનો ઉપયોગ કરી વનમાં મળતા મધમાંથી વધું ઉત્પાદન આપતા મધનો ઉછેર કરવા પ્રોત્સાહન આપી શકાય. આદિવાસીઓ પાસે મધ વિશેનું પરંપરાગત જે જ્ઞાન છે, તેમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવી મધ ઉછેરના વ્યવાયને વિકસાવી શકાય તેવી પુરી તકો અહી પડી છે. મધનો જુદા-જુદા ક્ષેત્રોમાં થતા ઉપયોગને લગતા કૌશલ્યનો પણ આદિવાસીમાં વિકાસ કરી શકાય.

➢ **ગુંદર આધારિત ઉદ્યોગ**

ભરૂચ જિલ્લાના જંગલોમાં વિવિધ પ્રકારના ગુંદર જોવા મળે છે. જેમાંથી ઘણાં ઓછા પ્રકારના ગુંદરનો ઉપયોગ હાલ બજારમાં થઈ રહ્યો છે. ગુંદર આધારિત ગૃહ ઉદ્યોગનું કૌશલ્ય આ વિસ્તારના

આદિવાસીઓમાં વિકસાવવા જોઈએ. પરંપરાગત જ્ઞાનને આ કૌશલ્ય સાથે જોડી તેમના પરંપરાગત જ્ઞાનની ક્ષમતામાં વૃદ્ધિ કરી વિકાસની તકો ખોલી શકાય. આ જંગલોમાં ગુંદર ઉત્પાદન કરતા વૃક્ષોના ઉછેર પર ભાર મૂકી આ ઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય.

- **લાખ આધારિત ઉદ્યોગ**

ભરૂચ જિલ્લાના જંગલોમાં લાખ પણ સારા પ્રમાણમાં મળે છે. આ લાખનું એકત્રીકરણથી લઈને તમામ પ્રોસેસનું જ્ઞાન આદિવાસીઓને પ્રાપ્ત થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. એ માટે જરૂરી ઘરગથ્થુ ઉપયોગ કરી શકાય તેવા સાધનો વિકસાવવા જોઈએ. જેથી સામાન્ય વ્યક્તિ પણ એ સાધનો ચલાવી શકાય. એ સાધનો સ્થાનિક ઊર્જાથી ચલાવી શકાય તેવા હોવા જોઈએ. ઓછી ટેકનોલોજીનો ઉપયોગવાળા સાધનો સ્થાનિક કક્ષાએ જ રીપેર થાય તેવા હોવા જોઈએ.

- **સાબુ ઉદ્યોગ**

લીમડાના વૃક્ષો, અરીઠાના વૃક્ષો આ વિસ્તારમાં થાય છે. આથી આ વૃક્ષોના બીજનો ઉપયોગ કરી સાબુ ઉદ્યોગને વેગ આપી શકાય. એ સિવાય અન્ય કયા કયા વૃક્ષોના બીજમાંથી સાબું બનાવવાની તક રહેલી છે. તે વિશે સંશોધન કરી સાબું ઉદ્યોગની તકોને વિકસાવી શકાય. આ ઉદ્યોગમાં પણ ધરેલું સંશાધનનો ઉપયોગ કરી સાબું બનાવી શકાય તેવા કોશલ્યોને વિકસાવી તેમની ક્ષમતામાં વધારો કરી શકાય.

- **બાજ-પડિયાનો ઉદ્યોગ**

બાજ- પડિયાનો ઉદ્યોગ ભરૂચ જિલ્લામાં વિકસાવી શકાય તેમ છે. આઆ ઉદ્યોગને વેગ મળે તે માટે પુરતી સામગ્રી પુરી પાડી શકે તેવા જંગલો આ પ્રદેશમાં ઉલબ્ધ છે. બાજ-પડિયાનો ઉપયોગ વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. જેથી આ ઉદ્યોગને પ્રોત્સાહન મળી શકે. આદિવાસીઓ પરંપરાગથી બાજ-પડિયાનો ઉપયોગ પસંગોવસાત કરતા આવ્યા છે. બાજ-પડિયાની બનાવટની ગુણવત્તામાં તથા સુવિધાજનક આકારમાં ફેરફાર કરી વધું આકર્ષક અને જરૂરિયાતવાળા બનાવી શકાય.

- **રતન જ્યોત આધારિત ઉદ્યોગ**

ભરૂચ જિલ્લાના વિસ્તારમાં રતનજ્યોત વધુ ને વધુ ઉગાડી શકાય તેમ છે. એને અનુકુળ વાતાવરણ પણ છે. રતનજ્યોતના તેલ કાઢવાની પદ્ધતિ અને જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય. તથા આ તેલનો રોજિંદા વ્યવહારમાં ક્યાં ક્યાં અને કઈ રીતે ઉપયોગ કરી શકાય તેની તકો વિકસાવી શકાય.

➢ **ફળાવ વૃક્ષોનું વન**

ભરૂચ જિલ્લાના વનોમાં ગણાં ફળાવ વૃક્ષો હોય છે. બીલા, ફાલસા, ટીમરૂ, વગેરે અનેક ફળાવ વૃક્ષો થાય છે. આદિવાસી વિસ્તારમાં થતાં ફળોની ઉપયોગીતા અને તેમાં રહી ગણવત્તાઓને શોધી એ ફળો ખાવા તરફ લોકો આકર્ષાય તેવા પ્રયાસ કરી શકાય. આ પ્રકારના ફળાવ વૃક્ષોનો ઉછેર વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. એ ઉપરાંત જે તે વિસ્તારમાં કયા ફળાવવૃક્ષો ઉછેર કરી શકાય તેમ છે. તે શોધી ઉછેરી શકાય તેવા અન્ય ફળાવ વૃક્ષોનો ઉછેરને પણ પ્રોત્સાહન આપી શકાય.

➢ **સફેદ મૂશળી**

ભરૂચ જિલ્લાના જંગોલોમાં સફેદ મૂશળી મોટા પ્રમાણમાં થાય છે. આ સફેદ મૂશળીનાં તાત્વિક ગુણોથી આદિવાસી પરિચિત છે. આથી વર્ષોથી એનો ઉપયોગ ભોજનમાં કરતા આવ્યા છે. હવે તો સફેદ મૂશળીનો ઉપયોગ દવા બનાવવાના ક્ષેત્રે પણ થવા લાગ્યો છે. આથી બજારમાં એની માંગ વધી રહીં છે. આ પ્રદેશનું વાતાવરણ સફેદ મૂશળીને અનુકુળ હોવાથી એની ખેતી કરી શકાય તે ક્ષેત્રે વિચારી શકાય. તેનું ઉછેર અને ઉત્પાદન વધે તે અંગે વિચારી શકાય.

➢ **કાથા ઉદ્યોગ**

ભરૂચ જિલ્લામાં ખેરના વૃક્ષો થતા હોવાથી કાથાના ઉદ્યોગને વિકસાવી શકાય તેમ છે. એ માટે જંગલ કામદાર સહકારી મંડળી જેવા સંગઠનોનો ઉપયોગ કરી કાથાના ઉદ્યોગને વેગ આપી શકાય. ખેરના ખાસ જંગવો વિકસાવી શકાય. પર્વરણની સમતુલાને ધ્યાનમાં રાખી કાથા ઉદ્યોગને વિકસાવી શકાય. કાથા ઉદ્યોગ સંદર્ભે જરૂરી કૌશલ્ય વિકસાવી જરૂરી સાધન- સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય.

➢ **વાંસ આધારિત ઉદ્યોગ**

ભરૂચના જંગોલોમાં વાંસ પુષ્કળ પ્રમાણમાં થાય છે. આ વાંસ ખાસ કરીને કાગળ ઉદ્યોગોને વેચી દેવામાં આવે છે. એની જગ્યાએ સ્થાનિક આદિવાસીઓને એ વાંસમાંથી જીવન જરૂરી સાધન-સામગ્રી બનાવવાનું કૌશલ્ય વિકસાવી વાસ ઉદ્યોગને વેગ આપી શકાય. હાલમાં પણ આદિવાસીઓના જીવનશૈલીમાં વાંસની બનાવટોનો ખૂબ જ ઉપયોગ થાય છે. ભારતનાં જુદા જુદા વિસ્તારમાં રહેતા આદિવાસીઓ વાંસનો ઉપયોગ ભોજનથી લઈને વિવિધક્ષેત્રે કરે છે. આથી આદિવાસીઓમાં જુદાજુદા વિસ્તારમાં વાંસની બનાવટનું પરંપરાગત જ્ઞાનનું આધાન-પ્રદાન કરી આ ઉદ્યોગને વિકસાવી શકાય તેમ છે. વાંસમાંથી ઘરેલું ઉપયોગની સાધનસામગ્રીથી લઈને મનોરંજનના સાધનો પણ બનાવી શકાય છે.

➢ **આમળા આધારિત ઉદ્યોગ**

ભરૂચ જિલ્લાના વનોમાં આમળાના વૃક્ષો પણ થાય છે. આમળામાંથી બનતી વિવિધ બનાવટો અને એ બનાવટો બનાવવાની સાધનસામગ્રીનું જ્ઞાન આપી આદિવાસીઓના પરંપરાગત જ્ઞાનને બળ પુરુ પાડી શકાય. આમળામાંથી બજારને અનુકુળ સામગ્રી બનાવી શકાય.

➢ **હરડે આધારિત ઉદ્યોગ**

ભરૂચ જિલ્લાના જંગોલોમાં હરડેના વૃક્ષો પણ થાય છે. આ હરડેમાં ઔષધિજન્ય સામગ્રી બનાવી શકાય છે. તેમાં વૈજ્ઞાનિક અભિગમનો ઉપયોગ કરી તેના સેવનથી થતા ફાયતાઓ તારવી ડરડે આધારિત ઉદ્યોગને વેગ આપી શકાય.

➢ **વન ઔષધિઓ**

વન ઔષધિઓના વિકાસ સંદર્ભે આદિવાસી વિસ્તામાં પુષ્કળ તકો રહેલી છે. જ્યારે આરોગ્ય સેવાનો લાભ આદિવાસીઓને મળતો ન હતો ત્યારે આદિવાસી એમની આસપાસ જંગલમાંથી જરૂરી ઓષધિઓનો ઉપયોગ કરીને જ અનેક રોગચાળા  કે અકસ્માતમાં  ઉપચાર કરતા હતા. આથી વન ઔષધિઓ સંદર્ભે એમની પાસે પરંપરાગત જ્ઞાન છે. એ જ્ઞાનને વૈજ્ઞાનિક પુષ્ટિ આપવા માટે લેબોરેટરી વિકસાવવાની જરૂર છે. જેથી કેટલાક ખોટા ખ્યાલોને દુર કરી શકાય. વનઔષધિ સાથે કામ કરનારા આદિવાસીઓને આ ક્ષેત્રે તાલીમ આપી તેમના જ્ઞાનને વધુ મજબુત કરી શકાય છે. ઔષધિજન્ય વૃક્ષો કે છોડનો ઉછેર અને સંવર્ધન થાય તેવા પ્રયાસો કરવા જોઈએ. આ વન ઔષધિઓને બનાવવા માટે તથા તેના ઉપયોગમાં સહાયક બને તેવા સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય

➢ **ફર્નિચર ઉદ્યોગ**

ભરૂચ જિલ્લામાં વૃક્ષોનું પ્રમાણ વિશેષ હોવાથી ફર્નિચર ઉદ્યોગને વેગ આપી શકાય. એ  માટે તાલીમ અને આધુનિક સાધનસમગ્રી ઉપલબ્ધ કરાવી શકાય. ફર્નિચર ઉદ્યોગને વેગ આપતી વખતે એ ધ્યાનમાં રાખવું પડશે કે આ ઉદ્યોગથી પર્યાવરણની સમતુલા જળવાય રહે. ક્યા વૃક્ષોને કાપવા અને ક્યા વૃક્ષોને ન કાપવા તેના ધોરણો નક્કી કરવા પડશે. જંગલમાં વરસાદી સીઝનમાં પડી જતા વૃક્ષો, કોઈ કારણતી સુકાય ગયેલા વૃક્ષોને ફર્નિચર ઉદ્યોગમાં ઉપયોગમાં લેવા માટે પ્રાધાન્ય આપવું જોઈએ. ફર્નિચર બનાવી શકાય તેવા વૃક્ષોની ખેતી કરવાની દિશામાં વિચારી એવી ખેતીને પ્રોત્સાહન આપવું જોઈએ.

➢ **મહુડા આધારિત ઉદ્યોગ**

મહુડાનું વૃક્ષ આદિવાસીઓ માટે કલ્પવૃક્ષ કહેવાય છે. હાલાકી હાલમાં સરકારે આ વૃક્ષને સંરક્ષણની કક્ષાના વૃક્ષમાં સમાવેશ કર્યું છે. છતા દિવસે ને દિવસે મહુડાના વૃક્ષોનું પ્રમાણ ઘટતું જાય છે. જે એક ચિતાનું કારણ છે. આ વૃક્ષના સંરક્ષણ માટે વિશેષ ધ્યાન અપાતું નથી. આ વૃક્ષના પાન, ફળ, ફૂલ અને લાકડું પણ ઘણું ઉપયોગી છે. ફળમાંથી નિકળતું તેલ આદિવાસીઓ ખાવામાં ઉપયોગ કરે છે. ફૂલનો ઉપયોગ શાક બનાવવા ઉપરાંત દારૂ બનાવવા કરે છે. હવે તો મહુડામાં આઈસ્ક્રીમ પણ બવનાવવામાં આવે છે. હજી પણ મહુડાના બીજ અને ફૂલમાંથી કઈ સામગ્રી બનાવી શકાય તે શોધ કરી શકાય તેવી પુરી શક્યાતાઓ પડેલી છે. એ શક્યાતાઓને શોધી તેને વિકસાવી શકાય.

### 4.2 આદિવાસીઓનું જમીન સાથેનું જોડાણ

આદિવાસીઓની પરંપરા પ્રમાણે ધરતીને માતા માને છે. આથી તેઓ જ્યારે પણ ખેતી માટે ખેડ કરવાના હોય ત્યારે પ્રથમ ધરતીની પૂજા કરે છે. પૂજા કરતી વખતે તે ધરતી માતાની માફી માંગીને કહે છે કે ‘હે મા તારું પેટ ચીરીને હું અનાજના દાંણા નાખું છુ, આથી માફ કરજે. આ દાંણા ને તારા પેટમાં સાચવી તેને અનેક દાંણામાં પરિવર્તન કરે એવી પ્રાર્થના કરું છું.’ આદિવાસીઓ ધરતીને માતા માનતા હોવાથી એનું વેચાણ કરવામાં માનતા નથી. કે ધરતી ઉપર હક્ક દાવો પણ કરતા નથી. આથી જ તો એમની પરંપરામાં ફરતી ખેતી જોવા મળે છે. પરંતું સરકારી નિયમો પ્રમાણે માલીકી હક્ક લેવું ફરજિયાત બનવાથી તેમ જ અનેક વિકાસ કાર્યોના કારણે વિસ્થાપિત થતા રહેવાના કારણે ધીરેધીરે આ ભાવ આદિવાસીઓમાંથી લુપ્ત થતો જાય છે. અમુક સમયે જ ધરતીનું ખેડાણ કરવું. અમુક સમયે ધરતીનું ખેડાણ ન કરવુ, ખેડાણ માટે ઊંડાણ કેટલું રાખવું, આ તમામ બાબતોની કાળજી આદિવાસી પરંપરામાં લેવાતી હતી. ધરતી ઉપર ઉછરેલ, ઝાડને કાપવું, પાન તોડવા હોય, ફળ, ફૂલ તોડવા હોય, ભાજી ખાવી હોય, પ્રથમ પાકેલું અનાજ ખાવું હોય તો પણ ધરતી માતાની રજા લેવાની હોય છે. આદિવાસી સંસ્કૃતિને ટકાવવી એટલાજ માટે જ જરૂરી છે કે, એની સંસ્કૃતિમાં પ્રકૃતિના સંવર્ધનના ભાવ રહેલા છે. હાલ વ્યવસાયીકરણના કારણે ધરતીને પણ સાધન તરીકે જોતા થયા છે. જેથી ધરતી સાથેનો લાગણીસભર સંબંધ હતો તેમાં ધીમે ધીમે ઓટ આવતી જાય છે.

#### 4.2.1 આદિવાસીઓ અને ખેતી

આદિવાસીઓ માટે ખેતી એટલે વર્ષ માટે પરિવારને પુરતું ભોજન મળી રહે એટલું અનાજનું ઉત્પાદન કરવું. કુદરત આધારિત ખેતી ઉપર નિર્ભર રહેવું. અનાજ વેચી શકાય એ ખ્યાલ આદિવાસીઓમાં બહું મોડો આવ્યો. આદિવાસીઓ માટે ખેતી એ જીવનનિર્વાહનો ભાગ માત્ર નથી. પરંતું જીવનપદ્ધતિનો એક ભાગ છે. અનાજ અને જમીનમાં પણ તેઓ માનવીય ભાવોને રીતે જુએ છે. એક

ખેતરમાં એક જ પાક ન કરતા મીક્ષ પાક એક જ ખેતરમાં કરવામાં આવે છે. જેમ જંગલમાં એક જ વિસ્તારમાં અનેક વૃક્ષો અને છોડ થાય છે. તે જ રીતે એક જ ખેતરમાં અનેક પાકો થઈ શકે છે. કહેવાય છે કે આ પ્રકારની ખેતી જમીન અને પાક બંન્નેને ઉપકારક બને છે. પાક તૈયાર થઈ રહ્યો હોય ત્યારે ક્યારે ખેતરમાં પ્રવેશવું, ક્યારે ન પ્રવેશવું તેનું પરંપરાગત એમની પાસે જ્ઞાન છે. પરંપરાગત રીતે આદિવાસીઓ એક ને એક જગ્યાએ ખેતી કરવામાં માનતા નથી. એક જ જગ્યાએ ખેતી કરવાથી જમીનને નુકશાન થાય છે. પાકના ઉત્પાદનમાં પણ નબળાઈ આવે છે. આથી આદિવાસીઓની પરંપરાગત ખેતી ફરતી ખેતી હતી. આ પ્રકારની ખેતી પ્રકૃતિના સંવર્ધનમાં ઉપયોગી બની શકે છે. આદિવાસીઓ ખેતિના દરેક અવસરને જીવનપ્રસંગો સાથે છે. આથી આદિવાસીઓ માટે ખેતી એ વ્યવસ્થાનો ભાગ બનવામાં લાબો સમય લાગ્યો છે.

ભરૂચ જિલ્લાના આદિવાસીઓ પાસે જે જમીન છે. તે મોટા ભાગે જંગલમાં અથવા જંગલની આસપાસ છે. મોટા ભાગની જમીન સમતલ કરતા ઢોળાવવાળી છે. ઘણાં ઓછા આદિવાસીઓ પાસે પિયતવાળી જમીન છે. પિયતની સગવડ હોય ત્યાં અને પિયતની જમીન ન હોય ત્યાં જુદી જુદી રીતે ખેતી કરવાનો વિકલ્પ વિચારી શકાય. જંગલની સાથે રહીને જે લોકો ખેતી કરે છે, તેમની જમીન હજી રસાયણોથી મૂક્ત છે. આવા જમીન ધારકોને સજીવખેતી તરફ વાળી શકાય. એમની પાસે પરંપરાગત જે ખેતીનો અનુભવ છે, તેને વૈજ્ઞાનિક અભિગમથી વિકસાવી શકાય. એમન પાસે પરંપરાગત ધાન્ય છે. તે ધાન્યને પ્રોત્સાહન મળે તે રીતે ખેતીનો વિકાસ કરવો જોઈએ. પરંપરાગત ધાન્યમાં રહેલી પોષ્ટિકતા વિશે પણ તેમને અવગત કરવા જોઈએ. જેથી તે બીજા ધાન્ય તરફ આકર્ષાય નહી. વનમાં વૃક્ષોના ઉછેરને પણ ખેતી સાથે જોડવા જોઈએ. જે વૃક્ષો અને છોડ કે વેલ ઔષધની રીતે ઉપયોગી હોય, કે વન પેદાશની રીતે ઉપયોગી હોય તેવા વૃક્ષોની ઉછેરની જવાબદારી સાથે આદિવાસીઓને જોડી શકાય. જેને આપણે વનખેતી નામ આપી શકાય. આવી ખેતી પોતાની માલીકીની જમીનમાં પણ કરી શકે. ઉપરાંત સરકાર હસ્તકના જંગલોમાં પણ વનસમિતિઓને અમુક હક્કો આપી આ પ્રકારની ખેતીને પ્રોત્સાહન આપી શકાશે. આ પ્રકારની ખેતીથી બે ફાયદા થશે. એક તો એનાથી જંગલનું સરંક્ષણ થશે. બીજો એનાથી આદિવાસીઓને આર્થિક મદદ પણ મળશે. ભરૂચ જિલ્લામાં જમીન વિહોણા આદિવાસીઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે. જે મોટા ભાગે ખેતમજૂર તરીકે કામ કરે છે.

### 4.3. આદિવાસી અને પશુપાલન

આદિવાસી અને પશું વચ્ચે પારીવારિક સંબંધો હોય છે. ઘરના અન્ય સભ્યો જેટલું જ મહત્વ એમના પશુઓને પણ આપે છે. આથી પશુઓના માધ્યમ દ્વારા આર્થિક ઉપાર્જન કરી શકાય, એ ખ્યાલ એમનામાં ઘણો મોડો વિકસ્યો છે. ભરૂચ જિલ્લા પાસે જંગલ વિસ્તાર વધું છે. આથી ઘાસચારાના

સંદર્ભમાં વધારે મુશ્કેલી પડે તેમ નથી. આથી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. ઘેટા, બકરા, મરઘા, ગાય અને ભેસ જેવા પશુઓનો ઉછેર અને તેમના માધ્યમ થકી આર્થિક વિકાસની તકોમાં વધારો કરી શકાય તેમ છે. પરંતું પશુપાલન વ્યવસાય માટે એક વસ્તુંનું ધ્યાન રાખવું પડશે, કે જેમની પાસે જમીન નથી એવા લોકોને જ્યારે પશુપાલનનો વ્યવસાય સાથે સાંકળવાનું થાય ત્યારે તેમની પાસે પુરક બીજો વ્યવસાય હોવો પણ જરૂરી છે. તેમને માત્ર પશુઓ આપી દેવાથી જ્યાં સુધી દૂધ મળશે ત્યાં સુધી તેઓ આ વ્યવસાયમાં ટકી શકશે. પરંતું દૂધ બંધ થતાની સાથે તેઓ આ વ્યવસાયમાં ટકી શકતા નથી. કારણકે પશુપાલન તેમના માટે ખર્ચાળ સાબિત થાય છે. ઉનાળામાં ગાસચારાનો પણ પ્રશ્ન ઊભો થાય છે. જેમની પાસે જમીન નથી તેવા આદિવાસીઓને વૈકલ્પિક ઘાસચારાની વ્યવસ્થા અને પશુવ્યવસાયની સાથે વનઆધારિત કોઈ વ્યવસાય હોવો જરૂરી છે. તો જ એક બીજા વ્યવસાયને આધાર મળી શકે તેમ છે. ઘેટા – બકરાના વ્યવસાયમાં પણ વિકલ્પ વ્યવસાયનો વિકલ્પ જ વિચારી શકાય. પશુપાલનો વ્યવસાયમાં કુટુબનો એક વ્યક્તિ ફરજિયાત પણે પશુ સાથે સંકળાયેલો રહે છે. જેથી મજૂરી કરીને ઘર ચલાવનાર વ્યક્તિ એકમાત્ર પશુપાલનના વ્યવસાય ઉપર નભી શકે તેમ નથી. જ્યાં સપાટ મેદાનો છે ત્યાં ભેંસ જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બતક કે સસલા ઉછેરનો વ્યવસાય બંન્ને પ્રદેશમાં વિકસાવી શકાય તેમ છે.

**4.4 આદિવાસીઓ અને મત્સ્યઉદ્યોગ**

આદિવાસી વિસ્તારમાં જે નાના ડેમ છે. તેમા બારેમાસ પાણી રહે તેવું આયોજન કરી મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન આપી શકાય તેમ છે. આદિવાસી વિસ્તારમાં ઘણાં ઓછા લોકો એકથી વધારે યોજનાનો લાભ લઈ જાય છે. જેના કારણે ઘણી અસમાનતા જોવા મળે છે. આ અસમાનતા તરફ ધ્યાન આપવાની જરૂર લાગે છે. ભરૂચ જિલ્લામાં આવેલ દરીયા, વલી, ભાંગોરીયા, કોયલી માંડવી ધોલી ખામ જેવાનાના ડેમો કે જ્યાં પાણીની વ્યવસ્થા બારેમાસ રહી શકે તેમ છે. તેવા પાણીવાળા વિસ્તારોને બ્લોકમાં વહેચી આસપાસ ગામના લોકોની મંડળી બનાવી જુદી જુદી મંડળીને બ્લોકની વહેંચણી કરી મત્સ્ય ઉદ્યોગ માટે પ્રોત્સહન આપી શકાય. આખા જિલ્લામાં નર્મદા જેવી વિશાળ નદી હોય, વિશાળ દરિયા કિનારો છે. આ તમામ ક્ષેત્રોનો ઉપયોગ કરી મત્સ્ય ઉદ્યોગની સાથે આદિવાસીઓને જોડી શકાય.

**4.5 આદિવાસીઓ અને શિક્ષણ**

આદિવાસીઓ શિક્ષણનો આગ્રહ ઘણો ઓછો રાખે છે. કારણ કે એમના માટે તો બાળક પણ આર્થિક ઉપાર્જનું સાધન છે. મજૂરી કરીને કમાણી કરનાર બાળક એમના માટે અગત્યનું છે. શિક્ષણ એ લાંબાગાળાનું રોકાણ છે. એ પણ ગેરેંટી વગરનું. આ પ્રકારનું રોકાણ એમને પોષાય તેમ નથી. રોજનું લાવીને ખાવું પડતું હોવાથી દરરોજ આવક થાય એ દૃષ્ટિકોણ એમનો હોય છે. આથી શિક્ષણ તરફ વિશેષ ધ્યાનમાં આપતા નથી. આવા સંજોગોમાં આદિવાસી સમુદાયમાં શિક્ષણની સંપૂર્ણ જવાબદારી સરકાર ઉઠાવે તો જ લાંબાગાળે એના સારા પરિણામો મળી શકે તેમ છે. હાલની સરકારની પોલીસી પ્રમાણે પ્રાથમિક શિક્ષણ સુધી સરળતાથી શિક્ષણ મેળવવાની સુવિધા છે. પરંતું માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ એમના માટે કઠિન બની રહે છે. તેવા સંજોગોમાં ઉચ્ચશિક્ષણ તો તેમના માટે એક સપનું જ બની રહે છે. હાલમાં તો સરકારે આદિવાસી વિસ્તારમાં કોલેજ અને છાત્રાલય બંન્ને સુવિધા સાથે ઉચ્ચશિક્ષણની સુવિધા ઊભી કરી છે. આથી ઊચ્ચશિક્ષણ એમની નજીક સુધી પહોચ્યું છેં. છતાં. રહેવાનું અને શિક્ષણનો ખર્ચ ઓછો થયો છે. પરંતું એ સાથે વિદ્યાર્થી સાથે સંકળાયેલા ખર્ચને પહોચી ન વળે એવા કુટુંબો માટે તો આજે પણ ઉચ્ચશિક્ષણ સપના જેવું જ છે. આવા કુટુબો માટે ઉચ્ચશિક્ષણ વધુને વધુ કુટુબોને કેવી રીતે આપી શકાય તે વિચારવું રહ્યું આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ વધારવો હોય નિવાસી અને ફ્રી શિક્ષણ સિવાય બીજો કોઈ વિકલ્પ કારગત નિવડશે નહી. આદિવાસી વિસ્તારમાં વિસ્થાપિતના પ્રશ્નો છે. વિસ્તાપિતના પ્રશ્નોનો ઉકેલ સ્થાનિક રોજગારી દ્વારા નહી લાવવામાં આવે ત્યાં સુધી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના પ્રશ્નો ઊભા જ રહેવાના છે. સરકારી નોકરી તમામને આપી શકાય તેમ નથી. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં પરંપરાગ વ્યવસાય સાથે સંકળાયેલા જ્ઞાનનું ક્ષમતાવર્ધન કરે તેવા શિક્ષણને પ્રાધાન્ય આપવું પડશે. આદિવાસી વિસ્તારમાં જે જરૂરિયાતો છે તેને અનુરૂપ અભ્યાસક્રમો ઘડવા પડશે. ટેકનિકલ શિક્ષણ, આરોગ્યલક્ષી શિક્ષણ કે વ્યવસાયલક્ષી શિક્ષણમાં પણ આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ નક્કી કરી શકાય. પરંતુ એની સાથે સાથે આદિવાસી બાળકો વૈશ્વિકપ્રવાહથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવી પડશે. લોકલથી વૈશ્વિક પ્રવાહનું શિક્ષણ આપવું પડશે.

પ્રાથમિક શિક્ષણમા તો ભાષાના કારણે પાયો જ નબળો તૈયાર થાય છે. કારણ કે આદિવાસી બાળકો માટે ગુજરાતી એ અંગ્રેજી જેટલું જ અઘરૂં છે. આદિવાસી બાળકો માટે શિક્ષણનું પ્રથમ પગથિયાનું ચઢાણ વખતે જ સંઘર્ષ કરવો પડે છે. ત્યાંથી જ બાળક શિક્ષણમાં કમજોર પડે છે. શરૂઆતમાં જ તે શિક્ષણક્ષેત્રમાં હતાશા અનુભવે છે. શરૂઆતથી જ તેનામાં ભય પેસી જાય છે. જે ભય લાંબાગાળા સુધી એમને કમજોર બનાવી રાખે છે. જેની અસર શિક્ષણના દરેક ક્ષેત્રમાં થાય છે. આથી જે

તે પ્રદેશની ભાષામાં શિક્ષણ અપાય એ ઘણું જરૂરી છે. આદિવાસી ભાષાના માધ્યમથી શિક્ષણ આપવામાં આવે તો બાળકમાંથી ભયને દુર કરી શકાય. જેની સકારાત્મક અસર શિક્ષણમાં પણ દેખાશે.

### 4.6 આદિવાસીઓ અને આરોગ્ય

આદિવાસીઓની પરંપરામાં જોવા મળે છે કે, આરોગ્યલક્ષી પ્રશ્નોમાં હંમેશા તેઓ દૂર્લક્ષ સેવે છે. કોઈપણ બિમારી વખતે તેઓ પહેલા ઘરેલું ઉપચારને પ્રાધાન્ય આપે છે. અથવા તો એમની પાસે પરંપરાગત ઔષધિઓનું જ્ઞાન છે, તેવી ઓષધિઓનો ઉપયોગ કરે છે. આદિવાસીઓનો રહેઠાણનું સ્થાન, મજૂરીનું ક્ષેત્ર, સુવિધાઓ ઉપરાંત તેમની પાસે ઉપલબ્ધ સંસાધનો જોતા તેઓ બિમારીના ભોગ બને જલદી બની શકે છે. એક તો નાનપણથી જ કુપોષણના ભોગ બન્યા હોય છે. આથી સ્વાભાવિક રીતે જ તેમની પાસે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. આથી તેઓ જલદી રોગના શિકાર બને છે. આથી આરોગ્યની જાગૃતિ માટે સતત પ્રયાશ કરવાની જરૂર છે. તેમ જ બાળકો કુપોષણના ભોગ ન બને તેની કાળજી રાખવી પડશે. આદિવાસી વિસ્તારમાં જે રોગોનું પ્રમાણ વધુ હોય તે રોગોનું કારણ શોધી તેના નિરાકરણ માટે વ્યવસ્થાપન કરવું જોઈએ. સિકલસેલ જેવા પરંપરાગત રોગો અંગે વિશેષ જાગૃતિ લાવવાની જરૂર છે. મેલેરિયા, ટાઈફોડ જેવા રોગો આદિવાસીઓમાં સામાન્ય થઈ ગયા છે. તેની સામે રક્ષણ ભરવા માટે જરૂરી પગલા લેવા જોઈએ. આદિવાસીઓમાં ચામડીના રોગો પણ વિશેષ જોવા મળે છે. તે અંગે જાગૃતિની જરૂર છે. સ્ત્રીરોગ અંગે પણ ખાસ જાગૃતિ જોવા મળતી નથી. એ ક્ષેત્રે પણ વિશેષ વિચાર કરવાની જરૂર છે. આંખ અને દાંતના રોગોનું પ્રમાણ પણ હવે વધવા લાગ્યું છું. તે અંગે અગમચેતીના પગલા ભરવાની જરૂર છે. એક રીતે જો શિક્ષણનું પ્રમાણ વધે તો આરોગ્યના પ્રશ્નોમાં આપોઆપ ઘટાડો  કરી શકાય તેમ છે.

### 4.7 આદિવાસીઓની ક્ષમતા અને ક્ષમતા નિર્માણની શક્યતા

આદિવાસીઓ ભલે શારીરિક રીતે કુપોષણના ભોગ બન્યા હોય. પરંતું માનસિક રીતે તે ઘણાં મજબુત હોય છે. આથી તે મહેનતવાળું કામ પણ લાંબા સમય સુધી કરી શકે છે. તેમની પાસે પરંપરાગ અનેક ક્ષમતાઓ છે. અને કેટલીય ક્ષણતાઓનું નિર્માણ કરવાની શક્યતા પણ રહેલી છે.  માટીમાંથી વિવિધ ચીજ વસ્તુઓ બનાવવાની ક્ષમતા, ઘરના બનાવટમાં વિવિધ લાકડાના શિલ્પ બનાવવાવાની ક્ષમતા, વાંસમાંથી વિવિધ જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવવાની ક્ષમતા, દોરીથી વણાટ કરી ખાટલો ભનાવવાની ક્ષમતા, સુથારી કામની ક્ષમતા, શિકારના સાધનો બનાવવાની ક્ષમતા,  વિવિધ વાદ્યો બનાવવાની ક્ષમતા, ભરત કામની ક્ષમતા, દોરી-દોરડા ગૂથવાની ક્ષમતા, ચિત્ર દોરવાની ક્ષમતા, નૃત્ય – નાટ્ય કરવાની ક્ષમતા, સંગીતના વાદ્યો વગાડવાની ક્ષમતા, ગીત ગાવાની ક્ષમતા, વિવિધ રમતો રમવાની ક્ષમતા, વિવિધ પ્રકારની રસોઈ કરવાની ક્ષમતા, વગેરે ક્ષમતાઓ એમની પાસે પરંપરાગત

જોવા મળે છે. આ ક્ષમતાઓને તાલીમ આપી તેની ક્ષમતાઓમાં વધારો કરી શકાય એમ છે. અથવા તો એ ક્ષમતાઓ આધારીત અન્ય ક્ષમતાઓ તરફ તેને વાળી શકાય છે.

આદિવાસીઓ પાસે કેટલીક પરંપરાગત ટેકનોલોજી પણ છે. સૌ પ્રથમ તો એમની પાસે પરંપરાગત ખેતીની ટેકનોલોજી છે. કોઈપણ જાતના ઊર્જાનો ઉપયોગ કર્યા વગર સપાટ અને ઢોળાવવાળી જગ્યા પર ખેતી કરવાની ટેકનોલોજી તેમણે વિકસાવી છે. કોઈપણ જાતના ખેડ કર્યા વગર પણ કુદરતનો જ ઉપયોગ કરીને કારીગરી તેમણે હસ્તગત કરી છે. ચોમાસા શિયાળામાં ખેતરમાં ઉર્જાનો ઉપયોગ કર્યા વગર પાણી પીવડાવવાની ટેકનોજીની શોધ તેમણે કરી છે. ઉચાણવાળા પાણીના શ્રોતનો ઉપયોગ કરી નીચાળવાળા ખેતરોમાં નીક વાટે પાણી પીવડાવે છે. લાકડામાંથી ચાકડો બનાવી પાણી માટે ઊડો ખાડો બનાવી ચાકડા દ્વારા પાણી પીવડાવવાની પદ્ધતિની શોધ કરી છે. શિકાર કરવાની વિવિધ ટેકનોલોજી શોધી છે. તિરકામઠાથી શિકાર, ફંદા દ્વારા શિકાર, જાળ દ્વારા શિકાર, માછલી પકડવા માટે વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ- નદીનો આખો પ્રવાહ રોકી એક જ જગ્યાએથી પાણી પસાર કરી વાંસમાંથી બનાવેલ સાધન દ્વારા માછલી પકડવી, નદીનો કોઈ એક ભાગ પસંદ કરી તે ભાગમાં પાણી રોકી, તેભાગનું પાણી ઉલેચી માછલી પકડવી, ઝાડ-પાન-મૂળનો ઉપયોગ કરી માછલી પકડવી, આ ઉપરાંત માછલી પકડવા માટે વિવિધ પ્રકારના સાધનો બનાવી ઉપયોગ કરે છે. દારૂ બનાવવાની ટેકનોલોજીનો ઉપયોગ દવાઓ બનાવવામાં ઉપયોગી બને એમ છે. સુકાયેલા વાંસના બે ટૂકડામાંથી અગ્ની પ્રજવલિત કરવી, બે પથ્થરો ઘસી અગ્ની પ્રજવલિત કરવી, મહુડાની ડોળીમાંથી તેલ કાઠવું, મહુડાના ફૂલમાંથી દારૂ બનાવવું, વિવિધ વૃક્ષોના બીજમાંથી મશાલ બનાવવી, વગેરે ક્ષમતાઓ આદિવાસીના ઊર્જાશક્તિના નમૂના છે. ગીલોલ બનાવવી, ગોફણ બનાવવી એ પણ આદિવાસીની ટેકનોલોજીની શરૂઆતની અવસ્થા ઘણી શકાય. પરંપરાગત ઓષધનું જ્ઞાન પણ એમને નાનપણથી જ મળે છે.

ઉપરોક્ત બાબતો જોતા આદિવાસીઓ પાસે કેટલી બધી ક્ષમતાઓ છે. એ ક્ષમતાઓને તાલીમ આપી જરૂરી સંશાધનો પુરા પાડી તેમની ક્ષમતામાં વધારો કરી શકાય છે. એમીની પરંપરાગત ક્ષમતાઓ જોતા એમનામાં ઓરોગ્ય સારવારલક્ષી ક્ષમતા, એન્જીનિયરને લગતી ક્ષમતા, આર્કિટેકને લગતી ક્ષમતા, કલાઓની ક્ષમતા, મેનેજમેન્ટની ક્ષમતા, શોધને લગતી ક્ષમતા, વગેરે ક્ષમતાઓ તેમનામાં નિર્માણ કરવાની પુરી ક્ષમતા રહેલી છે. એ માટે તેમને થોડુ શિક્ષણ અને તાલીમની આપવાની જરૂર છે. તેમની પાસે રહેલી પરંપરાગત ટેકનોલોજી અને કલાઓની ક્ષમતામાં વધારો કરી આદિવાસીઓના જીવનને વધું સુખમય બનાવી શકાય તેમ છે.

### 4.8 શ્રમ, મજૂરી અને રોજગારીની તકો

આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તેમ છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે. આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે. ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે. આદિવાસી વિસ્તારમાં અન્ય પ્રદેશમાંથી આવી જે કારીગરો કામ કરે છે. એ કારીગરીની તાલીમ આદિવાસીઓને જ આપવામાં આવે તો પુરતી રોજગારી મળી રહે તેમ છે. આદિવાસી વિસ્તારમાં થતા વિકાસના કામોમાં આદિવાસીઓને જોડવામાં આવે તો સ્થાનિક રોજગારીઓ મળી રહે તેમ છે. ટેકટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે. સ્થાનિક ઊર્જાશક્તિનો ઉપયોગ કરીને વિકાસકામો કરવાથી પણ શ્રમ અને રોજગારીને તકો વધારી શકાય છે.

# 5. વિકાસની કાર્યયોજના

આદિવાસીઓના વિકાસ માટે આઝાદી પછી સતત પ્રયાસ સરકાર, સંસ્થાઓ, સંગઠનો અને કેટલાક વ્યક્તિગત રીતે કરી રહ્યા છે. છતાં આજ સુધી બીજા બધાના હરોળમાં આપણે આદિવાસી સમુદાયને લાવી શક્યા નથી. એનુ એક કારણ તો એ લાગે છે કે એમના વિકાસનું કાર્ય આયોજન તેમની સાંસ્કૃતિક, સામાજિક અને ભોગોલિક સ્થિતિ પ્રમાણે થતું નથી. બજેટ ફાળવવાથી કે બજેટ વાપરી નાખવાથી વિકાસ થવાનો નથી. જ્યાં સુધી જે લોકોનો વિકાસ કરવાનો છે, તેમની જરૂરિયાતને ધ્યાનમાં રાખવામાં નહી આવે ત્યાં સુધી વિકાસ થઈ શકવાનો નથી. એ ઉપરાંત જેમનો વિકાસ કરવાનો છે, એમની ભાગીદારી પણએટલી જ જરૂરી છે. આથી આધિવાસી સમુદાયના વિકાસ માટે એમને જીવનશૈલી , એમની સાંસ્કૃતિક પરંપરા તથા તે જે વિસ્તારમાં રહે છે તેને ભોગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી વિકાસ માટે કાર્યયોજના કરવી જોઈએ.

## 5.1 શૈક્ષણિક વિકાસની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારમાં આંગણવાડીથી પ્રાથમિક શિક્ષણ સુધીનું શિક્ષણ સ્થાનિક ભાષામાં આપવું જોઈએ. જેથી શરૂઆતથી જ પાયો મજબુત કરી શકાય. અને ગુજરાતી ભાષાનો ભય દુર કરી શકાય.
- આદિવાસી વિસ્તારમાં ઉચ્ચશિક્ષણ સુધીનું શિક્ષણ નિવાસી શિક્ષણ હોવું જોઈએ. એટલે કે છાત્રાલયની સુવિધા હોવી જોઈએ. જેથી ખર્ચનું ભારણ ઘટાડી શકાય.
- આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળા સ્વરૂપનું શિક્ષણ વધુ અનુકુળ આવે તેમ છે. પરંતુ એ આશ્રમશાળાના શિક્ષણમાં આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાને અભ્યાસક્રમાં જોડીને શિક્ષણ અપાવું જોઈએ.
- માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકના શિક્ષણમાં પણ આદિવાસીની ક્ષમતાઓને સ્થાન મળે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.
- આદિવાસી વિસ્તારની આઈ.ટી.આઈમાં જે કોર્ષ ચાલે છે તેની સાથે આદિવાસી જે પરંપરાગત કલા-કૌશલ્યો છે, તેની તાલીમ મળી રહે તે રીતે કોર્ષ દાખલ કરવા જોઈએ. આ શૈક્ષણિક સંસ્થાઓમાં પરંપરાગ વ્યવસાય સાથે સંકળાયેલા જ્ઞાનનું ક્ષમતાવર્ધન કરે તેવા શિક્ષણને પ્રાધાન્ય આપવું જોઈએ.
- ગણિત અને વિજ્ઞાનના અભ્યાસક્રમના ઉદાહરણોમાં આદિવાસી પરિવેશ પ્રગટતો હોવો જોઈએ.

- આદિવાસી વિસ્તારમાં સ્થાનિક ભાષાના જાણકાર શિક્ષકોની નિમણૂંક કરવી જોઈએ.
- ઉચ્ચશિક્ષણના અભ્યાસક્રમોમાં પણ આદિવાસીની સાંસ્કૃતિક વિરાસતને સ્થાન મળે તેવા અભ્યાસક્રમો હોવા જોઈએ.
- શિક્ષણ અને વિદ્યાર્થીને જરૂરિયાતનો તમામ ખર્ચ સરકાર ઉઠાવે તેવું આયોજન કરવું જોઈએ.
- એકલવ્ય સ્કૂલ, આદર્શ નિવાસીશાળા, સરકારી શાળા, સંસ્થાસંચાલિત શાળાઓ, આ બધા જ પ્રકારની શાળાઓનું સ્વરૂપ એક જ સરખું કરવું જોઈએ. જેથી આદિવાસીઓમાં શિક્ષણ વધારવા એક સરખું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- તબિબિ શિક્ષણમાં આર્યુવેદિક શિક્ષણમાં આદિવાસી પાસે રહેલ પરંપરાગત જ્ઞાનને પણ સ્થાન આપવું જોઈએ.
- આદિવાસી બાળકો વૈશ્વિકપ્રવાહથી વંચિત ન રહી જાય તેની કાળજી રાખવી પડશે. લોકલથી વૈશ્વિક પ્રવાહનું શિક્ષણ આપવું જોઈએ..
- આદિવાસીઓની પરંપરાગત ક્ષમતાઓને ધ્યાનમાં રાખી એન્જીનિયરીંગ અને પોલીટેકનિક જેવી કોલેજોમાં ટ્રેડ પસંદગી માટે માર્ગદર્શન આપવું જોઈએ.
- આદિવાસીઓનું સંગીત, રમત-ગમત અને અન્ય કલા-કૌશલ્યોનું વિકાસ થાય તેવા તાલીમ સેન્ટરો ઊભા કરવા જોઈએ.

## 5.2 આરોગ્ય વિકાસની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારના કુપોષણના ઓની પરંપરામાં જોવા મળે છે કે, આરોગ્યલક્ષી પ્રશ્નોમાં હંમેશા તેઓ દૂર્લક્ષ સેવે છે. કોઈપણ બિમારી વખતે તેઓ પહેલા ઘરેલું ઉપચારને પ્રાધાન્ય આપે છે. અથવા તો એમની પાસે પરંપરાગત ઔષધિઓનું જ્ઞાન છે, તેવી ઓષધિઓનો ઉપયોગ કરે છે. આદિવાસીઓનો રહેઠાણનું સ્થાન, મજૂરીનું ક્ષેત્ર, સુવિધાઓ ઉપરાંત તેમની પાસે ઉપલબ્ધ સંસાધનો જોતા તેઓ બિમારીના ભોગ બને  જલદી બની શકે છે. એક તો નાનપણથી જ કુપોષણના ભોગ બન્યા હોય છે. આથી સ્વાભાવિક રીતે જ તેમની પાસે રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. આથી તેઓ જલદી રોગના શિકાર બને છે. આથી આરોગ્યની જાગૃતિ માટે સતત પ્રયાશ કરવાની જરૂર છે. તેમ જ બાળકો કુપોષણના ભોગ ન બને તેની કાળજી રાખવી પડશે. આદિવાસી વિસ્તારમાં જે રોગોનું પ્રમાણ વધુ હોય તે રોગોનું કારણ શોધી તેના નિરાકરણ માટે વ્યવસ્થાપન કરવું જોઈએ. સિકલસેલ જેવા પરંપરાગત રોગો

અંગે વિશેષ જાગૃતિ લાવવાની જરૂર છે. મેલેરિયા, ટાઈફોડ જેવા રોગો આદિવાસીઓમાં સામાન્ય થઈ ગયા છે. તેની સામે રક્ષણ ભરવા માટે જરૂરી પગલા લેવા જોઈએ. આદિવાસીઓમાં ચામડીના રોગો પણ વિશેષ જોવા મળે છે. તે અંગે જાગૃતિની જરૂર છે. સ્ત્રીરોગ અંગે પણ ખાસ જાગૃતિ જોવા મળતી નથી. એ ક્ષેત્રે પણ વિશેષ વિચાર કરવાની જરૂર છે. આંખ અને દાંતના રોગોનું પ્રમાણ પણ હવે વધવા લાગ્યું છું. તે અંગે અગમચેતીના પગલા ભરવાની જરૂર છે. એક રીતે જો શિક્ષણનું પ્રમાણ વધે તો આરોગ્યના પ્રશ્નોમાં આપોઆપ ઘટાડો કરી શકાય તેમ છે..

## 5.3 ખેતી વિકાસની કાર્યયોજના

- આદિવાસીઓ પાસે રહેલ ખેતી અંગેનું જ્ઞાનને વર્તમાન ટેકનોલોજી સાથે જોડી ખેતીક્ષેત્રે વિકાસની તકો જોવી જોઈએ. આ પ્રકારની ખેતી જમીન અને પાક બંન્નેને ઉપકારક બને છે.
- જમીન વગરના આદિવાસીઓ પાસે તેમને વર્ષમાં જરૂરરિયાત પુરતું અનાજ પકવી શકે તેટલી જમીન ઉપલબ્ધ કરાવી જોઈએ.
- જ્યાં પિયતની સગવડ ઊભી કરી શકાય તેમ છે. તેવા વિસ્તારમાં પિયતની સગવડ ઊભી કરવી જોઈએ.
- જંગલની સાથે રહીને જે લોકો ખેતી કરે છે, તેમની જમીન હજી રસાયણોથી મૂક્ત છે. આવા જમીન ધારકોને સજીવખેતી તરફ વાળી શકાય. એમની પાસે પરંપરાગત જે ખેતીનો અનુભવ છે, તેને વૈજ્ઞાનિક અભિગમથી વિકસાવી શકાય.
- આદિવાસી પાસે પરંપરાગત ધાન્ય છે. તે ધાન્યને પ્રોત્સાહન મળે તે રીતે ખેતીનો વિકાસ કરવો જોઈએ. પરંપરાગત ધાન્યમાં રહેલી પોષ્ટિકતા વિશે પણ તેમને અવગત કરવા જોઈએ. જેથી તે બીજા ધાન્ય તરફ આકર્ષાય નહી.
- વનમાં વૃક્ષોના ઉછેરને પણ ખેતી સાથે જોડવા જોઈએ. જે વૃક્ષો અને છોડ કે વેલ ઔષધની રીતે ઉપયોગી હોય, કે વન પેદાશની રીતે ઉપયોગી હોય તેવા વૃક્ષોની ઉછેરની જવાબદારી સાથે આદિવાસીઓને જોડી શકાય. જેને આપણે વનખેતી નામ આપી શકાય. આવી ખેતી પોતાની માલીકીની જમીનમાં પણ કરી શકે. ઉપરાંત સરકાર હસ્તકના જંગલોમાં પણ વનસમિતિઓને અમુક હક્કો આપી આ પ્રકારની ખેતીને પ્રોત્સાહન આપી શકાશે. આ પ્રકારની ખેતીથી બે ફાયદા થશે. એક તો એનાથી જંગલનું સરંક્ષણ થશે. બીજો એનાથી આદિવાસીઓને આર્થિક મદદ પણ મળશે.

- આદિવાસી વિસ્તારમાં સંસ્તા અનાજની દુકાનોમાંથી અપાતું અનાજ આદિવાસી વિસ્તારમાંથી જ ખરીદાયેલું હોવું જોઈએ. કારણ કે એમનો ખોરાક પણ એજ છે. આમ કરવાથી સ્તાનિક ખેડુતોને ખેતીક્ષેત્રે પ્રોત્સાહન મળશે.
- પરંપરાગત ધાન્યો સાથે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે કયા પાકો કરી શકાય તેની શક્યતાઓ શોધી એ પાકો તરફ બજાર અનુરૂપ ખેતી તરફ વાળવા જોઈએ.
- આદિવાસી વિસ્તાર સંપૂર્ણ સજીવખેતી તરફ લઈ જવો જોઈએ. એ સ્થિતિ તેમના આરોગ્ય અને પર્યાવરણ બંન્ને માટે ઉપકારક બનશે.
- આદિવાસી વિસ્તારમાં આદિવાસી સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખી કૃષિસંશોધન કેન્દ્રો શરૂ કરવા જોઈએ.

### 5.4 ગૃહ ઉદ્યોગ વિકાસની કાર્યયોજના

આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તે ખૂબ જરૂરી છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે. આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે. ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે. ટેકટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે.

### 5.4.1 જંગલ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણાં ગૃહઉદ્યોગો સ્થાપી શકાય તેમ છે. બીડી વાળવાનો ઉદ્યોગ, મધ ઉછેરનો ધંધો, ગુંદર આધારિત ઉદ્યોગ, લાખ આધારિત ઉદ્યોગ, સાબુ ઉદ્યોગ, બાજ-પડિયાનો ઉદ્યોગ, રતન જ્યોત આધારિત ઉદ્યોગ, ફળાવ વૃક્ષોનું વન, સફેદ મૂશળી, કાથા ઉદ્યોગ, વાંસ આધારિત ઉદ્યોગ, આમળા આધારિત ઉદ્યોગ, હરડે આધારિત ઉદ્યોગ, વન ઔષધિઓ આધારિત ઉદ્યોગ, ફર્નિચર ઉદ્યોગ, મહુડા આધારિત ઉદ્યોગ, વગેરે અનેક ગૃહઉદ્યોગો શરૂ કરી શકાય.
- ગૃહઉદ્યોગો આધારિત તાલીમસેન્ટરો ઊભા કરવા જોઈએ.
- ગૃહઉદ્યોગને મદદરૂપ બની શકે તેવા સાધનોની શોધ કરી પુરા પાડવા જોઈએ.
- જંગલમાંથી મળતો કાચો માલમાંથી વર્તમાનમાં બનતી વસ્તુઓ ઉપરાંત બીજી કઈ વસ્તુઓ બનાવી શકાય તેની શક્યતાઓ શોધી તે દિશામાં નવા ઉદ્યોગો પણ શરૂ કરવા જોઈએ.

- જંગલ આધારિત ગૃહઉદ્યોગો ચલાવાવા માટે જરૂરી તજજ્ઞો મળી રહે તે માટે આઈ.ટી.આઈ. જેવી સંસ્થા ઊભી કરી તેમાં આ ઉદ્યોગોને અનુરૂપ તજજ્ઞો તૈયાર કરવા જોઈએ.
- જંગલ આધારિત ગૃહઉદ્યોગોમાં વપરાતો કાચો માલ સતત મળી રહે તેનું આયોજન કરવું જોઈએ.
- જંગલ કે પર્યાવરણને લાંબાગાળે નુકશાન કરે તેવા ગૃહઉદ્યોગોને ટાળવા જોઈએ.
- જંગલ આધારિત સંશોધનકેન્દ્રો શરૂ કરવા જોઈએ. જેમાં આર્યુવેદિકનો પણ સમાવેશ કરી શકાય. તેમજ જંગલ ઉછેર અને જાળવણીનો પણ સમાવેશ થઈ જાય.

### 5.4.2 ખેતી આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના

- ખેતી આધારિત ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવું જોઈએ, જેમ કે ભીંડીની શરબત, દાળ, ટામેટા શોષ, જુદા જુદા મસાલા વગેરે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ.
- મગફળી, તલ, મકાઈ, રાઈડા, દીવેલા, કપાસ જેવા પાકોમાંથી તેલ સ્થાનિક કક્ષાએ સ્થાનિક ઊર્જાનો ઉપયોગ કરી કાઢી શકાય તેવું આયોજન કરવું જોઈએ.
- વિવિધ અનાજના લોટ ઓછા પરિશ્રમ સાથે બનાવી શકાય તેવી ટેકનોલોજી બનાવી તેનો ઉપયોગ આદિવાસી વિસ્તારમાં કરવો જોઈએ.
- વિવિધ પ્રકારના કઠોળ તૈયાર કરી શકાય.
- પરંપરાગત અનાજમાંથી વિવિધ પ્રકારના બિસ્કીટ કે ખાદ્ય સામગ્રી બનાવી શકાય.
- પાપડ ઉદ્યોગને વિકસાવવાની તકો પડેલી છે.
- કપાસ સાથે સંકળાયેલ કાપડ બનાવવાની જુદીજુદી પ્રક્રિયા સાથે જોડી રોજગારીની તકો ઊભી કરી શકાય.

## 5.5 જળ વિકાસની કાર્યયોજના

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારમાં વરસાદનું પ્રમાણ વધું હોય છે. પરંતું એ જ વિસ્તારમાં પાણીની સમસ્યા હોય તેવું પણ જોવા મળે છે. મોટા ભાગના આદિવાસી વિસ્તારમાં ખેતીમાં પિયતપાણીની સગવડ ઉપલબ્ધ નથી. તેના ઘણાં કારણો છે. એક તો ડુગરાળ વિસ્તાર છે. આથી નહેર પહોચાડવી અશક્ય છે. પાણીના તળ ઊડે ગયા છે. આથી સરળતાથી પરંપરાગત પદ્ધતિથી

પિયત કરી શકાય તેમ નથી. આવા સંજોગોમાં આદિવાસી વિસ્તારમાં જળવિકાસના કાર્ય યોજના અંગે વિચારવું ઘણું અગત્યનું છે.

### 5.5.1 જળ સંવર્ધનની કાર્યયોજના

- નર્મદા જિલ્લાનો વિસ્તાર મોટા ભાગે ડુગરાળ વિસ્તાર છે. આથી વરસાદ વધુ પડતો હોવા છતાં પાણી વહી જાય છે. આવા સંજોગોમાં વહી જતા પાણીને જમીનમાં ઉતારવા માટે આયોજન કરવું જોઈએ.
- નહેર દ્વારા પાણી પહોચાડવાની શક્યતા નહિવત હોવાથી સ્થાનિક ભૂગર્ભ જળનો ઉપયોગ પિયતમાં થાય તેવા પ્રયાસો કરવા જોઈએ.
- વધારે પાણીની જરૂર પડે તેવા પાકો આદિવાસી વિસ્તારમાં ટાળવા જોઈએ.

### 5.5.2 જળ આધારિત ગૃહઉદ્યોગની કાર્યયોજના

- નર્મદા જિલામાં સરદાર સરોવર, કરજણ જળાશય યોજના એ ઉપરાંત અનેક નાના – મોટા જળાશયો છે. નર્મદા, કરજણ જેવી મોટી નદીઓ પણ છે. અનેક તળાવો છે. આ બધાજ જળાશયોનો ઉપયોગ મત્સ્ય ઉદ્યોગ માટે કરી શકાય તેમ છે. આદિવાસીઓ પાસે પરંપરાગત માછલી પકડવાના અનુભવો છે. પરંતુ ઉછેરનો એટલો અનુભવ નથી. આથી માછલી ઉછેરની તાલીમ આપી મત્સ્યઉદ્યોગને વિકસાવાની પુરી તક રહેલી છે.

## 5.6 પશુપાલન આધારિત વિકાસની કાર્યયોજના

- નર્મદા જિલ્લા પાસે જંગલ વિસ્તાર વધું છે. આથી ઘાસચારાના સંદર્ભમાં વધારે મુશ્કેલી પડે તેમ નથી. આથી પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહન આપી શકાય તેમ છે.
- ઘેટા, બકરા, મરઘા, ગાય અને ભેસ જેવા પશુઓનો ઉછેર અને તેમના માધ્યમ થકી આર્થિક વિકાસની તકોમાં વધારો કરી શકાય તેમ છે.
- પશુપાલન વ્યવસાય માટે એક વસ્તુંનું ધ્યાન રાખવું પડશે, કે જેમની પાસે જમીન નથી એવા લોકોને જ્યારે પશુપાલનનો વ્યવસાય સાથે સાંકળવાનું થાય ત્યારે તેમની પાસે પુરક બીજો વ્યવસાય હોવો પણ જરૂરી છે.

- તેમને માત્ર પશુઓ આપી દેવાથી જ્યાં સુધી દૂધ મળશે ત્યાં સુધી તેઓ આ વ્યવસાયમાં ટકી શકશે. પરંતું દૂધ બંધ થતાની સાથે તેઓ આ વ્યવસાયમાં ટકી શકતા નથી. કારણકે પશુપાલન તેમના માટે ખર્ચાળ સાબિત થાય છે.

- જેમની પાસે જમીન નથી તેવા આદિવાસીઓને વૈકલ્પિક ઘાસચારાની વ્યવસ્થા અને પશુવ્યવસાયની સાથે વનઆધારિત કોઈ વ્યવસાય હોવો જરૂરી છે.

- જ્યાં સપાટ મેદાનો છે ત્યાં ભેંસ જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. તેમ જ જ્યાં પહાડી વિસ્તાર છે, ઘેટા, બકરા અને ગાય જેવા પશુઓનો વ્યવસાય વિકસાવી શકાય. જ્યારે મરઘા, બતક કે સસલા ઉછેરનો વ્યવસાય બંન્ને પ્રદેશમાં વિકસાવી શકાય તેમ છે.

### 5.7. વિસ્થાપન અને ખેતમજૂરો માટેની કાર્યયોજના

- આદિવાસી વિસ્તારમાં દરેક વ્યક્તિને કામ મળી રહે તેમ છે. તે માટે યોગ્ય આયોજનની જરૂર છે.

- આદિવાસી વિસ્તારમાં જંગલ આધારિત ઘણી રોજગારી મળી રહે તેમ છે. ખેતી આધારિત મજૂરી મળી રહે તેમ છે.

- ખેતી અને જંગલ આધારિત ગૃહઉદ્યોગો દ્વારા રોજગારી મળી રહે તેમ છે.

- આદિવાસી વિસ્તારમાં અન્ય પ્રદેશમાંથી આવી જે કારીગરો કામ કરે છે. એ કારીગરીની તાલીમ આદિવાસીઓને જ આપવામાં આવે તો પુરતી રોજગારી મળી રહે તેમ છે.

- આદિવાસી વિસ્તારમાં થતા વિકાસના કામોમાં આદિવાસીઓને જોડવામાં આવે તો સ્થાનિક રોજગારીઓ મળી રહે તેમ છે. ટેકટર, જેસીબી, ટ્રક જેવા સાધનોનો ઉપયોગ ટાળી શ્રમ અને મજૂરીની તકો વધારી શકાય તેમ છે.

- સ્થાનિક ઊર્જાશક્તિનો ઉપયોગ કરીને વિકાસકામો કરવાથી પણ શ્રમ અને રોજગારીને તકો વધારી શકાય છે.

## સંદર્ભગ્રંથોની યાદી


1. વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સંયાજીરાવ ત્રીજાનું પ્રદાન (1863-1939)

- કિશોરભાઈ ચૌધરી

2. આદિજાતિ પેટા યોજના બજેટ જોગવાઈ – 2018-19

3. વનબંધુ કલ્યાણ યોજના બજેટ જોગવાઈ – 2018-19

4. Government of Gujarat Annul Report of The Administrative of Scheduled Areas – 2018-19

5. Peoples Plan Campaign For Gram panchayat Development Plan (GPDP) -sabki Yojana Sabka vikas

6. Political Economy Of Tribal Development A Cas Study of Andra Pradesh

7. Pradhan Mantri Van Dhan Yojana (mera van – mera dhan- mera Udyam) – 200 daye Report march 2020

8. Guidelines for Mechanism for Marketing of Minor Forest Produce (MFP) Through Minimum Support Price (MSP) & Development of Value Chain for MFP 2018

9. ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, 2017

10. Monthly update on status of implementation of the Scheduled Tribes and Other TraditionalForest Dweller (Recognition of Forest Rights) Act,2006, Date - 24/08/2020

11. Land and Governance Under the Fifth Schedule – Guverment Of indiaa

12. राष्ट्रीय अनुसूचित जनजाति आयोग विशेष रिपोर्ट मई 2012

13. Fifth Schedule of the constitution, India

14 The scheduled Tribes and other Traditional Forest Dewellers (recognition Forest rights) act 2006

15. આદિવાસી વિકાસ દર્શન – વિદ્યુત જોષી

16. ગુજરાતનો વિકાસ – એક વણથંભી કૂંચ – લેન્સી લોબો

17. ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ વિઝન 2010 – સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ, સુરત

18. ભરૂચ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2015-16

19. ભરૂચ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2015-16

20. ભરૂચ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2016-17

21. ભરૂચ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2016-17

22. ભરૂચ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2017-18

23. ભરૂચ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2017-18

24. ભરૂચ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2018-19

25. ભરૂચ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2018-19

26. ભરૂચ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2019-20

27. ભરૂચ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2019-20

28. District Census Handbook A-B (DCHS) 2011

29. District Census Handbook A-B (DCHS) 2001

30. District Human Development Report (Bharuch) 2015

(Gujarat social Infrastructure Development society)GSIDS